અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
સેલ્ફી ક્રેઝમાં હિના ખાનનું સંતુલન ખોરવાયું....




**પેજ-09**
બુમરાહે લસિથ મલિંગાનો રેકોર્ડ તોડ્યો, આ સંદર્ભમાં વિશ્વનો નંબર વન બોલર બન્યો...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 23.00 |
| વડોદરા | 40.00 | 23.00 |
| સુરત | 39.00 | 24.00 |

પેજ 5



એલપીજી સિલિન્ડર બુકિંગના નવા નિયમોથી ગ્રાહકોમાં ભારે ફાળ

11 MARCH-2026 WEDNESDAY

ભારતે UNSCમાં અફઘાનિસ્તાન માટે અવાજ ઉઠાવ્યો, પાકિસ્તાની...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78205.98 | ▲ | 639.82 |
| નિફ્ટી | 24261.60 | ▲ | 233.55 |
| સોનું | 162879.00 | ▲ | 2580.00 |
| ચાંદી | 278000.00 | ▲ | 10840.00 |


વર્ષ-15 । અંક-118 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



# આપને આના પર વિશ્વાસ નહીં થાય!

## હા, આ અશક્ય લાગે છે - પણ આ સત્ય છે

**ભારતમાં પહેલી વખત**
**97% મહિલાઓને સન્માન,**
**પંજાબ સરકારનું ઐતિહાસિક પગલું**

## મુખ્યમંત્રી માવાં-ધીયાં સત્કાર યોજના

**હવે પંજાબની દરેક મહિલાઓને**
**₹1,000**
**પ્રતિ માસ**

**એસ.સી. વર્ગની મહિલાઓને**
**₹1,500**
**પ્રતિ માસ**

"પંજાબે આખા દેશ સમક્ષ મહિલા સશક્તિકરણનું નવું ઉદાહરણ આપ્યું છે. 'મુખ્યમંત્રી માવાં-ધીયાં સત્કાર યોજના' આ સાબિત કરે છે કે જો સરકારની નીતિ સ્પષ્ટ હોય તો દરેક ગેરંટી પૂરી કરી શકાય છે. જ્યારે દેશની અડધી વસ્તી આર્થિક રીતે સ્વતંત્ર બનશે, ત્યારે જ એક સશક્ત રાષ્ટ્રનું નિર્માણ થશે."

**ભગવંત સિંહ માન**
મુખ્યમંત્રી, પંજાબ



1092/18/2025-26/9288

**શાનદાર ચાર વર્ષ, ભગવંત માન દે નાલ**

સૂચના તેમજ જનસંપર્ક વિભાગ, પંજાબ

# કાયનાત અંસારીની ધરપકડ મુદ્દે દિલ્હીથી AAPનો પ્રહાર, પ્રિયંકા કક્કરે સરકારને ઘેરી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા કક્કરે ગુજરાતના એક ગંભીર મુદ્દે દિલ્હી ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં AAP રાષ્ટ્રીય નેતા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટીની એક કર્મઠ કાર્યકર્તાની ધરપકડ કરવામાં આવી છે. પૂર્વ કચ્છના જિલ્લા પ્રમુખ ડૉ. કાયનાત અંસારીએ 50થી વધુ વખત ગાંધીધામની પોલીસને ફરિયાદ આપી કે ક્યાં ક્યાં ગેરકાયદેસર દારૂ વેચાઈ રહ્યો છે. પરંતુ ગઈકાલે રાત્રે પોલીસે કાયનાત અંસારીને જ ગિરફતાર કરી લીધા. શું આ રીતે ગુજરાતમાં ગેરકાયદેસર દારૂનો કારોબાર બંધ થશે? એક આંકડા પ્રમાણે ગુજરાતમાં 40,000 કરોડનો ગેરકાયદેસર દારૂ વેચાય છે. કઈ રીતે આટલો મોટો ગોરખ ધંધો ચાલે છે? શા માટે કોઈ નથી પકડાતું? હકીકત એ છે કે ભાજપના એક એક નેતાઓ અને મંત્રીઓ આમાં સામેલ છે, માટે કોઈ કાર્યવાહી નથી થતી. વધુમાં AAP રાષ્ટ્રીય નેતા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીની ભાજપમાં એવા લોકોને પાર્ટીમાં લેવામાં આવે છે અને સાંસદ બનાવવામાં આવે છે, કેબિનેટ મિનિસ્ટર બનાવવામાં આવે છે જેઓ જાણીતા બુટલેગર છે. ગુજરાતમાં તસ્કર જ સરકાર ચલાવે છે. દરેક બોટલ પર દરેકનું કમિશન નક્કી હોય છે અને ખાલી કહેવા માટે નશાબંધી છે. હું ભાજપને કહેવા માગું છું કે તમે અમારા કાર્યકર્તાને જેલમાં નાખી રહ્યા છો પરંતુ અમારી સરકાર આવશે ત્યારે તમારા એક એક મંત્રીઓ જેલમાં જશે જેઓ આ ગોરખધંધામાં સામેલ છે. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકારે ખોટી રીતે નશાના કારોબારમાં જોડાયેલા 50,000 થી વધારે લોકોને ગિરફતાર કર્યા, એવી રીતે જ ગુજરાતમાં પણ ભાજપાના નેતાઓને છોડવામાં નહીં આવે. વધુમાં AAP રાષ્ટ્રીય નેતા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે, ડૉ. કાયનાત અંસારીએ અલગ અલગ સમયે 50 જેટલી પોલીસ ફરિયાદો કરી પરંતુ જ્યારે પોલીસે કોઈ એક્શન ન લીધું, ત્યારે કાયનાત અંસારીએ પોતે જનતા સાથે મળીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ કરી હતી. આ દરમિયાન તેઓએ એક વીડિયોમાં તમામના ચહેરાઓ દેખાડ્યા અને એ વિડીયો વાયરલ થઈ ગયો, જેથી ગુજરાતની ભાજપ સરકાર પરેશાન થઈ ગઈ. વાયરલ વીડિયોમાં દેખાઈ રહેલા અપરાધીઓ વિરુદ્ધ કોઈ કેસ ન થયો અને તેમને કોઈ જેલ ન થઈ પણ જનતા રેડ કરનાર કાયનાત અંસારીને જ જેલમાં નાખી દેવામાં આવ્યા. ભાજપે સમજવું પડશે કે અમે આમ આદમી પાર્ટીના લોકો તમારી જેલોથી નથી ડરતા. ભાજપે સમજવું પડશે કે બાપુના ગુજરાતમાં દારૂ વેચવો અને દારૂ પીવો એ ગેરકાયદેસર છે, અને આવા લોકો પર એક્શન લેવામાં આવે.

# ચાર લાખ કરોડના બજેટથી સામાન્ય લોકોને કોઈ રાહત નહીં : મનોજ સોરઠીયા


અમદાવાદ : સુરતના ગોથાણ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ક્ષેત્રીય બુથ કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, ગુજરાત પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના દક્ષિણ ઝોનના બુથ લેવલના હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા અને સાથે સાથે મોટી સંખ્યામાં સુરતના જાગૃત લોકો પણ હાજર રહ્યા હતા. આ તકે સભાને સંબોધન કરતા આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રીસ વર્ષથી જે સરકાર સત્તામાં છે, તેની સામે લડવાનો અને તેને સત્તાથી દૂર કરવાનો સૌથી સારો સમય આવી ગયો છે. આજે ગુજરાતમાં આપણે સૌ જોઈ રહ્યા છીએ કે આપણા દુઃખ-દર્દ સાંભળનાર કોઈ નથી. સુરત જેવું મહાનગર હોય કે ગામડાં, લોકો આજે પણ મૂળભૂત સુવિધાઓથી વંચિત છે. છેલ્લા ત્રીસ વર્ષમાં ભાજપે માત્ર ભ્રષ્ટાચાર કર્યો છે. જાહેર નાણાંનો દુરુપયોગ થયો છે અને અનેક



યોજનાઓ માત્ર નેતાઓના ઘર ભરવા માટે જ બનાવવામાં આવી છે. હમણાં ગુજરાતનું બજેટ ચાર લાખ કરોડ રૂપિયાનું રજૂ થયું, પરંતુ એ બજેટથી સામાન્ય લોકોને કોઈ ખુશી કે રાહત મળી નથી. લોકોના ચહેરા પર સ્મિત આવ્યું નથી. ગુજરાતના સામાન્ય લોકોને કોઈ ફાયદો થયો નથી, પરંતુ ભાજપના કોન્ટ્રાક્ટરો, નેતાઓ, ધારાસભ્યો અને સાંસદોના ઘરે મીઠાઈ વહેંચાઈ રહી છે. કારણ કે આ ચાર લાખ કરોડમાંથી મોટો હિસ્સો તેમના ઘરમાં જવાનો છે. મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે બીજી તરફ પંજાબમાં, બે દિવસ પહેલાં બજેટ રજૂ થયું અને ત્યાંની સરકારે દરેક મહિલાને હજાર રૂપિયા આપવાની યોજના માટે બજેટ પાસ કર્યું. તેથી પંજાબની મહિલાઓ ખુશી સાથે ઉજવણી કરી રહી છે. સરકાર એવી હોવી જોઈએ કે બજેટ આવે ત્યારે લોકો ખુશ થાય નેતાઓ કે કોન્ટ્રાક્ટરો નહીં, પરંતુ સામાન્ય જનતા ખુશ થાય. એવું લાગી રહ્યું છે કે ગુજરાતમાં હવે આપણાં નેતાઓ પણ સુરક્ષિત નથી. હું કહેવા માંગું છું કે અમરેલીમાં એક વખત આપણા નેતાઓ પર ધારાસભ્યની હાજરીમાં જ હુમલો થયો હતો. એ જીવલેણ હુમલો હતો, છતાં કોઈ ખાસ કાર્યવાહી થઈ નથી. કાયદો અને કાયદાનું કામ કરવાની વાત કરનારા લોકો પણ આપણાં નેતાઓને સુરક્ષા આપી શકતા નથી. આ પરિસ્થિતિનો રેલો હવે આખા ગુજરાતના ઘર-ઘર સુધી પહોંચી ગયો છે, અને હવે તો આ રેલો આપણા ઘર સુધી પણ આવી ગયો છે.ગુજરાતને જંગલરાજ બનાવનાર આવી વ્યવસ્થાને હવે ઘરે બેસાડવાનો સમય આવી ગયો છે.

# વિસાવદરના યાત્રાધામોના વિકાસ માટે વિધાનસભામાં ગોપાલ ઈટાલિયાની રજૂઆત

અમદાવાદ : આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પોતાના મતવિસ્તારમાં આવેલ યાત્રાધામોના વિકાસ અંગે મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે 10 માર્ચ 2026ના રોજ વિધાનસભામાં ઉદ્યોગ, યુવા, સાંસ્કૃતિક અને પ્રવાસન વિભાગના મંત્રીની માંગણીઓ પર ચર્ચા દરમિયાન તેમણે પોતાના વિસાવદર મતવિસ્તાર તેમજ ગુજરાતના કેટલાક મહત્વના મુદ્દાઓ અંગે રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે વિસાવદર મતવિસ્તારના મતદાતાઓએ તેમને એ લાયક બનાવ્યા છે કે તેઓ વિધાનસભામાં આવી પોતાના વિસ્તારના પ્રશ્નો સરકાર સુધી પહોંચાડી શકે. તેમણે કહ્યું



કે વિસાવદર મતવિસ્તાર ભગવાનના આશીર્વાદથી સમૃદ્ધ છે અને અહીં અનેક પવિત્ર યાત્રાધામો, પૌરાણિક સ્થળો અને શ્રદ્ધાના કેન્દ્રો આવેલાં છે. તેમણે ખાસ કરીને જણાવ્યું કે દર વર્ષે યોજાતી ગીરનાર પરિક્રમાનો મોટો ભાગ વિસાવદર મતવિસ્તારથી પસાર થાય છે. હજારો વર્ષોથી ચાલતી આ પૌરાણિક પરિક્રમામાં દર વર્ષે લાખો યાત્રાળુઓ ભાગ લે છે. તેથી આ પરિક્રમા માર્ગનો વિકાસ કરવો જરૂરી છે. તેમણે સરકાર સમક્ષ માંગણી કરી કે આ માર્ગ પર સારા રસ્તાઓ, રાત્રિ રોકાણની વ્યવસ્થા, લાઈટિંગ, ફોન ચાર્જિંગ સહિતની મૂળભૂત સુવિધાઓ ઉભી કરવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યું કે તેમના મતવિસ્તારમાં અનેક પવિત્ર સંતોના સ્થાન આવેલાં છે, જેમ કે સતાધાર ખાતે સંત આપા ગીગાનું સમાધિસ્થળ, મોણિયા ગામે નાગબાઈનું ધામ, પરબવાવડી ખાતે સંત દેવીદાસ બાપુ અને અમર માની સમાધિ આ તમામ યાત્રાધામો સાથે અનેક ધાર્મિક કથાઓ અને લોકઆસ્થાઓ જોડાયેલી છે. ગોપાલ ઈટાલિયાએ સરકાર સમક્ષ માંગણી કરી કે આ તમામ યાત્રાધામોને જોડતા રસ્તાઓ સુધારવામાં આવે, બસ સેવા વધારવામાં આવે, પાર્કિંગની સુવિધા ઉભી કરવામાં આવે તેમજ તહેવારો દરમિયાન આવતા યાત્રાળુઓ માટે રહેવાની, સ્નાન કરવાની અને ખાસ કરીને મહિલાઓ માટે ટોયલેટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે. સાથે સાથે યાત્રાધામોની માહિતી માટે હેલ્પડેસ્ક સ્થાપવામાં આવે અને રેલવે કનેક્ટિવિટી પણ આપવામાં આવે. તેમણે એક મહત્વનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું કે ગુજરાતમાં સૌથી વધુ સંખ્યાબળ ધરાવતો કોળી સમાજ છે. અને આ સમાજનું મુખ્ય શ્રદ્ધા કેન્દ્ર સંત વેલનાથ બાપુ છે. પ્રવાસનના નામે સરકાર કરોડો રૂપિયા ખર્ચે છે, પરંતુ સંતશ્રી વેલનાથ બાપુના જન્મસ્થાન પલાસવા ગામે આવેલ ઐતિહાસિક ધૂણાનો આજ સુધી કોઈ વિકાસ કરવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું કે સંત વેલનાથ બાપુના જીવન અને કાર્યે સમાજને દિશા આપી છે.


**પશ્ચિમ રેલવે**
**સામગ્રી પ્રબંધન વિભાગ**
**વિવિધ સામગ્રીનો પુરવઠો**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ ક્રમાંક S/12/2026 તારીખ 06.03.2026

| અ.નં. | ટેન્ડર નં. | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 80 | 10251043 | અર્થિંગ કેબલ કમ્પ્લીટ, જે RCF ડ્રોઈંગ નં. LW-71245 Alt 'd' ને અનુરૂપ હોય | 6777 નંગ | 06-Apr-26 |
| 81 | 27245038C | 5 વર્ષના AMC સાથે બેટરીથી ચાલતું રેલ ચેમ્ફરિંગ મશીન | 172 નંગ | 03-Apr-26 |

વિગતવાર નોટિસ EMD, ખરીદીના પ્રતિબંધો અને ટેન્ડરની વિગતવાર શરતો માટે, મહેરબાની કરીને વેબસાઈટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 1198

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly


### પંચાયત સેવામાં ૬૦૦૦થી વધુ જગ્યાઓ માટે ભરતી થશે: મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત વિધાનસભામાં પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર ચર્ચા દરમિયાન મંત્રી ઋષિકેશ પટેલએ જણાવ્યું હતું કે રાજ્યમાં પંચાયત સેવાના વિવિધ સંવર્ગોમાં અંદાજે ૬૦૦૦થી વધુ જગ્યાઓ માટે આ વર્ષે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં પંચાયત પ્રભાગ માટે રૂ. ૯૩૭૮.૭૮ કરોડ અને ગ્રામ વિકાસ પ્રભાગ માટે રૂ. ૫૪૭૯.૦૭ કરોડ મળીને કુલ રૂ. ૧૪,૮૫૭.૮૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા સેવાઓને વેગ આપવા રાજ્ય સરકારે રૂ. ૬૫૦ કરોડના ખર્ચે મુખ્યમંત્રી નિર્મળ ગ્રામ યોજના શરૂ કરી છે.

# એટ્રોસિટી એક્ટનો સરકાર દુરુપયોગ કરી રહી છે: કૈલાશદાન ગઢવી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના કચ્છ ઝોન કાર્યકારી પ્રમુખ કૈલાસદાન ગઢવીએ એક પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી મીડિયાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના લડાયક નેતા અને કચ્છ (પૂર્વ) પ્રમુખ ડૉ. કાયનાત અંસારી આથા કચ્છને નશામુક્ત કરવા માટે લડત લડી રહ્યા છે, જેના કારણે ભાજપના પેટમાં લડાયું છે કારણ કે તેમના આવકના સ્ત્રોત બંધ થવા માંડ્યા છે. અગાઉ પણ ડૉ.કાયનાત અંસારી આથાએ રેડ પાડી હતી પરંતુ પોલીસે કોઈ કાર્યવાહી કરી ન હતી. ત્યારબાદ 19 તારીખે એસપી કચેરીમાં જાહેરમાં આવેદન આપવામાં આવ્યું જેમાં ગાંધીધામમાં જે 25 જગ્યાએ દારૂ વેચાઈ રહ્યો હોય, તેનું લીસ્ટ હતું. ત્યારે પોલીસે કહ્યું હતું કે દસ દિવસમાં દારૂના અડ્ડાઓ બંધ થઈ જશે પરંતુ કોઈ અડ્ડાઓ બંધ ન થવાના કારણે જનતા રેડનું આયોજન કરવામાં આવ્યું. આ જનતા રેડ દરમિયાન વિડીયોગ્રાફી પણ કરવામાં આવી અને પોલીસને જાણ કરવામાં આવી. ત્યારબાદ પોલીસે માલ જપ્ત કર્યો પરંતુ પોલીસે એફઆઈઆર કરી કે નહીં તેની અમને હજુ જાણ નથી. પરંતુ ત્યારબાદ ભાજપના હોદ્દેદારોએ અને પોલીસે મળીને એક આયોજન કર્યું કે કઈ રીતે કાયનાત અંસારી આથાને રોકવામાં આવે. જો કચ્છ નશામુક્ત થશે તો પોલીસ અને ભાજપના નેતાઓની બે નંબરની આવક બંધ થઈ જશે, માટે આ નશા મુક્તિના આંદોલનને રોકવા માટે કાવતરું ઘડવામાં આવ્યું. તો બે દિવસ બાદ એક ખોટો એટ્રોસિટી એક્ટનો કેસ બનાવવામાં આવ્યો અને ત્યારબાદ ડૉ. કાયનાત અંસારી આથાની ધરપકડ કરવામાં આવી. ડૉ. કાયનાત અંસારી સહિત દિગુભા ઉપર પણ કેસ કરવામાં આવે છે. દિગુભા સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો અને ઢસડીને તેમને લઈ ગયા. મારું સ્પષ્ટ પણે માનવું છે કે આ એક બોગસ કેસ છે એટ્રોસિટી એક્ટનો સરકાર દુરુપયોગ કરી રહી છે.ત્યારબાદ આમ આદમી પાર્ટીના નેતા દેવળીયાભાઈએ જણાવ્યું હતું કે, ડૉ. કાયનાત અંસારી આથાને ખોટી રીતે એટ્રોસિટી એક્ટ અંતર્ગત અરેસ્ટ કરવામાં આવ્યા છે.


## કબજો લેવા અંગેની નોટિસ

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 સાથે વાંચતા કલમ 13 (12) હેઠળ મળેલી સત્તાની રૂએ લેણદારો/સહ-લેણદારોને માંગણી નોટિસ જારી કરીને, નોટિસ મળ્યાના 60 દિવસની અંદર સંબંધિત નામો સામે દર્શાવેલ રકમ, તેના પર લાગુ પડતા વ્યાજ અને નોટિસની તારીખ સુધીના આનુષંગિક ખર્ચ, ચાર્જિસ વગેરેની ચુકવણી કરવા જણાવ્યું હતું.

| ક્રમ | લોન નં. | લેણદાર/ સહ-લેણદાર/ જામીનદાર/ ગીરો રાખનાર | 13(2) નોટિસની તારીખ/ બાકી રકમ (રૂ. માં) | કબજાની તારીખ/સમય અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 32149430000055 | 1) હસમુખભાઈ કોડરલાલ પરમાર, 2) મીનાબેન હસમુખભાઈ પરમાર | 19/11/2025, 17/11/2025 ના રોજ રૂ. 22,30,564/- (અક્ષરે રૂપિયા બાવીસ લાખ ત્રીસ હજાર પાંચસો ચોસઠ પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 07:50 AM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: ઈડર તાલુકાના ઈડર જિલ્લા સાબરકાંઠા ખાતે આવેલી બિન-ખેતીલાયક જમીન પરનું રહેણાંક બાંધકામ જેનો સિટી સર્વે નં. 5923 પૈકી મ્યુનિસિપલ નં. 2/371/473/10, આશરે 74.21 ચો.મી. છે. સીમાઓ: પૂર્વમાં: રોડ, પશ્ચિમમાં: ધનેશ્વર ડુંગરી, ઉત્તરમાં: 15.00 ચો.મી. પછી રોડ ગર્લ્સ હોસ્ટેલ, દક્ષિણમાં: સિટી સર્વે નં. 5923 ની બાકીની જમીન. | | | |
| 2 | 48369420000370 | 1) રામલાવત પાર્થ પ્રાણેશકુમાર, 2) રામલાવત દીતા પ્રાણેશકુમાર, 3) અતુલકુમાર હરેશકુમાર પટેલ | 14/11/2025, 12/11/2025 ના રોજ રૂ. 22,03,798/- (અક્ષરે રૂપિયા બાવીસ લાખ ત્રણ હજાર સાતસો અઠ્ઠાણું પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 12:15 PM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: બ્લોક/સર્વે નં. 626, 627, 628 પર બનેલી રહેણાંક મિલકત, ગુજરાત હાઉસિંગ બોર્ડ H.I.G 136+70, સ્કીમ 'પરિશ્રમ પાર્ક, ગોરવા' બ્લોક નં. 137 ક્ષેત્રફળ 72.10 ચો.મી, જે ગામ ગોરવા, તા. ગોરવા, જિલ્લો વડોદરામાં આવેલી છે. સીમાઓ: પૂર્વમાં: કોમન દાદર અને ફ્લેટ નં. 138, પશ્ચિમમાં: ફ્લેટ નં. 112, ઉત્તરમાં: રોડ, દક્ષિણમાં: ટેરેસ. | | | |
| 3 | 31790430000195 | 1) જાડેજા અશ્વિનભાઈ દોલતસિંહ, 2) જાડેજા કાંચનબેન | 18/10/2025, 15/10/2025 ના રોજ રૂ. 1,54,260/- (અક્ષરે રૂપિયા એક લાખ ચોપ્પન હજાર બસો સાઠ પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 04:15 PM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: ગામતળ જમીન પર બનેલી રહેણાંક મિલકત, ગામતળ મિલકત નં. 305 (જૂની મિલકત 205) જે આશરે 300.0 ચો.ફૂટ છે અને બેડજ, તા. મેઘરજ, જિલ્લો અરવલ્લીમાં આવેલી છે. સીમાઓ: પૂર્વમાં: રોડ, પશ્ચિમમાં: વાઘુ, ઉત્તરમાં: ત્રિવેદી કિરીટભાઈનું ખેતર, દક્ષિણમાં: જાડેજા મગનસિંહ માનસિંહનું ખેતર. | | | |
| 4 | 48369420000459 | 1) કુણાલ સુરેશકુમાર નાયી, 2) નાયી ગાયત્રીબેન કુણાલકુમાર | 13/10/2025, 09/10/2025 ના રોજ રૂ. 12,13,204/- (અક્ષરે રૂપિયા બાર લાખ તેર હજાર બસો ચાર પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 10:30 AM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: બિન-ખેતીલાયક જમીન બ્લોક/સર્વે નં. 30, પ્લોટ નં. 34 અને 35, 'નીલકમલ રેસીડેન્સી', ફ્લેટ નં. 5 (205) બીજો માળ, ક્ષેત્રફળ 52.044 ચો.મી., ગામ બળવંતપુરા, તા. હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા. સીમાઓ: પૂર્વમાં: પેસેજ, પશ્ચિમમાં: ખાનગી માલિકની મિલકત, ઉત્તરમાં: ફ્લેટ નં. 6, દક્ષિણમાં: ફ્લેટ નં. 4. | | | |
| 5 | 45189430000951 અને 45189410000451 | 1) અર્જુનભાઈ ચીમનભાઈ પરમાર, 2) મીનાબેન અર્જુનભાઈ પરમાર | 14/11/2025, 12/11/2025 ના રોજ રૂ. 18,87,253/- (અક્ષરે રૂપિયા અઢાર લાખ સિત્યાસી હજાર બસો ત્રેપન પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 10:30 AM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: સ્થાવર મિલકત જે સિટી સર્વે નં. 126/2 ક્ષેત્રફળ 84.67 ચો.મી., સી.એસ. નં. 126/5 ક્ષેત્રફળ 8.00 ચો.મી., પૈકી 50% ભાગ એટલે કે સી.એસ. નં. 126/2 ક્ષેત્રફળ 42.335 ચો.મી. અને સી.એસ. નં. 126/5 ક્ષેત્રફળ 4.00 ચો.મી. મોજે સુભાનપુરા, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરા, જિલ્લો વડોદરા. સીમાઓ: પૂર્વમાં: અન્ય મિલકત, પશ્ચિમમાં: રોડ, ઉત્તરમાં: અન્ય મિલકત, દક્ષિણમાં: અન્ય મિલકત. | | | |
| 6 | 45228640000729 | 1) મેસર્સ જય ગતરાળ ટેકનોકાસ્ટ, પ્રોપરાઈટરશીપ ફર્મ વતી શ્રીમતી સાંગાણી નયનાબેન સુરેશભાઈ અને શ્રી સાંગાણી સુરેશભાઈ લક્ષ્મણભાઈ, 2) શ્રીમતી સાંગાણી નયનાબેન સુરેશભાઈ, 3) શ્રી સાંગાણી સુરેશભાઈ લક્ષ્મણભાઈ | 11/11/2025, 09/11/2025 ના રોજ રૂ. 31,01,247/- (અક્ષરે રૂપિયા એકત્રીસ લાખ એક હજાર બસો સુડતાલીસ પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 04:45 PM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: કોઠારીયા સિટી વોર્ડ નં. કોઠારીયા, સિટી સર્વે નં. 307, જિલ્લો રાજકોટની 71-76 ચો.મી. જમીન પર આવેલું રહેણાંક મકાન. સીમાઓ: ઉત્તરમાં: સિટી સર્વે નં. 299, 300, 301, દક્ષિણમાં: રોડ, પૂર્વમાં: સિટી સર્વે નં. 302, પશ્ચિમમાં: સિટી સર્વે નં. 308. | | | |
| 7 | 32110430000370 | 1) વડાલસિંગ અભેસિંગ જાદવ, 2) શિલ્પાબા વડાલસિંગ જાદવ | 18/08/2025, 14/08/2025 ના રોજ રૂ. 3,76,584/- (અક્ષરે રૂપિયા ત્રણ લાખ છોતેર હજાર પાંચસો ચોર્યાસી પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 11:35 AM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: ગામતળ મિલકત નં. 328 (જૂની મિલકત નં. 292), જેનું કુલ ક્ષેત્રફળ 61.34 ચો.મી. (660.00 ચો.ફૂટ) (55 X 12) છે, જેના પર બાંધકામ આવેલું છે, ઠાકોર વાસ, જાદવ વાસ, પંચાયત પાસે, જે મોજે ગામ સામૌ નાનાવાસ, તાલુકો ડીસા, જિલ્લો બનાસકાંઠામાં આવેલું છે. સીમાઓ: ઉત્તરમાં: જાદવ શાંતુસિંગનો પ્લોટ, દક્ષિણમાં: જાદવ નાથુસિંગ ચેહરસિંગનું ઘર, પૂર્વમાં: દેવસિંગ શિવસિંગ જાદવનું ઘર, પશ્ચિમમાં: રોડ. | | | |
| 8 | 36499430000566 અને 36499410000534 | 1) હંસોરા હરિલાલ જયંતિલાલ, 2) હંસોરા કિરણબેન હરિલાલ | 14/10/2025, 12/10/2025 ના રોજ રૂ. 13,18,607/- (અક્ષરે રૂપિયા તેર લાખ અઢાર હજાર છસો સાત પૂરા) | તારીખ: 08/03/2026 સમય: 08:55 AM ભૌતિક કબજો |
| | સુરક્ષિત મિલકતનું વર્ણન: ઉપલેટા રેવન્યુ સર્વે નં. 103P2P1 અને 2, તા. ઉપલેટા, જિલ્લો રાજકોટ ખાતે 'તુલસી પાર્ક' તરીકે જાણીતા પ્લોટ નં. 55 પરનું રહેણાંક મકાન, જેની જમીન 88-61 ચો.મી. છે. સીમાઓ: ઉત્તરમાં: પ્લોટ નં. 54, દક્ષિણમાં: પ્લોટ નં. 56, પૂર્વમાં: 7-50 મી. રોડ, પશ્ચિમમાં: પ્લોટ નં. 64. | | | |

જ્યારે, ઉપર જણાવેલ લેણદારો/સહ-લેણદારો/જામીનદારો/ગીરો રાખનારાઓ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે, આથી ખાસ કરીને ઉપર જણાવેલ લેણદારોને અને સામાન્ય રીતે જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ ઉપર દર્શાવેલ તારીખોએ સદર કાયદાની કલમ 13 (4) અને સદર નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ ઉપર વર્ણવેલી મિલકતો/સુરક્ષિત અસ્કયામતોનો કબજો લીધો છે. ઉપર જણાવેલ લેણદારો/સહ-લેણદારો/જામીનદારો/ગીરો રાખનારાઓ અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત અસ્કયામતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને સદર મિલકતો/સુરક્ષિત અસ્કયામતો સાથેનો કોઈપણ વ્યવહાર જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

સ્થળ: અમદાવાદ
તારીખ: 11.03.2026

સહી/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ વતી

**જના સ્મોલ ફાયનાન્સ બેંક** (એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)
રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં. 10/1, 11/2 અને 12/2B, ડોમલુર પાસે, કોરમંગલા ઈનર રિંગ રોડ, EGL બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગલોર-560071. રીજનલ બ્રાન્ચ ઓફિસ: 208 થી 213, બીજો માળ, સાંગ્રીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, 100 ફીટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-380015.


# ખાનગી વીજ ઉત્પાદન કંપનીઓ બેફામપણે ખેડૂતો પર અત્યાચાર કરી રહી છે : હેમંત ખવા

અમદાવાદ : ગાંધીનગર વિધાનસભામાં ચાલેલી પ્રશ્નોત્તરી મામલે મીડિયા સાથે વાત કરતાં આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખૂબ લાંબો દરિયાકાંઠો હોવાને કારણે આ વિસ્તારોમાં પવનચક્કીની કંપનીઓ કામ કરી રહી છે. આ પવનચક્કી દ્વારા ઉત્પન્ન થતી વીજળીને પરિવહન કરવા માટે કંપનીઓ દ્વારા હવે ખેડૂતોના ખેતરોમાં આડે-અવળે વીજ લાઈનોના ભારે ટાવરો નાખવામાં આવી રહ્યા છે. આ ટાવરો નાખવા માટે હાલમાં 1885નો ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, એટલે કે અંગ્રેજોના જમાનાનો બનાવેલો કાયદો અમલમાં છે. અંગ્રેજોએ તે સમયે નાની લાઈનો પસાર કરવા માટે જે કાયદો બનાવ્યો હતો, એ કાયદાની અંદર રહીને આજે ખાનગી વીજ ઉત્પાદન કંપનીઓ બેફામપણે ખેડૂતો પર અત્યાચાર કરી રહી છે. આપણે ગર્વથી કહીએ છીએ કે સોલાર અને પવનચક્કી ઊર્જામાં ગુજરાત રાજ્ય નંબર વન છે, પરંતુ દુર્ભાગ્ય છે કે ગુજરાતમાં આ માટે કોઈ નક્કર કાયદા નથી. આપણો દેશ આજે સ્વતંત્ર થયા પછી પણ ઘણા વર્ષો વીતી ગયા, છતાં હજુ સુધી અંગ્રેજોએ બનાવેલા કાયદા મુજબ જ ખેડૂતો પર દમન કરવામાં આવી રહ્યું છે. હેમંત ખવાએ વધુમાં જણાવ્યું હતું કે આજે વિધાનસભા ગૃહમાં ઊર્જા વિભાગ, ઉદ્યોગ વિભાગ અને મહેસૂલ વિભાગની માંગણીઓ પર ચર્ચા દરમિયાન મેં મારા વિચારો રજૂ કર્યા અને સરકારનું ધ્યાન દોર્યું કે વહેલી તકે આ બાબતે કોઈ નક્કર કાયદો બનાવવામાં આવે. અંગ્રેજોએ પણ જે કાયદો બનાવ્યો હતો તેમાં એક પ્રાવધાન હતું કે શક્ય હોય ત્યાં સુધી આવી વીજ લાઈનો બિનઉપજાઉ જમીન અથવા સરકારી પડતર જમીનમાંથી પસાર કરવી. પરંતુ હાલમાં અંગ્રેજોના સીધીલીટીના વારસદારો દ્વારા તમામ નિયમોનું ઉલ્લંઘન કરીને બેફામપણે ખેડૂતોના ખેતરોમાંથી વીજ લાઈનો પસાર કરવામાં આવી રહી છે. હાલમાં મોટા પ્રમાણમાં ખેડૂતોની ખેતીની જમીનમાંથી વીજ લાઈનો પસાર કરવામાં આવી રહી છે.

# ગરીબોને મફત વીજળી પર મજાક અને ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયાની રાહત

અમદાવાદ : આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભાજપની પોલ ખુલી જાય એવી માહિતી આજે સામે આવી છે. 2022ની વિધાનસભા ચૂંટણી પહેલા અરવિંદ કેજરીવાલજીએ જાહેરાત કરી હતી કે દિલ્હી અને પંજાબની જેમ ગુજરાતના લોકોને પણ મફતમાં વીજળી આપવામાં આવશે, ત્યારે ભાજપના લોકોએ આમ આદમી પાર્ટી અને ગુજરાતના ગરીબ લોકોની મજાક ઉડાવી હતી. ભાજપના લોકોએ કહ્યું કે "ગુજરાતમાં ગમે તેટલી મોંઘી વીજળી હશે તો પણ લોકોને પોસાશે." તો આજે વિધાનસભામાં મારો સવાલ હતો ત્યારબાદ જાણવા મળ્યું કે રાજકોટ અને સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગીક કંપનીના 1100 કરોડ વીજળીના રૂપિયા માફ કર્યા છે. આ ફક્ત બે જિલ્લાનો આંકડો છે તો આખા ગુજરાતનો આંકડો કદાચ 50000 કરોડથી પણ વધારે હોઈ શકે. જો અમે ગરીબોને મફત વીજળી આપવાની વાત કરીએ તો ભાજપના લોકો મજાક ઉડાવે છે પણ ભાજપે ઉદ્યોગપતિઓને 1100 કરોડની વીજળી મફતમાં આપી, તો એમાં ભાજપના લોકો એમની મજાક નથી ઉડાવતા. અરવિંદ કેજરીવાલ મફત વીજળી આપવાની વાત કરે છે તો તેનો વિરોધ કરવામાં આવે છે અને બીજી બાજુ ઉદ્યોગપતિ મિત્રોને મફતમાં વીજળી આપવી છે, આ બે મોઢાની વાતો વિધાનસભાના માધ્યમથી ખુલ્લી પડી છે.

# જનતા રેડ કરાવનાર AAP મહિલા આગેવાન કાયનાત અંસારી પર એટ્રોસિટીનો ખોટો કેસ: ગૌરી દેસાઈ



અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈએ વિડીયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે ગાંધી અને સરદારના ગુજરાતમાં ઠેર ઠેર દારૂ અને ડ્રગ્સ વેચાય છે અને જે કોઈ આ મુદ્દે અવાજ ઉઠાવે છે તો તેમને જેલની પાછળ ખોટી રીતે મોકલવાના ષડયંત્ર કરવામાં આવે છે. આમ આદમી પાર્ટીના દિલ્હીના નેતાઓને ખોટા કેસમાં જેલમાં નાખ્યા હતા, હવે ગુજરાતના નેતાઓ સાથે પણ એવી જ નીતિ અપનાવવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામ ધારાસભ્ય ચૈતર વસાવા જેવા લોકોને ખોટા કેસોમાં સરકારે જેલમાં નાખ્યા હતા. પરંતુ હદ ત્યારે થઈ ગઈ જ્યારે એક મહિલા, આમ આદમી પાર્ટીના કચ્છ (પૂર્વ) પ્રમુખ ડોક્ટર કાયનાત અંસારી પર ખોટી રીતે એટ્રોસિટી એક્ટ અંતર્ગત FIR કરવામાં આવી છે. ગાંધીધામના સેક્ટર 6માં આવેલ લોકોએ અવારનવાર દારૂના અડ્ડાઓ વિશે ફરિયાદ કરી પરંતુ પોલીસ દ્વારા કોઈ એક્શન ન લેવામાં આવતા તેમણે આમ આદમી પાર્ટીના આગેવાન કાયનાત અંસારીને રજૂઆત કરી. ત્યારબાદ તેમની આગેવાનીમાં જનતા રેડ કરવામાં આવી, પોલીસે આ દારૂના વેચાણ કરનાર વ્યક્તિને તો ધરપકડ કરી નહીં પરંતુ તેમના પરિવારના મહિલાને આગળ કરીને કાયનાત અંસારી પર એટ્રોસિટીનો ખોટો કેસ નખાવવામાં આવ્યો. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, જ્યારે જ્યારે કોઈ જનતાનો અવાજ બને છે, કોઈ દારૂના અડ્ડા બંધ કરાવવા માંગે છે, તો શું એ તેના પર આવા ખોટા કેસો કરવામાં આવશે? શું ભારતીય જનતા પાર્ટી આ રીતે એટ્રોસિટી એક્ટનો દુરુપયોગ કરશે? દારૂબંધીની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ દારૂબંધી ફક્ત કાગળ પર છે. જો દારૂબંધી લાગુ હોત તો કોઈ પણ દારૂના અડ્ડા ચાલતા ન હોત. આખા ગુજરાતમાં કેટલો દારૂ વેચાય છે એ બધા લોકો જાણે છે પરંતુ એ અડ્ડા ને બંધ કરાવવામાં આવતા નથી અને જ્યારે એક મહિલા દારૂબંધી મુદ્દે અવાજ ઉઠાવે છે, તો તમે તેના પર ખોટા કેસો કરો છો. હું જનતાને કહેવા માંગીશ કે જ્યારે એક મહિલા આવવામાં ગંભીર મુદ્દા પર અવાજ ઉઠાવે છે તો આપણી ફરજ છે કે તે મહિલાનો સાથ આપીએ. ભાજપે જે પણ કર્યું એનાથી આમ આદમી પાર્ટી ડરવાની નથી.


**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**કમ્પોઝિટ હાઈ ઈન્સ્યુલેશન વોલ્ટેજ ઈન્સ્યુલેશન કોટિંગ પૂરું પાડવાનું કામ**

**ઈ-ટેન્ડર સૂચના નં.: Sr.DEE/TR/ADI/37 (2025-26) તારીખ: 09.03.2026 ટેન્ડર નં.: TRD-ADI-T-26-2025-26 કામનું નામ:** અમદાવાદ મંડળ – ROB/FOB હેઠળ કમ્પોઝિટ હાઈ ઈન્સ્યુલેશન વોલ્ટેજ ઈન્સ્યુલેશન કોટિંગ પૂરું પાડવાનું કામ. **અંદાજિત ખર્ચ:** ₹ 1,78,04,500/- **અર્નેસ્ટ મની:** ₹ 2,39,000/- **ટેન્ડર સબમિશનની તારીખ અને સમય:** 06.04.2026 ના રોજ 15:00 કલાક સુધી. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 06.04.2026 ના રોજ 15:30 કલાકે. **ઓફિસનું સરનામું:** વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર, ડી.આર.એમ. ઓફિસ (પશ્ચિમ રેલવે), ચામુંડા બ્રિજ નજીક, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ – 382345. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in ADI 303

અમને લાઈક કરો: facebook.com/WesternRly


### પરિવહન ક્ષેત્રને મજબૂત બનાવવા નવી બસો અને સુવિધાઓ: મંત્રી જીતુ વાઘાણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત વિધાનસભામાં વાહનવ્યવહાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર ચર્ચા દરમિયાન મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્યના રસ્તાઓ વિકાસની 'રક્તવાહિનીઓ' સમાન છે અને પબ્લિક ટ્રાન્સપોર્ટ તેને ધબકતું રાખવાનું મહત્વનું કાર્ય કરે છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યના પરિવહન માળખામાં નોંધપાત્ર સુધારા કરવામાં આવી રહ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગત વર્ષે ૧૫૦૦ નવી બસો શરૂ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, પરંતુ રાજ્ય સરકારે ૧૭૮૯ નવી બસો પ્રજાની સેવામાં મૂકી છે. આ ઉપરાંત ૧૦૦ વોલ્વો અને ૧૦૦ એસી પ્રીમિયમ બસો પણ શરૂ કરવામાં આવી છે, જ્યારે ટૂંક સમયમાં વધુ ૧૮૨ બસો શરૂ થવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના '7 સી' વિઝન–કોમન, કનેક્ટેડ, કન્વીનિયન્ટ, કન્જેશન ફ્રી, ચાર્જ્ડ, ક્લીન અને કટિંગ એજ ટેક્નોલોજી–આધારે ગુજરાતનું પરિવહન ક્ષેત્ર આધુનિક બનાવવામાં આવી રહ્યું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વ્હેલ માછલીની ઉલટીની તસ્કરી

## 768 ગ્રામ એમ્બરગ્રીસ સાથે એક શખસ ઝડપાયો




### શું હોય છે વ્હેલની ઉલટી?

આ પદાર્થને વ્હેલની ઉલટી કહેવામાં આવે છે પરંતુ આ સાચુ નથી. હકીકતમાં એમ્બરગ્રીસનો અર્થ ફ્રેન્ચમાં 'ગ્રે અંબર' થાય છે. તે મીણ જેવો એક પદાર્થ હોય છે જે સ્પર્મ વ્હેલના પાચનતંત્રમાં બને છે. સ્પર્મ વ્હેલ એક સંરક્ષિત પ્રજાતિ છે. આ પદાર્થ વ્હેલના પાચનતંત્રમાં બનતો હોવાથી તેને ઉલટી કહેવામાં આવે છે. આ વિશે હજુ પણ વિજ્ઞાન સંપૂર્ણ વિશ્વાસ સાથે નથી કહી શકતું કે એમ્બરગ્રીસ કેવી રીતે બને છે. એક સિદ્ધાંત કહે છે કે, વ્હેલ જ્યારે ખૂબ જ મોટા પ્રમાણમાં સમુદ્રી જીવ ખાઈ લે છે અને તેનો આકાર મોટો હોય છે ત્યારે તેને પચાવવા માટે વ્હેલના આંતરડાઓમાં આ પદાર્થ બને છે.

**(એજન્સી) પંચમહાલ । તા. 10**

પંચમહાલમાં ગોધરા એસ.ઓ.જી. પોલીસે મોટી કાર્યવાહી કરતા શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલટી તરીકે ઓળખાતી એમ્બરગ્રીસ સાથે એક શખસને પકડી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી અંદાજે રૂ.76.80 લાખની કિંમતની 768 ગ્રામ એમ્બરગ્રીસનો જથ્થો જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગોધરા તાલુકાના બામરોલી ચોકડી નજીકથી એક વ્યક્તિ ગેરકાયદે રીતે એમ્બરગ્રીસ લઈને નીકળવાનો હોવાની પોલીસને બાતમી મળી હતી. આ પછી પોલીસે બાતમી આધારની જગ્યાએ વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી મુજબ એક્ટિવા લઈને પસાર થતાં વ્યક્તિને અટકાવ્યો હતો અને એક્ટિવાની ડેકીની તપાસ કરતાં પીળા રંગની પ્લાસ્ટિકની થેલીમાં સફેદ રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો, જે વ્હેલ માછલીની ઉલટી એટલે કે એમ્બરગ્રીસ હોવાનું જણાયું હતું. ગોધરા તાલુકાના બામરોલી ચોકડી નજીકથી એક વ્યક્તિ ગેરકાયદે રીતે એમ્બરગ્રીસ લઈને નીકળવાનો હોવાની પોલીસને બાતમી મળી હતી. આ પછી પોલીસે બાતમી આધારની જગ્યાએ વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી મુજબ એક્ટિવા લઈને પસાર થતાં વ્યક્તિને અટકાવ્યો હતો અને એક્ટિવાની ડેકીની તપાસ કરતાં પીળા રંગની પ્લાસ્ટિકની થેલીમાં સફેદ રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો, જે વ્હેલ માછલીની ઉલટી એટલે કે એમ્બરગ્રીસ હોવાનું જણાયું હતું. એમ્બરગ્રીસ વ્હેલ માછલીના શરીરમાંથી બહાર કઈ રીતે નીકળે છે તેની પણ અનેક રીતો હોય છે. ઘણી વખત તે ગુદા દ્વારા બહાર નીકળે છે અને તેનો રંગ મળ જેવો હોય છે. તેમાં મળની તીવ્ર ગંધ પણ હોય છે, જેમાં દરિયાની ગંધ પણ ભળેલી હોય છે. જ્યારે તે વ્હેલના શરીરમાંથી નીકળે છે, ત્યારે તેનો રંગ આછો પીળો હોય છે અને તે જાડી ચરબી જેવી હોય છે. જો કે સમયની સાથે તે ઘાટી લાલ રંગની અને ઘણી વખત કાળી અથવા રાખોડી રંગની પણ બની જાય છે.

# ગાંધીનગરના મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી કેપિટલ રેલવે સ્ટેશન વચ્ચે બનાવાયું ઓટોમેટિક વોકિંગ ટ્રાવેલેટર



**(એજન્સી) ગાંધીનગર । તા. 10**

ગાંધીનગરના મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી કેપિટલ રેલવે સ્ટેશન વચ્ચે ઓટોમેટિક વોકિંગ ટ્રાવેલેટર બનાવવામાં આવ્યું છે. ઓટોમેટિક વોકિંગ ટ્રાવેલેટર બનાવવાથી હવે મુસાફરો મેટ્રો સ્ટેશન અને રેલવે સ્ટેશન વચ્ચે સીધી અવર-જવર કરી શકશે. ગાંધીનગરના મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી કેપિટલ રેલવે સ્ટેશન વચ્ચે 35 કરોડ રૂપિયાના ખર્ચે ઓટોમેટિક વોકિંગ ટ્રાવેલેટર તૈયાર કરવામાં આવ્યું છે. મેટ્રો સ્ટેશનથી કેપિટલ રેલવે સ્ટેશન જવા માટે મુસાફરોને અડધા કિલોમીટર જેટલું અંતર કાપવું પડતું હતું. પરંતુ હવે ટ્રાવેલેટર બનાવતા મુસાફરોને રાહત થશે. મેટ્રોમાંથી ઉતરતા મુસાફરો સીધા જ સ્ટેશનમાંથી જ ટ્રાવેલેટર મારફતે રેલવે સ્ટેશનમાં અને ટ્રેનમાંથી ઉતરતા મુસાફરો ત્યાંથી જ મેટ્રો સ્ટેશન સુધી પહોંચી શકશે.

# છોટા ઉદેપુરમાં હડકાયા શ્વાનનો આતંક, ઈન્દ્રાલ અને સોનગીર ગામમાં 6 લોકોને બચકા ભર્યાં

**(એજન્સી) છોટા ઉદેપુર । તા. 10**

છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હડકાયા શ્વાને આતંક મચાવ્યો છે. તાલુકાના ઈન્દ્રાલ અને સોનગીર ગામમાં એક હડકાયા શ્વાને એકપછી એક એમ કુલ 6 લોકોને બચકા ભરી લોહીલુહાણ કરી દેતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. તંત્ર પાસે આવી પરિસ્થિતિને પહોંચી વળવા યોગ્ય સુવિધા ન હોવાનો આક્ષેપ પણ ગ્રામજનો કરી રહ્યા છે. મળતી માહિતી અનુસાર, હડકાયા શ્વાને અચાનક જ રસ્તે ચાલતા લોકો પર હુમલો કરવાનું શરૂ કર્યું હતું. કૂતરાએ બચકા ભરતા લોકોમાં જીવ બચાવવા માટે નાસભાગ મચી ગઈ હતી.



શ્વાનના હુમલામાં ભોગ બનેલા 6 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. શ્વાનના આતંકને કારણે વાલીઓમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. લોકો પોતાના બાળકોને ઘરની બહાર કાઢતા ડરી રહ્યા છે અને બાળકોને ઘરમાં જ કેદ રહેવાની નોબત આવી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે, હડકાયા શ્વાને પકડવા માટે સ્થાનિક તંત્ર પાસે કોઈ ચોક્કસ સુવિધા કે ટીમ ઉપલબ્ધ નથી. શ્વાન હજુ પણ વિસ્તારમાં રખડી રહ્યો હોવાથી લોકોમાં સતત ડર છે કે તે અન્ય કોઈને પણ નિશાન બનાવી શકે છે.

# વડોદરામાં સયાજી બાગના પશુ-પક્ષીઓના પાંજરાને કંતાન બાંધી પાણી છંટકાવ શરૂ

વડોદરા : હજી તો ઉનાળાની મોસમનો પ્રારંભ થયો છે ત્યારે વડોદરામાં ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. ગઈકાલે ગરમીનો પારો 40 અંશ ડિગ્રીને પાર થઈ ગયો હતો. હજીય ગરમી વધવાની સીધી અસર પશુ પક્ષીઓ સહિત જનજીવન પર પડશે. પરિણામે કમાટીબાગના પશુ-પક્ષીઓને ગરમીથી બચાવવાના ઈરાદે પિંજરાની ચારે બાજુએ કંતાન બાંધીને પાણીનો છંટકાવ શરૂ કરી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે હજી તો માર્ચ મહિનાનો પ્રારંભ થયો છે ત્યારે ગરમીનો પારો દિન પ્રતિદિન ઝડપભેર ઊંચે જઈ રહ્યો છે. તા.8મી માર્ચે શહેરમાં ગરમીનો મહત્તમ પારો 39.4 ડિગ્રીએ હતો પરંતુ ગઈકાલે તેમાં 1 ડિગ્રીનો વધારો થયો હતો. જેથી ગરમીનો પારો ગઈકાલે 40 અંશ ડિગ્રીને પાર થઈ ગયો હતો અને વધુમાં વધુ તાપમાન 40.4 ડિગ્રી નોંધાયુ હતું. આમ દિન પ્રતિ દિન ગરમીનો પારો ઊંચો જઈ રહ્યો છે ત્યારે બપોરના સમયે રાજમાર્ગો સુમસામ જણાઈ રહ્યા છે. જ્યારે બીજી બાજુ આજે ગરમીનો પારો 41 ડિગ્રી થવાની આગાહી હવામાન ખાતાએ કરી છે.

# ગુજરાતમાં 12 માર્ચ સુધી રહેશે હીટવેવ



હવામાન વિભાગના અનુમાન પ્રમાણે 10 અને 11 માર્ચે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હીટવેવથી લઈને સિવીયર હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. 12 માર્ચે પણ કેટલાક ભાગોમાં હીટવેવ યથાવત રહેવાની શક્યતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ગરમીનો પ્રભાવ વધુ રહેશે.

**(એજન્સી) ગાંધીનગર । તા. 10**

ગુજરાતમાં ગરમીનું મોજૂ ફરી વળ્યું છે. હવામાન વિભાગે કરેલ આગાહી અનુસાર રાજ્યમાં હીટવેવ રહેવા પામ્યું છે. આજે ગુજરાતમાં સૌથી વધુ ગરમી રાજકોટમાં 42 ડિગ્રી નોંધાઈ છે. જે સામાન્ય તાપમાન કરતા 7.7 ડિગ્રી વધુ ગરમી નોંધાઈ છે. અમદાવાદ, વડોદરા, ડીસા, ભૂજમાં ગરમીનો પારો 41 ડિગ્રીને વટાવી ગયો છે. આજે 10 માર્ચને મંગળવારના રોજ, અમદાવાદમાં 41.4 ડિગ્રી, અમરેલીમાં 40. 3 ડિગ્રી, વડોદરામાં 41 ડિગ્રી, ભાવનગરમાં 39.6 ડિગ્રી, ભૂજમાં 41 ડિગ્રી, ડિસામાં 41 ડિગ્રી, ગાંધીનગરમાં 40.8 ડિગ્રી, રાજકોટમાં 42 ડિગ્રી, સુરતમાં 40.2 ડિગ્રી ગરમી નોંધાઈ હતી. ગઈકાલ 9 માર્ચના રોજ પણ ગુજરાતના અનેક શહેરોમાં સામાન્ય કરતા 4 થી 9 ડિગ્રી સુધી વધુ ગરમી નોંધાઈ હતી. આજે 10 માર્ચના રોજ, અમદાવાદમાં સામાન્ય કરતા 7.2 ડિગ્રી, અમરેલીમાં 5.3 ડિગ્રી, વડોદરામાં 5.8 ડિગ્રી, ભાવનગરમાં 6.1 ડિગ્રી, ભૂજમાં 7 ડિગ્રી, ડીસામાં 7.3 ડિગ્રી, ગાંધીનગરમાં 6.7 ડિગ્રી, રાજકોટમાં 7.7 ડિગ્રી અને સુરતમાં 5.7 ડિગ્રી વધુ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ ગુજરાત રાજ્યમાં આગામી બે દિવસ સુધી ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હીટવેવથી લઈને સિવીયર હીટવેવ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ગત 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના ઘણા વિસ્તારોમાં તીવ્ર ગરમી નોંધાઈ હતી. રાજકોટ અને સુરેન્દ્રનગરમાં રાજ્યનું સર્વોચ્ચ તાપમાન 41.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઉપરાંત ગુજરાતના અનેક વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 4થી 9 ડિગ્રી વધુ નોંધાયું છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે 10 અને 11 માર્ચે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હીટવેવથી લઈને સિવીયર હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. 12 માર્ચે પણ કેટલાક ભાગોમાં હીટવેવ યથાવત રહેવાની શક્યતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ગરમીનો પ્રભાવ વધુ રહેશે. આ ઉપરાંત ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં 10થી 13 માર્ચ દરમિયાન ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે લોકોમાં ઉકળાટ જેવી સ્થિતિ અનુભવાઈ શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી બે-ત્રણ દિવસ સુધી રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, ત્યારબાદ દિવસના મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. આ દરમિયાન અરબી સમુદ્રમાં દક્ષિણ ગુજરાત અને નજીકના ઉત્તર ગુજરાતમાં પવનની સ્થિતિને ધ્યાનમાં રાખીને 10થી 15 માર્ચ સુધી માછીમારોને દરિયામાં ના જવાની સલાહ આપવામાં આવી છે.

# ગુજરાતના અનેક શહેરોની પાસપોર્ટ ઓફીસ અને યુનિવર્સિટીને મળી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**(એજન્સી) રાજકોટ । તા. 10**

રાજકોટ શહેરની પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્રમાં હલચલ મચી ગઈ છે. અજાણ્યા વ્યક્તિએ ઈમેઈલ મારફતે પાસપોર્ટ ઓફિસને નિશાન બનાવી બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપતા સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ગુજરાતના 3 શહેરોમાં ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. રાજકોટ શહેરની પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્રમાં હલચલ મચી ગઈ છે. અજાણ્યા વ્યક્તિએ ઈમેઈલ મારફતે પાસપોર્ટ ઓફિસને નિશાન બનાવી બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપતા સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. આ સિવાય વડોદરાના વાઘોડિયાની ખાનગી યુનિવર્સિટીને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. તેમજ સુરત પાસપોર્ટ ઓફિસને પણ ધમકી ભર્યો મેલ મળ્યો છે. રાજકોટ પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. અજાણ્યા વ્યક્તિએ ઈમેઈલ મારફતે પાસપોર્ટ ધમકી આપતા સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે.ધમકી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ત્યારબાદ બોમ્બ સ્ક્વોડ, SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) અને સ્થાનિક પોલીસની ટીમોએ ઓફિસ પરિસરમાં સઘન તપાસ હાથ ધરી હતી. સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને ઓફિસની આસપાસના વિસ્તારોમાં પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. વાઘોડિયા તાલુકાની એક ખાનગી યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા કેમ્પસમાં તાત્કાલિક હલચલ મચી ગઈ હતી. અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલાયેલા ધમકીભર્યા ઈ-મેઈલના પગલે યુનિવર્સિટી પ્રશાસન સતર્ક બન્યું અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ વાઘોડિયા પોલીસની ટીમ તાત્કાલિક યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચી ગઈ હતી. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી પ્રશાસને કેમ્પસમાંથી વિદ્યાર્થીઓ અને સ્ટાફને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા સમગ્ર કેમ્પસને કોર્ડન કરી સઘન ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. સુરત શહેરના પીપલોદ વિસ્તારમાં આવેલી પાસપોર્ટ ઓફિસને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્રમાં હલચલ મચી ગઈ છે. અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલાયેલા ધમકીભર્યા ઈ-મેઈલના કારણે સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક સતર્ક બની ગઈ હતી.માહિતી મુજબ, પાસપોર્ટ ઓફિસને ઈ-મેઈલ મારફતે બોમ્બ હોવાની ધમકી આપવામાં આવી હતી.

# આણંદ જિલ્લામાં યોજાનાર ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાને અનુલક્ષીને જાહેર કરાયેલ પ્રતિબંધો 18 માર્ચ સુધી અમલી રહેશે

આણંદ : આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ઋતુરાજ દેસાઈએ તેમને મળેલ સત્તાની રૂએ આગામી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી આણંદ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનાર ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષાને ધ્યાને લઈને પરીક્ષાના દિવસ દરમિયાન કેટલાંક કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષાના કેન્દ્રો પર સુચારૂ અને નિષ્પક્ષ સંચાલનમાં પરીક્ષા યોજાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી કેટલાંક કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. જે અન્વયે પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદ્દેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ કરી શકશે નહી. આ જાહેરનામા મુજબ પરીક્ષાના દિવસ દરમિયાન સવારના ૦૯-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની કમ્પાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજયામાં આવેલ જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે.મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવા પણ જણાવાયું છે.

# ઊર્જા ક્ષેત્રે ગુજરાતની ત્રિવેણી નીતિ દેશનું ગ્રોથ એન્જિન બનશે : ઋષિકેશ પટેલ

**ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ**

પુનઃપ્રાપ્ય ઊર્જા, ગ્રીન હાઈડ્રોજન અને પમ્પ્ડ સ્ટોરેજ આધારિત ગુજરાતની ત્રિવેણી નીતિ દેશની ઊર્જા સુરક્ષા મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે, એવું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભામાં જણાવ્યું હતું. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અંદાજપત્રીય અનુદાનોની માંગણીઓ ગૃહમાં પસાર કરવામાં આવી હતી. મંત્રીએ જણાવ્યું કે ખેડૂતોને હાલ બે શિફ્ટમાં મળતી વીજળી ભવિષ્યમાં એક જ શિફ્ટમાં સવારે ૭ થી સાંજે ૫ વાગ્યા સુધી આપવા રાજ્ય સરકાર આયોજન કરી રહી છે. 'કિસાન સૂર્યોદય યોજના' માટે આગામી વર્ષે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વાવાઝોડા સમયે દરિયાકાંઠાના વિસ્તારોમાં અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે ઓવરહેડ લાઈનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં ફેરવવા રૂ.૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. તેમજ રાજ્યના યાત્રાધામોને ગ્રીન અને સેફ ઝોન તરીકે વિકસાવવા પણ રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગરીબ અને નબળા વર્ગના લાભાર્થીઓને નિઃશુલ્ક ઘરવપરાશ માટે ૩૬,૭૯૫ નવા વીજ જોડાણો આપવા રૂ.૨૨.૪૩ કરોડ ખર્ચાશે. જ્યારે આદિજાતિ, સાગરકાંઠા તથા અન્ય વિસ્તારોમાં ૬૮,૧૯૫ નવા કૃષિ વીજ જોડાણો આપવા રૂ.૧,૧૬૬.૩૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં ઓવરહેડ લાઈનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવા 'ગુજરાત વાયર ફ્રી સિટી મિશન' હેઠળ રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. ઉપરાંત સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં વીજ પુરવઠો મજબૂત બનાવવા ૧૧ કે.વી. કેબલ નેટવર્ક માટે રૂ.૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ગુજરાતને ૧૦૦ ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે, જ્યારે ૨૦૩૫ સુધીમાં ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે ગુજરાતને વૈશ્વિક હબ બનાવવાનો દ્રઢ સંકલ્પ છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં રાજ્યમાં ૧૮૭ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઈન્ટિગ્રેશન હાંસલ કરવાનો વિઝન રાખવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા ૨૫ વર્ષમાં રાજ્યમાં વીજ કનેક્શનમાં નોંધપાત્ર વધારો થયો છે અને આજે ૧.૮૪ કરોડથી વધુ ગ્રાહકોને વીજ પુરવઠો આપવામાં આવી રહ્યો છે. સાથે જ ૪૩,૯૯૭ મેગાવોટ ક્ષમતા સાથે ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે દેશમાં અગ્રસ્થાને છે.

# કાયાકલ્પ તરફ વટવા સ્ટેશન: પુનર્વિકાસ કાર્ય ઝડપી ગતિએ ચાલુ



અમદાવાદ : પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ મુસાફરોને સુરક્ષિત, સુગમ અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ છે. આ જ દ્રષ્ટિકોણ હેઠળ 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત વટવા રેલવે સ્ટેશનનું વ્યાપક પુનર્વિકાસ કાર્ય ઝડપી ગતિએ હાથ ધરવામાં આવી રહ્યું છે. અંદાજિત 33.64 કરોડના ખર્ચે હાથ ધરાયેલા આ કામોનો મુખ્ય હેતુ સ્ટેશનને માત્ર પરિવહન કેન્દ્ર તરીકે નહીં પરંતુ શહેરના આધુનિક "સિટી સેન્ટર" તરીકે વિકસાવવાનો છે. આ સાથે વટવામાં લગભગ 3 કિલોમીટર લાંબા મેગા કોચિંગ ટર્મિનલના નિર્માણનો પણ પ્રસ્તાવ છે. તેના નિર્માણથી અમદાવાદ ક્ષેત્રમાં ટ્રેન સંચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે તેમજ ભવિષ્યમાં અનેક નવી ટ્રેનોના સંચાલન માટે માર્ગ પ્રસસ્ત થશે. આ પ્રોજેક્ટ અંતર્ગત લગભગ 20 નવી પરીક્ષણ (એક્ઝામિનેશન) લાઈનો અને 40થી વધુ સ્ટેબલિંગ લાઈનોનું નિર્માણ કરવામાં આવશે. કુલ મળીને લગભગ 100 લાઈનોનું વિશાળ કોચિંગ કોમ્પ્લેક્સ વિકસાવવામાં આવશે, જે દેશના સૌથી મોટા ટર્મિનલોમાંથી એક બનશે.આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો ડીપીઆર મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ), અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ માત્ર રેલવેની અવસંરચનાને મજબૂત બનાવશે એટલું જ નહીં, પરંતુ પ્રદેશના વિકાસ અને મુસાફરોની સુવિધાઓમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે. નવું સ્ટેશન બિલ્ડિંગ: લગભગ 6,469 ચોરસ ફૂટ વિસ્તારમાં એક ભવ્ય અને આધુનિક સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેથી ટિકિટિંગ, પૂછપરછ અને અન્ય મુસાફરી સેવાઓ વધુ સુવ્યવસ્થિત રીતે ઉપલબ્ધ રહેશે. વિશાળ સર્ક્યુલેટિંગ એરિયા અને પાર્કિંગ: ટ્રાફિકની ભીડભાડને નિયંત્રિત કરવા માટે 2,19,584 ચોરસ ફૂટ વિસ્તારમાં વિશાળ પાર્કિંગ અને સર્ક્યુલેટિંગ એરિયા વિકસાવવામાં આવ્યો છે, જેથી ખાનગી અને જાહેર વાહનોના અવરજવરમાં સરળતા રહેશે.કવર શેડ અને કેનોપી: મુસાફરોને પ્રતિકૂળ મૌસમ (તડકો અને વરસાદ)થી બચાવવા માટે 13,627 ચોરસ ફૂટની કેનોપી અને પ્લેટફાર્મો પર 13,164 ચોરસ ફૂટ વિસ્તારમાં કવર શેડનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આરામદાયક વેઈટિંગ હોલ: મુસાફરો માટે લગભગ 926 ચોરસ ફૂટ વિસ્તારમાં આધુનિક વેઈટિંગ હોલ બનાવવામાં આવ્યો છે, જ્યાં ઉત્તમ બેસવાની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. પ્લેટફોર્મ મજબૂતીકરણ: લગભગ 12,056 ચોરસ ફૂટ વિસ્તારમાં પ્લેટફોર્મ સરફેસિંગ બનાવવાનું કાર્ય કરવામાં આવ્યું છે, જેથી મુસાફરોને ચાલવામાં સરળતા રહેશે. બીજું પ્રવેશદ્વાર (Second Entry): મુસાફરોની સુવિધા માટે લગભગ 2,583 ચોરસ ફૂટ વિસ્તારમાં સ્ટેશનનું બીજું પ્રવેશદ્વાર વિકસાવવામાં આવ્યું છે. સ્વચ્છતા અને પાણીની વ્યવસ્થા: પ્લેટફોર્મ પર 4 નવા આધુનિક શૌચાલય બ્લોક અને શુદ્ધ પીવાના પાણી માટે નવા વોટર બૂથ બનાવવામાં આવી રહ્યા છે. સ્ટેશનને સંપૂર્ણપણે બેરિયર-ફ્રી (Barrier-free) બનાવવા માટે પણ મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે: વિશાળ ફૂટ ઓવર બ્રિજ (FOB): વધતી મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને 40 ફૂટ પહોળો નવો ફૂટ ઓવર બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 11-03-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**મિથુન : ક. છ. ઘ.**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ.

**કર્ક : ડ. હ.**

યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**સિંહ : મ. ટ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો.

**તુલા : ર. ત.**

બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટેન્શનમાં ઓર વધારો થશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ.

**વૃશ્ચિક : ન. ય.**

જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**મકર : ખ. જ.**

વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. પ્રેમમાં આજે તમારી વિવેકાધીન બુધ્ધિનો ઉપયોગ કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

'ડ્રોન દીદી' અને ૩૩% અનામત જેવી યોજનાઓથી નારીશક્તિ આર્થિક-સામાજિક રીતે સશક્ત બની રહી છે: શ્રી બાબુભાઈ પટેલ

# લુણાવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલન કાર્યક્રમ યોજાયો

| જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.10



જિલ્લામાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર મહિલાઓ અને દીકરીઓનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે લુણાવાડા સ્થિત ૪૨ પાટીદાર સમાજ ઘર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને 'મહિલા સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના તમામ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડેલી મહિલા શક્તિને સંબોધતા પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, મહિલાઓ માટે માત્ર ૮મી માર્ચ જ નહીં, પરંતુ વર્ષના તમામ ૩૬૫ દિવસો મહત્વના છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૪૭ સુધીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે મહિલાઓના સશક્તિકરણ અને તેમના ઉચ્ચ સામાજિક સ્થાનને અનિવાર્ય ગણાવ્યું હતું.

પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી બાબુભાઈ પટેલે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજકારણમાં ૩૩% અનામતની જોગવાઈ અને 'ડ્રોન દીદી' જેવી ક્રાંતિકારી યોજનાઓ માટે બજેટમાં કરવામાં આવેલો વધારો મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવી રહ્યો છે. પરિવારમાં માતા, પુત્રી અને બહેન તરીકેના યોગદાનને બિરદાવતા તેમણે ઉમેર્યું હતું કે, સ્ત્રી વિનાનું ઘર અંધકારમય છે અને આજે મહિલાઓ પુરુષ સમોવડી બની એવા કાર્યો કરી રહી છે જે અશક્ય જણાતા હતા.


આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર મહિલાઓ અને દીકરીઓનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર, પ્રાંત અધિકારીશ્રી ઉમેશ શાહ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મૈત્રીબેન, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, તેમજ મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી એમ વી રોઝ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ અને બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ધાર્મિક વિધિ-વિધાન સાથે નવરાત્રિનો પ્રારંભ થશે

## માતાના મઢમાં ૧૮ માર્ચથી ઘટસ્થાપન સાથે ચૈત્રી નવરાત્રિ પર્વની ઉજવણી

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને દેશ-દેવી માં આશાપુરાના સ્થાનક માતાના મઢ ખાતે આગામી ચૈત્રી નવરાત્રિ પર્વની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ૧૮ માર્ચથી ઘટસ્થાપનની શાસ્ત્રોક્ત વિધિ સાથે નવરાત્રિનો પ્રારંભ થશે.આ વર્ષે ચૈત્રી નવરાત્રિ અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે જેમાં ઘટસ્થાપન તા. ૧૮/૩ના રોજ સવારે ૯ કલાકે ધાર્મિક વિધિ સાથે ઘટસ્થાપન કરવામાં આવશે, જેની સાથે જ નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થશે. હોમ-હવન: ચૈત્ર સુદ સાતમ, તા. ૨૫/૩ના રોજ રાત્રે ૮:૧૫ કલાકે ગાદી પૂજન કરવામાં આવશે. ત્યારબાદ ૮:૩૦ કલાકે હોમ યજ્ઞનો પ્રારંભ થશે.બીડું હોમવાની વિધિ: અષ્ટમીની મધ્યરાત્રિએ એટલે કે મોડી રાત્રે ૧૨:૧૫ કલાકે પરંપરાગત રીતે 'બીડું' હોમવામાં આવશે.ભક્તોનો અવિરત પ્રવાહ ચૈત્રી નવરાત્રિ દરમિયાન માતાના મઢ ખાતે મોટી સંખ્યામાં માઈભક્તો માં આશાપુરાના દર્શનાર્થે ઉમટી પડે છે, જેના કારણે અહીં મેળો ભરાયો હોય તેવો માહોલ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે, આસો નવરાત્રિની જેમ અહીં રાસ-ગરબાનું આયોજન કરવામાં આવતું નથી, પરંતુ શ્રદ્ધાળુઓ નવ દિવસ સુધી પૂજા-અર્ચના અને ભક્તિમાં લીન રહે છે.



પક્ષી બચાવો

## જીવ વાત્સલ્ય અંતર્ગત પક્ષી બચાવો અભિયાન અંગે અપીલ

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને જીવ વાત્સલ્ય અંતર્ગત પક્ષી બચાવો અભિયાન વિવિધ વિસ્તારોમાં સારી રીતે ચાલી રહ્યું છે. આ અભિયાનમાં સેવાભાવી લોકો દ્વારા ચકલી સહિતના પક્ષીઓ માટે માળા (પક્ષીઘર) લગાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. સેવાભાવી મિત્રો તથા નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે ચકલીના માળા ઝાડ પર લગાડવાના બદલે પતરા કે ધાબાના શેડ નીચે લગાડવામાં આવે. જો કોઈ સ્થળે ઝાડ ઉપર પક્ષીઘર લગાવ્યા હોય તો તેને ઉતારીને ઘર કે દુકાનના શેડ નીચે લગાવવા અપીલ કરવામાં આવી છે.કારણ કે લીમડા સહિતના ઝાડ ઉપર બિલાડી, સાપ અને અન્ય પ્રાણીઓનો ભય રહેતો હોવાથી પક્ષીઓ ત્યાં માળા બનાવતા નથી અથવા તેમના બચ્ચાંને નુકસાન થવાની શક્યતા રહે છે. યોગ્ય અને સુરક્ષિત સ્થળે માળા લગાડવાથી વધુમાં વધુ પક્ષીઓનું રક્ષણ શક્ય બને છે.આથી નાગરિકોને પણ આ અભિયાનમાં જોડાઈ પક્ષીઓને સુરક્ષિત રાખવા માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

### ગ્રાપજ નજીક દેશી દારૂની રેઈડ કરવા ગયેલી પોલીસ પર હુમલો

ભાવનગર : જોરાવરનગર ગામે દેશી દારૂની રેઈડ માટે ગયેલા અલંગ પોલીસના મહિલા અને પુરૂષ કર્મચારીઓ પર દેશી દારૂ વેચતા દંપતિએ હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે અલંગ પોલીસ મથકમાં દંપતિ સામે માર મારી ધમકી આપી ફરજ રૂકાવટ કર્યાંની ફરિયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને અપશબ્દો કહી 'અમારા ઘરે દારૂની રેઈડ કરવા આવશો તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી રેઈડમાં હાજર મહિલા પોલીસ કર્મચારીઓ માયાબેન, મનિષાબેન અને ભાવનાબેનને ઉક્ત પુનમબાએ લાકડી અને ઢીકાપાટુંનો માર મારી મુંઢ ઈજા પહોંચાડી હતી.

નિયુક્તિ

## નખત્રાણા તાલુકા યુવા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે સલીમભાઈ જીયેજાની નિયુક્તિ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



દેશલપર (ગુંતલી) ગામના યુવા કાર્યકર સલીમભાઈ જીયેજાની નખત્રાણા તાલુકા યુવા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે નિયુક્તિ થતાં વિસ્તારમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. તેમની આ નિમણૂક બદલ મિત્રો, આગેવાનો અને શુભેચ્છકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.સલીમભાઈ જીયેજા રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે સક્રિય રહી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે. તેઓ હંમેશાં વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ આપી શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન આપતા રહ્યા છે તેમજ જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ બની પ્રેરણારૂપ સેવાકાર્ય કરતા આવ્યા છે. તેમની આ નવી જવાબદારી બદલ સમાજના વિવિધ વર્ગોમાંથી શુભેચ્છાઓ મળી રહી છે અને તેઓ રાજકીય તથા સામાજિક ક્ષેત્રે વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભવનનું નિર્માણ 5 વર્ષ પેહલા ચાલુ થયું હતું

## નાંદોદ તાલુકાના નાવરા ગ્રામ પંચાયત ભવનનુ કામ 5 વર્ષથી ખોરંભે થતા ગ્રામજનોમા રોષ



રાજપીપલા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નાવરા ગામે આજથી આશરે 5 વર્ષ અગાઉ ગ્રામ પંચાયત ભવનના નિર્માણનું કામ ચાલુ થયું હતું.જે અચાનક બંધ થઈ જતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો છે.પ્રાપ્ત માહિતી મુજબ નાવરા ગ્રામ પંચાયત નું મકાન પાંચ વર્ષ અગાઉ મંજુર થયેલ હતું જે બાંધકામ હજુ પૂર્ણ થયું નથી જેથી ગ્રામજનો માં રોષ ની લાગણી ફેલાઈ છે આ મામલે

નાવરાના ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી 2 મહિનામા નિર્માણ કાર્ય ચાલુ નહીં થાય તો અમે આવનારી તમામ ચૂંટણીઓનો બહિષ્કાર કરીશું.નાંદોદ તાલુકાના નાવરા ગામના આગેવાનો અટકી પડેલા ગ્રામ પંચાયત ભવન ખાતે ભેગા થયા હતા અને નિર્માણ કાર્ય ચાલુ કરવાની માંગણી જિલ્લા વહીવટીતંત્ર અને શાસક પક્ષના નેતાઓને કરી હતી.ગ્રામજનોએ ઉગ્ર સ્વરે જણાવ્યું હતું કે નાવરા ગામનું જૂનુ પંચાયત ભવન સારુ હતું છતાં એને તોડી નવું બનાવવાનું ચાલુ કર્યું.અમે અને સરપંચે કહ્યું હતું કે આ જૂના પંચાયત ભવનને ના તોડશો. નવા પંચાયત ભવનનો 20 લાખ રૂપિયા ખર્ચ હતો જેની સામે 4 થી 5 લાખ રૂપિયામાં રિનોવેશન કરી સરકારના પૈસાની બચત કરવા અમે જણાવ્યું હતું. અટકી પડેલા નવા પંચાયત ભવનના કામને ચાલુ કરવા અમે નર્મદા જિલ્લા કલેક્ટરને અરજી આપી છે, તેઓ અહીંયા આવીને જોઈ પણ ગયા હતા છતાં કામ ચાલુ થયું નથીગ્રામજનોના જણાવ્યા મુજબ આ પંચાયત ભવનનું કામ મનરેગા યોજના હેઠળ મંજૂર થયું છે એવું નર્મદા જિલ્લાના અધિકારીઓએ કહ્યું હતું.તો અમારે એ અધિકારીઓને કહેવું છે કે જો બજેટ ન્હોતું તો જૂનું પંચાયત ભવન તોડી નવું પંચાયત ભવન બનાવવાની જરૂર શું હતી. અમારા ગામમાં તલાટી અન્ય ગામમાં ચાર્જમા છે તો અમારે કોઈ કામ હોય તો રાજુવાડિયા જવું પડે છે, તલાટી ત્યાં ના મળે રાજપરા અને વરાછા જવું પડે છે.જેને લીધે ગામના વૃદ્ધોને મોટી તકલીફોનો સામનો કરવો પડે છે.નવા બની રહેલા પંચાયત ભવનમાં ઝાડી ઝાંખરા ઊગી ગયા છે.જો આનું નિરાકરણ નહી આવે તો અમે ગ્રામજનો જેસીબીથી તોડી પાડીશું.તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

## સત્યમ સેવા યુવક મંડળ, જૂનાગઢ દ્વારા 40 માં સર્વ જ્ઞાતિય સમુહ લગ્ન કરિયાવર- કન્યાદાન તેમજ રક્તદાન સાથે સંપન્ન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.10





સમાજમાં સામાજિક એકતાનું પ્રતિક અને માનવતાની સુગંધ ફેલાવતી સત્યમ સેવા યુવક મંડળ, જૂનાગઢ દ્વારા ભવનાથ હિન્દુ સનાતન ધર્મશાળામાં તાજેતરમાં 40માં સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન યોજાઈ ગયા, જેમાં દિવ્યાંગ કપલે પણ આ સમૂહ લગ્નમાં જોડાઈ એક અનોખું સમાજને પ્રતિક બની ઉદાહરણ આપવામાં આવ્યું હતું સમાજ સેવાની પ્રતિબંધતા એવી છે કે આ ટીમ નિષ્ઠા અને સમર્પણથી કામ કરી રહી છે અને નિ:સ્વાર્થે કામ કરી રહી છે અને કોઈપણ જાતના નાત જાતના ભેદભાવ વગર સનાતન ધર્મને ઉજાગર કરતો આ 40માં સર્વ જ્ઞાતિય લગ્ન એક હિન્દુ પ્રતીક સમાન છે જેમાં ચાર જરૂરિયાતમંદ દીકરીઓ ના કન્યાદાન પણ સંસ્થાના કાર્યકર અને દાતાશ્રીઓ દ્વારા આપવામાં આવ્યું હતુંતેમજ વ્યસન મુક્તિ માટેનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું અને સાથે સાથે સ્ત્રીભૃણ હત્યાના શપથ લેવડાવી નવદંપત્તિઓને જાગૃત કરવામાં આવ્યા હતા આ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નમાં નવદંપતીને આશીર્વાદ અને આશીર્વચન આપવા માટે ધોરાજી હવેલીના મહારાજશ્રી પૂજ્ય પાદ ગોસ્વામી અભિષેક કુમાર મહોદયશ્રી ઉપસ્થિત રહ્યા હતાઆ સમૂહ લગ્નને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા શ્રી અરવિંદભાઈ મારડિયા શ્રી મુકેશગીરી એસ મેઘનાથી ,શ્રી દેવીદાસભાઈ નેણસાણી શ્રી ઠાકરશીભાઈ વાઘેલા, શ્રી શાંતાબેન બેસ, શ્રી કમલેશભાઈ પંડ્યા શ્રી અલ્પેશભાઈ પરમાર, શ્રી બટુક બાપુ, શ્રી કચરાભાઈ પરમાર, શ્રી કે કે ગોસાઈ, શ્રી મનહરસિંહ ઝાલા, શ્રી પ્રવીણભાઈ જોશી, શ્રી ચંપકભાઈ જેઠવા શ્રી રાજેન્દ્રભાઈ ચુડાસમા શ્રી મુળુભાઈ જોગલ ,શ્રી મનોજભાઈ રાજા, શ્રી કિશોરભાઈ ચોટલીયા ,શ્રી નવનીતભાઈ શાહ, ઉપેન્દ્રભાઈ દવે, શ્રી મુકેશભાઈ પાંડવ, શ્રી કૈલાશપુરી ગોસાઈ, શ્રી છગનભાઈ લાડવા, શ્રી રણછોડભાઈ શ્રીપ્રજ્ઞેશભાઈ વાજા, શ્રીછોટુભાઈ વાજા, શ્રી કિરીટભાઈ વાજા શ્રીહસુભાઈ મારુ શ્રીપરેશભાઈ બાટમિયા શ્રી મનોજ સાવલિયા શ્રી પટ્ટી દીપકભાઈ શ્રી કનૈયો દ્વારા આ લગ્ન કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો

## નારી ગામ નજીક બાઈક અને કાર અથડાતા આધેડનું મોત

ભાવનગર : નારી ગામ નજીક બાઈક અને કાર અથડાતા બાઈક પર જઈ રહેલા આધેડનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે વરતેજ પોલીસે ગુનો નોંધ્યો છે. કુંભારવાડા બાનુબેનની વાડી પાસે રહેતા કાળુભાઈ અરજણભાઈ મેર અને તેના મોટાભાઈ રાઘવભાઈ અરજણભાઈ મેર મોટરસાયકલ નં.જીજે-૦૪-ડીએચ-૪૧૨૮ લઈને તેમના ઘરેથી નારી ગામે જતા હતા ત્યારે નારી ગામે આવેલ મહુલી પાસે પાછળથી કાર નંબર નં.જીજે-૦૫-આરઝેડ-૫૪૨૨ના ચાલકે પોતાનું વાહન લઈને પુરઝડપે બેફીકરાઈથી અને ગફલતભરી રીતે માણસોની જિંદગી જોખમાય તે રીતે ચલાવી બાઈક સાથે પાછળથી અથડાવી દેતા બન્ને બાઈક સવારને ઈજા થતા હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રાઘવભાઈનું મોત નિપજ્યું હતું. આ બનાવ સંદર્ભે કાળુભાઈએ કાર ચાલક વિરૂધ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ પ્રગતિ મંડળ દ્વારા "રંગોત્સવ ૨૦૨૬" નો કાર્યક્રમ ઉજવાયો

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.10



ગીતાજીના વિભૂતિ યોગમાં શ્રી કૃષ્ણે કહ્યું છે - "ઋતુનામ્ કુસુમાકર.." ( ઋતુઓમાં વસંત હું છું ) આવી વસંત ઋતુમાં શિરમોર એટલે હોળી - સત્યનો અસત્ય પર વિજય.. અને પછી આવે ધૂળેટીનો રંગોત્સવ.. આનંદના અબીલ અને ગમતાનો ગુલાલ.. દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગોત્સવ મહાપર્વનો કાર્યક્રમ "શ્રી મારુ કંસારા યુવા પ્રગતિ મંડળ, જૂનાગઢ" સંસ્થા દ્વારા પ્રમુખશ્રી ડૉ. શૈલેશભાઈ બારમેડાના નિવાસ સ્થાને વિશાળ પરિસરમાં યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે તમામ જ્ઞાતિજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. સવારે દસ વાગ્યે ઉત્સવ આરંભ થયો હતો. અબીલ - ગુલાલ..રંગોની બોછાર.. રાસની રમઝટ.. અને સાથે પરંપરાગત સંગીત ખૂબ જ આનંદના માહોલમાં બે કલાક સુધી રંગોત્સવ માણી સૌએ ધાણી - દાળિયા - ખજૂર અને સમયાંતરે લીંબુ સરબતની મોજ માણી હતી. આ આનંદ અવસરે વડીલો, યુવક-યુવતીઓ અને બાળકો.. પધારેલ સર્વ ઉત્સવપ્રેમી જ્ઞાતિજનો અને મહેમાનોએ જબરદસ્ત જલસો કર્યો હતો. ઉપસ્થિત સૌએ પ્રમુખશ્રી તથા મંડળનો પ્રશંસા સાથે આભાર ભાવ પ્રગટ કર્યો હતો.શ્રી મારુ કંસારા યુવા પ્રગતિ મંડળ દ્વારા થતા રચનાત્મક કલ્યાણકારી કાર્યક્રમોની શૃંખલામાં ધૂળેટીનો રંગોત્સવ જાણે યશ કલગી રૂપ યાદગાર કાર્યક્રમ બની રહ્યો હતો. સૌએ રંગે ચંગે ઉમંગે રંગોત્સવ ઊજવ્યો હતો.

જંગલોનું નિકંદન

## ગૌચરના ઓઠે 'લીલીયા'માં રક્ષક જ બન્યા ભક્ષક : ૭૦ હજાર મણ દેશી બાવળની લૂંટના પર્દાફાશ વચ્ચે પોલીસની લાલ આંખ

| કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.10

જ્યારે સત્તાના જોરે જંગલોનું નિકંદન નીકળતું હોય ત્યારે પ્રકૃતિ લોહીના આંસુ રડે છે. અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ભોરીગડા અને વાઘણીયા વિસ્તારમાં છેલ્લા ૬૦ દિવસથી ચાલી રહેલા 'સફેદ કૌભાંડ'નો આખરે પર્દાફાશ થયો છે. ગૌચર સફાઈના બહાને કુદરતી નિવસન તંત્રનો સોથ વાળી દેતા ભૂમાફિયાઓ સામે હવે સ્થાનિક તંત્ર જાગ્યું છે. ભોરીગડા-વાઘણીયાના જંગલોમાં રાતના અંધકારમાં જેક-મશીનો અને ઈલેક્ટ્રિક ચેન-શોનો ઘોંઘાટ પર્યાવરણનો શ્વાસ રૂંધી રહ્યો છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં અંદાજે ૬૫,૦૦૦ થી ૭૦,૦૦૦ મણ કિંમતી દેશી બાવળનું ગેરકાયદેસર કટીંગ કરી, કરોડો રૂપિયાનું લાકડું બજારમાં ફૂંકી દેવાયું છે. દરરોજ સાંજે ૭ થી વહેલી સવારના ૩ વાગ્યા સુધી આઈશર અને ટ્રકોની હારમાળા નાના લીલીયા ચેકપોસ્ટ પરથી પસાર થાય છે, જે તંત્રની રહેમનજર હેઠળ ચાલતા આ મોટા ખેલ તરફ આંગળી ચીંધે છે.મોટી માછલીઓ ક્યારે પકડાશે..??? સીસીટીવી ફૂટેજમાં પુરાવા કેદ છે. જો વન વિભાગ અને મહેસૂલ વિભાગ ખરેખર નિષ્પક્ષ તપાસ કરવા માંગતા હોય, તો નાના લીલીયા પોલીસ ચેકપોસ્ટના છેલ્લા ૬૦ દિવસના CCTV ફૂટેજ તપાસવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે તેમ છે. આ લાકડાના કાળા નાણાં કોના ખિસ્સામાં જઈ રહ્યા છે..??? શું Google Earth ની આગામી ટાઈમલેપ્સ ઈમેજરીમાં જંગલના વિનાશના ડાઘા દેખાશે ત્યારે જ તંત્ર જાગશે.???હાલની તાજી કાર્યવાહી લીલીયા પોલીસે ૪.૪૫ લાખનો મુદ્દામાલ ઝડપ્યોએક તરફ મોટા પાયે લૂંટ ચાલી રહી છે.

લુણાવાડામાં ફિલ્મી ઢબે પીછો કરીને આરોપીને દબોચી લેવામાં આવ્યો...

## મોડાસા થી ગોધરા જતી કારમાંથી 885 કિલો ગૌમાસ નો જથ્થો ઝડપી પાડતી મહીસાગર એલસીબી

| જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.10



પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહા નિરીક્ષક આર વી અસારી તથા મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન તથા I/C પોલીસ અધિક્ષક વિકાસ યાદવ નાઓએ મહીસાગર જિલ્લામાં ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાતા પશુઓ તથા ગૌ માંસ ની વેચાણની પ્રવૃત્તિઓને સદંતર નાબૂદ કરવા માટે સૂચનાઓ કરતા મહીસાગર એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર ની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફના માણસોની અલગ અલગ ટીમોની રચના કરવામાં આવી હતી આ સમયગાળા દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળવા પામી હતી કે એક honda cr-v ગાડી મોડાસા થી ગેરકાયદેસર રીતે ગૌ માસનો જથ્થો ભરીને ગોધરા તરફ જવાની છે ત્યારે મળેલી બાતમીના આધારે એલસીબી સ્ટાફના માણસો લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારના ચારકોશિયા નાકા પાસે મળેલી બાતમી વાળી ગાડીની વોચમાં ઉભા રહી ગયેલ હતા ત્યારે બાતમી વાળી ગાડી આવતા એલસીબી સ્ટાફના માણસોએ વાહનોની આડાશ કરીને ગાડીને રોકવા માટે પ્રયત્નો કર્યા હતા પરંતુ ગાડીના ડ્રાઈવરે ગાડીને ઉભી રાખી ન હતી અને પૂર ઝડપે ગોધરા તરફ ના હાઈવે રોડ ઉપર ભાગવા લાગેલ હતો જેથી આ ગાડીનો પીછો કરીને લુણાવાડા એસટી વર્કશોપની સામે ગાડીને રોકીને તેમાંથી એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો બાદમાં ગાડીની સીટ તેમજ ડીકીમાં તપાસ કરતા અલગ અલગ પ્લાસ્ટિક ના મીણીયાના કોથળાઓમાં પશુનું માંસ ભરેલ હોવાનું જણાય આવ્યું હતું જેથી માંસ નું એફ એસ એલ ખાતે પરીક્ષણ કરાવતા આ માંસ ગૌ માંસ હોવાનું બહાર આવવા પામ્યું હતું ઝડપી પાડવામાં આવેલ ગૌ માંસ આશરે ૮૮૫ કિલો,કિંમત રૂપિયા ૦૧,૭૭,૦૦૦/ તથા બીજો મુદ્દા માલ કિંમત રૂપિયા ૦૩૮૨૦૦/ સાથે આરોપીઓ વિરુદ્ધ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવા માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી..... શાહિદ સાદીક હયાત, રહેવાસી ઈદગાહ મહોલ્લા, ગોદરા રોડ,ગોધરા,જી.પંચમહાલ પકડાયેલ આરોપી પંચમહાલ જિલ્લાના મોરવા પોલીસ સ્ટેશન, ગોધરા બી ડિવિઝન પોલીસ સ્ટેશન તેમજ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિવિધ ગુનાઓમાં સંડોવાયેલ હોવાનું જાણવા મળેલ છે..

હેકરે હેક કરી આચર્યું કૌભાંડ

## ભાવનગર ડિસ્ટ્રીક કો.ઓપ. બેન્કની વિવિધ શાખામાંથી સાતેક કરોડનું સાયબર ફ્રોડ

ભાવનગર : વ્યક્તિના ખાતામાંથી પૈસા ઉપડી જવાની સાથો સાથ હવે બેન્કોની થાપણો સુધી સાયબર હેકર્સ પહોંચી ગયા છે. રવિવારની રજાના દિવસે મોબાઈલ એપ્લીકેશનના માધ્યમ સાથે ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ બેન્કના ડેટા હેક કરી સીક્યુરીટી સિસ્ટમને ક્રેક કરી વિધિ ત્રણેક બ્રાંચમાંથી સાત કરોડ જેવી માતબર રકમની ઉચાપત થઈ હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ અંગેની જાણ થતા હેડ ઓફીસ દ્વારા જિલ્લાની તમામ બ્રાંચોમાં બેન્કની કામગીરી સ્થગિત કરી દેવાઈ હતી અને ૨૫ જેટલા તજજ્ઞાની ટીમ તપાસમાં કામે લગાડી હતી. ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેન્કની વિવિધ ૮૮ શાખામાં ૧.૨૫ લાખ ખાતેદારોની કરોડોની થાપણો પડેલી છે અને તેના ડેટાની પણ જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાય હોવા છતા ગઈકાલે રવિવારે ચોક્કસ તત્વો અને સાયબર ફ્રોડના જાણકાર ઈસમો દ્વારા બેન્કની સંપૂર્ણ સિસ્ટમ હેક કરીને ડેટા સિક્યુરીટીને ક્રેક કરી હેકર્સ દ્વારા વિવિધ બ્રાંચમાંથી અંદાજે સાતેક કરોડનું ફ્રોડ કરી પૈસા ઉપડી ગયા હતાં. જો કે, આજે સવારે વર્કિંગ દિવસ દરમિયાન સિસ્ટમ ખોલતાની સાથે જ ફ્રોડ થયું હોવાનું જણાતા હેડ ઓફીસ દ્વારા તુર્ત જ ડિસ્ટ્રીક કો. ઓપરેટીવ બેન્કની તમામ ૮૮ શાખાની કામગીરી સ્થગિત કરવાના આદેશો આપવામાં આવ્યા હતાં અને કામગીરી બંધ કરી દેવાઈ હતી. જ્યારે પ્રાથમિક તપાસમાં સિદસર, સુભાષનગર સહિતની ત્રણ કે ચાર બ્રાંચમાં આ સાયબર ફ્રોડ આચરાયું હોવાનું જાણવા મળેલ છે.

ઘરેલુ ગેસ સિલિન્ડર બુકિંગમાં હવે ૨૪ દિવસનું અંતર રાખવું ફરજિયાત બનશે

# એલપીજી સિલિન્ડર બુકિંગના નવા નિયમોથી ગ્રાહકોમાં ભારે ફાળ

## રાંધણ ગેસના ભાવ વધારા વચ્ચે સંગ્રહખોરી રોકવા કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા.10

મિડલ ઈસ્ટમાં વણસેલી યુદ્ધ જેવી પરિસ્થિતિ અને વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે ભારત સરકારે સામાન્ય ગ્રાહકોને અસર કરતો એક મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા લેવાયેલા તાજા નિર્ણય મુજબ, હવે ઘરેલુ રાંધણ ગેસના વપરાશકારોએ એક સિલિન્ડર લીધા બાદ બીજા સિલિન્ડરના બુકિંગ માટે ૨૫ દિવસ સુધીની લાંબી રાહ જોવી પડશે. કાળાબજાર અને બિનજરૂરી સંગ્રહખોરી પર લગામ કસવાના આશયથી બુકિંગના સમયગાળામાં આ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે ગ્રાહકોએ હવે બે રિફિલ વચ્ચે ફરજિયાતપણે ૨૪ દિવસનું અંતર જાળવવું પડશે.છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઊર્જા ક્ષેત્રે અનિશ્ચિતતા જોવા મળી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મંત્રાલયે અગાઉ બુકિંગનો સમયગાળો ૧૫ દિવસથી વધારીને ૨૧ દિવસ કર્યો હતો, પરંતુ પરિસ્થિતિની ગંભીરતા જોતા તેને ફરી વધારીને ૨૫ દિવસ કરી દેવામાં આવ્યો છે. આ ફેરફારનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે તહેવારો કે કટોકટીના સમયે લોકો ગેસનો બિનજરૂરી સ્ટોક ન કરે અને જરૂરિયાતમંદ પરિવારોને



સમયસર પુરવઠો મળી રહે. જોકે, સરકારે ખાતરી આપી છે કે દેશમાં હાલમાં રાંધણ ગેસ કે ઇંધણની કોઈ ભૌતિક અછત નથી. ગ્રાહકો માટે પડ્યા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે, કારણ કે માત્ર બે દિવસ પહેલા જ ઘરેલુ સિલિન્ડરના ભાવમાં ૬૦નો તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, સબસિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૮૫૩થી વધીને હવે ૯૧૩ સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત, કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં પણ ૧૧૪.૫નો વધારો થતા વેપારી આલમમાં પણ ચિંતા પ્રસરી છે. મોંઘવારીના આ રાક્ષસ સામે લડતા મધ્યમ વર્ગ માટે હવે ગેસનો વપરાશ કરકસરપૂર્વક કરવો અનિવાર્ય બન્યો છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી સમયમાં સ્થાનિક ગ્રાહકો પર વધુ આર્થિક બોજ ન પડે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દેશમાં ગેસનો અવિરત સપ્લાય ચાલુ રાખવા માટે ઔદ્યોગિક વપરાશમાં લેવાતા એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ના જથ્થાને હવે ઘરેલુ વપરાશ માટે ડાયવર્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. સરકારનું માનવું છે કે આ પગલાથી સપ્લાય ચેઈનમાં કોઈ અવરોધ નહીં આવે અને સામાન્ય જનતાને ભાવમાં મોટા ફેરફાર વગર રાહત આપી શકાશે. હાલમાં દરોમાં વધુ કોઈ કપાત કે રેશનલાઈઝેશનની શક્યતા ન હોવાનું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

નવા નિયમો અમલી બનતા જ હવે ઓનલાઈન કે ઓફલાઈન બુકિંગ સિસ્ટમમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. જો કોઈ ગ્રાહક ૨૫ દિવસ પૂર્ણ થયા પહેલા નવો ઓર્ડર નોંધાવવાનો પ્રયાસ કરશે, તો સિસ્ટમ દ્વારા તેને નકારવામાં આવશે. આ સંજોગોમાં ગૃહિણીઓએ પોતાના રસોડાનું બજેટ અને ગેસનો વપરાશ નવા નિયમોને આધીન ગોઠવવો પડશે. મિડલ ઈસ્ટ યુદ્ધની અસરો ભારતના રસોડા સુધી પહોંચી હોય તેમ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

## ઈસ્ટમેન ઓટો એન્ડ પાવર લિમિટેડે ઈન્ટરસોલર ઈન્ડિયા 2026માં એડવાન્સ્ડ સોલાર સોલ્યુશન્સ પ્રદર્શિત કર્યા

(એજન્સી) ગાંધીનગર | તા.10

ઈસ્ટમેન ઓટો એન્ડ પાવર લિમિટેડ ("ઈસ્ટમેન") ઊર્જા પરિવર્તન ક્ષેત્રે નવીનતાલાવનાર કંપની, ત્રણ મુખ્ય વર્ટિકલ્સ લાસ્ટ-માઈલ ઈ-મોબિલિટી સોલ્યુશન્સ, સોલર સોલ્યુશન્સ અને કન્ટીન્યુડ એનર્જીસોલ્યુશન્સમાં કાર્યરત હોવાની સાથેસાથે ક્લિન અને રિન્યુએબલ એનર્જી તરફના પરિવર્તનને વેગ આપવા માટે ઈનોવેશનનેઆગળ ધપાવે છે, તેણે 25થી 27 ફેબ્રુઆરી 2026 દરમિયાન હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત (હોલ 1,સ્ટોલ સી141) ખાતે યોજાયેલા ઈન્ટરસોલર ઈન્ડિયા 2026માં સફળતાપૂર્વક ભાગ લીધો હતો. એક્સ્પોમાં, ઈસ્ટમેને તેના સોલાર અને એનર્જી સ્ટોરેજ સોલ્યુશન્સના પોતાના અદ્યતન પોર્ટફોલિયોનું પ્રદર્શન કર્યું, જેવિશ્વસનીય, હાઈ-પરફોર્મન્સ અને ફ્યુચર-રેડી સોલાર રૂફટોપ એનર્જી સોલ્યુશન્સ પ્રદાન કરવાની તેની પ્રતિબદ્ધતાને પુન:પુષ્ટિકરે છે. આ વિશાળ ડિસ્પ્લેમાં કંપનીની રેસિડેંશિયલ, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ સેગમેન્ટ્સમાં વિવિધ ઉર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવાની ક્ષમતાને દર્શાવી છે.

# News Brief

## આઈડીએફસી ફર્સ્ટ બેંકે ગ્રાહકોના વિશ્વાસ માટે ૬૪૫ કરોડની ચુકવણી કરી

નવી દિલ્હી: ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક આઈડીએફસી ફર્સ્ટ બેંકે મંગળવારે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું છે કે, ચંદીગઢ સ્થિત તેની એક જ શાખામાં બનેલી ઘટનાને પગલે ઉભા થયેલા તમામ દાવાઓનું પતાવટ કરી દેવામાં આવ્યું છે. બેંકે આ બાબતે કુલ ૬૪૫ કરોડ રૂપિયાની ચોખ્ખી મુદ્દલ રકમ ચૂકવી છે. મહત્વની વાત એ છે કે, બેંકે સ્ટોક એક્સચેન્જને અગાઉ આપેલી ૫૯૦ કરોડની પ્રાથમિક માહિતી કરતા આ વખતે ૫૫ કરોડ રૂપિયા વધુ ચૂકવ્યા છે. બેંકના જણાવ્યા અનુસાર, હવે આ મામલે કોઈ પણ નવો દાવો બાકી નથી અને તમામ સંબંધિત ખાતાઓનું સમાધાન (Reconciliation) પૂર્ણ કરી લેવામાં આવ્યું છે.બેંકે રેગ્યુલેટરી ફાઈલિંગમાં સ્પષ્ટ કર્યું છે કે, આ ચુકવણી માત્ર ચંદીગઢની શાખા પૂરતી મર્યાદિત છે અને આ કોઈ નવો મામલો નથી. બેંકે ગ્રાહકોના નાણાં પરત કરવાના પોતાના સૈદ્ધાંતિક અભિગમને જાળવી રાખીને આ નિર્ણય લીધો છે. બેંકના સત્તાવાર નિવેદન મુજબ, ગ્રાહકોના મુદ્દલના નાણાંની ચુકવણી પૂર્ણ કરી દેવામાં આવી હોવા છતાં, આ ઘટના માટે જવાબદાર ગુનેગારો સામે કાયદેસરની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે, જેથી બેંકના લેણાંની વસૂલાત થઈ શકે. મીડિયા અહેવાલ મુજબ, ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ પછી દેશના અન્ય કોઈ પણ ભાગમાંથી આવા કોઈ દાવા પ્રાપ્ત થયા નથી. ચંદીગઢની આ ઘટના છતાં બેંકની એકંદર કામગીરી પર કોઈ પ્રતિકૂળ અસર પડી નથી. બેંકની કુલ થાપણો ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં વધીને ૨,૯૨,૩૮૧ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે, જે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ૨,૯૧,૧૩૩ કરોડ રૂપિયા હતી. આ આંકડા દર્શાવે છે કે બેંકમાં ગ્રાહકોનો વિશ્વાસ અકબંધ છે.

## મિડલ ઈસ્ટ યુદ્ધના કારણે ભારતીય અર્થતંત્ર પર ખતરો ઓઈલ ૧૧૦ ડોલર થવાની ભીતિ

નવી દિલ્હી: મિડલ ઈસ્ટમાં સતત વણસી રહેલી યુદ્ધની પરિસ્થિતિને કારણે ભારત જેવા ઉભરતા અર્થતંત્ર પર આર્થિક દબાણ વધ્યું છે. એમકે વેલ્થ મેનેજમેન્ટના તાજેતરના નાણાકીય અહેવાલ અનુસાર, ઉર્જાના વધતા ભાવ અને શેરબજારમાં જોવા મળતી અસ્થિરતા ભારતની જીડીપી (GDP) વૃદ્ધિને અસર કરી શકે છે. અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે આ સંઘર્ષ અનેક દેશોને પોતાની ઝપેટમાં લઈ રહ્યો છે, જેની અસર અપેક્ષા કરતા વધુ ગંભીર હોઈ શકે છે. ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવ જે અગાઉ ૬૫ થી ૭૦ ડોલરની આસપાસ હતા, તે હવે વધીને ૧૧૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા છે. ઈરાનના તેલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થવાથી અને હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાથી વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ છે. આ ઉપરાંત, કતારથી આવતો એલએનજી (LNG) પુરવઠો પણ અટકી ગયો છે, જેના કારણે કુદરતી ગેસના ભાવમાં ૫૦ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો છે. જો આ યુદ્ધ એક મહિનાથી વધુ સમય ચાલશે, તો એલએનજીના ઉત્પાદનમાં ૧૧.૨૦ મિલિયન ટન સુધીનો મોટો ઘટાડો થઈ શકે છે. મીડિયા અહેવાલ મુજબ, ક્રૂડ ઓઈલના ભાવમાં થતો દરેક ૧૦ ટકાનો વધારો ભારતના જીડીપી વૃદ્ધિ દરને આશરે ૦.૨૫ ટકા જેટલો ઘટાડી શકે છે. યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય તણાવના સમયમાં ભારતીય રૂપિયો નબળો પડી રહ્યો છે, જેના કારણે ઈલેક્ટ્રોનિક્સ અને જ્વેલરી જેવી આયાતી વસ્તુઓ મોંઘી થઈ રહી છે. ક્રૂડના વધતા ભાવ અને આયાત ખર્ચમાં વધારો થવાથી દેશમાં મોંઘવારીનો ડામ લાગવાની શક્યતા છે. આ પરિસ્થિતિને કારણે બજારમાં વ્યાજ દરો અને ભંડોળના ખર્ચમાં પણ વધારો થઈ શકે છે.

## ભારત-ઓસ્ટ્રેલિયાની ભાગીદારીથી ગ્રીન સ્ટીલ ક્ષેત્રે ઐતિહાસિક સફળતા કૃષિ કચરાનો ઉપયોગ

નવી દિલ્હી: ભારત અને ઓસ્ટ્રેલિયાની વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ સ્ટીલ ઉદ્યોગમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની દિશામાં એક મોટી સફળતા મળી છે. ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય વિજ્ઞાન એજન્સી CSIRO અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) ના સંશોધકોએ ભારતમાં વ્યાપારી ધોરણે વિશ્વમાં પ્રથમવાર કૃષિ કચરાનો ઉપયોગ કરીને 'ગ્રીન સ્ટીલ' બનાવવાનું સફળ પરીક્ષણ કર્યું છે. આ પરીક્ષણ દરમિયાન સ્ટીલ બનાવવાની પ્રક્રિયામાં વપરાતા કોલસાના સ્થાને સ્થાનિક રીતે મેળવેલા ડાંગરના કચરા (રાઈસ હસ્ક) ના પેલેટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે પર્યાવરણની દૃષ્ટિએ અત્યંત મહત્વનું કદમ માનવામાં આવે છે.આ પ્રયોગ ઓડિશા સ્થિત જિંદાલ સ્ટીલ પ્લાન્ટમાં કરવામાં આવ્યો હતો. સંશોધકોની ટીમે ૫ ટકા અને ૧૦ ટકા ડાંગરના પેલેટ્સને વ્યાપારી ગેસિફાયરમાં ભેળવીને લોખંડના ઉત્પાદનની પ્રક્રિયા ચકાસી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ મિશ્રણથી ઉત્પાદનની ગુણવત્તા કે કામગીરીમાં કોઈ જ ઘટાડો જોવા મળ્યો નથી. આ સફળતાથી એ સાબિત થયું છે કે ભારતમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ કૃષિ કચરો કોલસાનો સસ્તો અને પ્રદૂષણમુક્ત વિકલ્પ બની શકે છે. આ પ્રોજેક્ટને ઓસ્ટ્રેલિયા સરકારની ઈન્ડિયા-ઓસ્ટ્રેલિયા ગ્રીન સ્ટીલ રિસર્ચ પાર્ટનરશિપ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.ભારતનો સ્ટીલ ઉદ્યોગ હાલમાં પ્રતિ ટન સ્ટીલ દીઠ ૨.૫૫ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન કરે છે, જે વૈશ્વિક સરેરાશ ૧.૮ ટન કરતા ઘણો વધારે છે. ૨૦૩૦ સુધીમાં ભારતની સ્ટીલ ઉત્પાદન ક્ષમતા ૩૦૦ મિલિયન ટન સુધી પહોંચવાની ધારણા છે.

પ્રોસેસ્ડ ફૂડ નિકાસમાં ચાર ગણો વધારો થતા ભારત હવે વિશ્વનું નેતૃત્વ કરશે

## વૈશ્વિક વ્યાપાર કરારોથી ભારતીય ખેડૂતો અને લઘુ ઉદ્યોગોને થશે મોટો ફાયદો

નવી દિલ્હી: કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે નવી દિલ્હીમાં આયોજિત ૪૦માં 'આહાર' આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને આતિથ્ય મેળામાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભારત જે રીતે વૈશ્વિક વ્યાપાર કરારોનું વિસ્તરણ કરી રહ્યું છે, તેનાથી દેશના ખેડૂતો, માછીમારો અને લઘુ ઉદ્યોગો (MSMEs) માટે અગણિત તકોનું સર્જન થશે. ભારતે વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓમાં "પસંદગીના બજાર" (Preferential Market) નો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, જેના કારણે ભારત હવે વિશ્વભરના રોકાણકારો માટે સૌથી આકર્ષક સ્થળ બની ગયું છે. મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી સમયમાં ભારતીય ઉત્પાદનો માટે વૈશ્વિક બજારોના અનેક બંધ દરવાજા ખુલવા જઈ રહ્યા છે.છેલ્લા સાડા ત્રણ વર્ષમાં ભારતે કુલ ૯ મુક્ત વ્યાપાર કરાર (FTAs) ને અંતિમ ઓપ આપ્યો છે, જેણે ૩૮ જેટલા વિકસિત અને સમૃદ્ધ દેશોના બજારોમાં ભારતીય વેપારીઓ માટે પ્રવેશ સરળ બનાવ્યો છે. પિયુષ ગોયલે માહિતી આપી હતી કે, ભારત આજે વિશ્વના કુલ વ્યાપારના બે તૃતીયાંશ ભાગને આવરી લે છે, જ્યાં ભારતીય માલસામાન અને સેવાઓને વિશેષ પ્રાધાન્ય મળે છે. આ વ્યૂહાત્મક કરારો ભારતને વૈશ્વિક વેલ્યુ ચેઈનનો અભિન્ન હિસ્સો બનાવવામાં મદદ કરી રહ્યા છે, જેનાથી અન્ય રાષ્ટ્રો સાથે વ્યાપારિક જોડાણો મજબૂત બનશે. ભારતની કૃષિ અને ખાદ્ય ઉત્પાદનોની નિકાસ અત્યારે વાર્ષિક ૫૫ અબજ ડોલર એટલે કે અંદાજે પાંચ લાખ કરોડ રૂપિયાને આંબી ગઈ છે.

## ટ્રમ્પના સિગ્નલ બાદ બજારમાં તેજીની રિકવરી, સેન્સેક્સ 639.82 પોઈન્ટ વધી 78,205.98ના અંકે બંધ

(એજન્સી) મુંબઈ | તા.10

ભારતીય શેરબજારમાં સપ્તાહના પહેલા દિવસે મોટો કડાકો થયો હતો. જેના બાદ બીજા દિવસે બજારના આરંભે સારી શરૂઆત જોવા મળી. બજારમાં આજે થોડી રિકવરી જોવા મળી. બજાર બંધ થવાના સમયે સેન્સેક્સ અને નિફ્ટી ઉછાળા સાથે બંધ થયા. બજારમાં આજે રિકવરીનો માહોલને પગલે રોકાણકારોએ રાહતનો શ્વાસ લીધો. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડા બાદ આજે સ્થાનિક શેરબજારમાં મજબૂત રિકવરી જોવા મળી. બજાર બંધ થવાના સમયે 3.30 વાગ્યે BSE સેન્સેક્સ લગભગ +639.82 (0.82%) ટકા વધીને 78,205.98ના અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 50 પણ મજબૂત રીતે ટ્રેડ થતા +233.55 (0.97%) પોઈન્ટ વધી 24,261.60 ના અંકે બંધ થયો. જણાવી દઈએ કે સોમવારે બજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો. એટલું જ નહીં, ગયા અઠવાડિયે પણ સ્થાનિક શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. મંગળવારે લાંબા સમય બાદ બજાર રિકવરી મોડમાં જોવા મળ્યું. બજાર ખુલવાના સમયે લીલા નિશાન સાથે ખૂલ્યું હતું. આખો દિવસ સેન્સેક્સ અને નિફ્ટી સકારાત્મક સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. આજે સેન્સેક્સની 30 માંથી 24 કંપનીઓના શેરમાં ઉછાળો થયો હતો અને બાકીની બધી 6 કંપનીઓના શેરમાં ઘટાડા જોવા મળ્યો. તેવી જ રીતે, નિફ્ટી 50 ની 50 માંથી 41 કંપનીઓના શેર પણ લીલા રંગમાં વધારા સાથે બંધ થયા હતા અને બાકીની બધી 9 કંપનીઓના શેર લાલ રંગમાં ઘટાડા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ કંપનીઓમાં, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર આજે સૌથી વધુ 3.67 ટકાના વધારા સાથે બંધ થયો હતો, જ્યારે ઈન્ફોસિસનો શેર આજે સૌથી વધુ 1.40 ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. મંગળવારે શેરબજારમાં કડાકો અટકી ગયો હોય તેવું લાગતું હતું, અને સેન્સેક્સ અને નિફ્ટીએ ભારે તેજી સાથે વેપાર શરૂ કર્યો હતો. આ ઉછાળો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કારણે માનવામાં આવે છે. હકીકતમાં, ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાની સેના સંપૂર્ણપણે નાશ પામી છે અને યુદ્ધ તેના અંતના આરે છે.

ઊર્જા પૂરવઠામાં લાંબી ખલેલને પરિણામે ડોલર મજબૂત બનવા ધારણા

## ઊભરતી બજારો માટે રેમિટન્સ, વિનિમય દરના પડકારો ઊભા થશે

(એજન્સી) મુંબઈ | તા.10

ઈરાન -ઈઝરાયલ યુદ્ધને પરિણામે કેટલીક ઊભરતી બજારો માટે ઊર્જા આયાત, રેમિટેન્સિસ તથા વિનિમય દરો જેવા વધારાના પડકારો ઊભા થઈ શકે છે એમ રેટિંગ એજન્સી ફીચ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું હતું.અમેરિકા તથા ઈઝરાયલ દ્વારા ૨૮ ફેબુરઆરીના શરૂ કરાયેલા હુમલા સામે ઈરાન જોરદાર વળતા પ્રહાર કરી રહ્યું છે. અખાતી વિસ્તારમાંથી વૈશ્વિક ઊર્જા પૂરવઠામાં અપેક્ષા કરતા વધુ સતત ખલેલ વૈશ્વિક રોકાણકારોના માનસ પર અસર કરી શકે છે. આને કારણે ડોલર મજબૂત બનશે અને ઋણ સાધનો જાહેર કરવા માટે બજાર વધુ નબળી બનશે. ઊર્જાના ઊંચા ભાવથી ફુગાવામાં વધારો થશે જે વૈશ્વિક સ્તરે નાણાં નીતિના નિર્ણયો પર અસર પાડશે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. યુદ્ધને કારણે ઓઈલ તથા ગેસની આયાત પર સીધી અસર પડી રહી છે.ભારત જેવા મોટા અર્થતંત્રો માટે ઈંધણની નેટ આયાત જીડીપીના



૩ ટકા કે તેનાથી વધુ રહે છે. ઊર્જા આયાતો, રેમિટેન્સ, રાજકોષિય સબ્સિડી તથા વિનિમય દરો પર આધારિત કેટલીક ઊભરતી બજારો માટે આ યુદ્ધ વધારાના પડકારો ઊભા કરી શકે છે. હોર્મુઝ ખાડી એક મહિના કરતા ઓછા સમય સુધી બંધ રહેશે અને તેલ ઉત્પન્ન કરતા માળખાઓને મોટી નુકસાની અટકાવાશે તો, ઊભરતી બજારોના રેટિંગ્સને કાબુમાં રાખી શકાશે.

## ભારત ટૂંક સમયમાં બનશે વિશ્વનો અગ્રેસર કૃષિ અને દરિયાઈ નિકાસકાર

નવી દિલ્હી: દેશની રાજધાનીમાં આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને આતિથ્ય મેળા 'આહાર'ની ૪૦મી આવૃત્તિનો ભવ્ય પ્રારંભ થયો છે. આ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે ભારતની વધતી જતી આર્થિક ક્ષમતાનો ઉલ્લેખ કરતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારત ટૂંક સમયમાં કૃષિ અને દરિયાઈ ઉત્પાદનોની નિકાસમાં વિશ્વનું નેતૃત્વ કરશે. હાલમાં ભારત આ ક્ષેત્રમાં વિશ્વનો સાતમો સૌથી મોટો નિકાસકાર દેશ છે, પરંતુ સરકારના લક્ષ્યાંક મુજબ આગામી દિવસોમાં ભારત પ્રથમ હરોળમાં સ્થાન મેળવશે. આ કાર્યક્રમમાં ઈટાલીના રાજદૂત એન્ટોનિયો બાર્ટોલી અને આઈટીપીઓ ના ચેરમેન જાવેદ અશરફ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, ભારતનો આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રભાવ ઝડપથી વધી રહ્યો છે. ભારતે અત્યાર સુધીમાં ૩૮ દેશો સાથે કુલ ૯ મુક્ત વ્યાપાર કરાર (FTAs) પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારોને કારણે ભારતીય ઉત્પાદકો અને સેવા પૂરી પાડનારાઓ માટે વિશ્વના બે તૃતીયાંશ બજારોના દરવાજા ખુલી ગયા છે. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે 'આહાર' જેવા પ્રદર્શનો આ તકોનો સંપૂર્ણ લાભ ઉઠાવવા માટે અને ભારતીય ઉત્પાદકોને આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે સીધા જોડવા માટે અત્યંત આવશ્યક છે. આ વર્ષનો મેળો રાજદ્વારી દૃષ્ટિએ પણ મહત્વનો છે, કારણ કે પ્રથમ વખત ઈટાલી આ મેળામાં 'પાર્ટનર કન્ટ્રી' તરીકે જોડાયું છે. ઈટાલીના રાજદૂત એન્ટોનિયો બાર્ટોલીએ આ તકે આશા વ્યક્ત કરી હતી કે, નવા વ્યાપાર કરારોથી બંને દેશો વચ્ચે કૃષિ-ખાદ્ય ક્ષેત્રે રોકાણ અને વેપારમાં મોટો ઉછાળો આવશે. તેમણે ઉમેર્યું કે ભારત દ્વારા વેપાર અવરોધો ઘટાડવાથી વધુને વધુ વિદેશી કંપનીઓ ભારતમાં આવીને વેપાર અને રોકાણ કરવા પ્રેરાશે. વૈશ્વિક સંઘર્ષો છતાં, ભારત અને ઈટાલી વચ્ચે વેપારને સુગમ બનાવવા માટે 'ફાસ્ટ-ટ્રેક કોરિડોર' બનાવવાની દિશામાં પણ કામ કરવામાં આવશે.

ફુગાવા સાથે બેરોજગારી તથા માંગમાં મંદીનો સામનો કરવો પડે તેવો પ્રવર્તતો મત

## ભારત સહિત એશિયાઈ દેશોના બજેટ ખોરવાઈ જવાનું તોળાતું જોખમ

(એજન્સી) મુંબઈ | તા.10


યુદ્ધને કારણે સોમવારે ક્રુડ તેલના ભાવમાં આવેલા જોરદાર ઉછાળા બાદ ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરી જતા અગાઉથી જ નાણાંભીડનો સામનો કરી રહેલી એશિયાના વિવિધ દેશોની સરકારો માટે તેમના બજેટ પરની તાણમાં વધારો થવાનું જોખમ ઊભું થયું છે એટલુ જ નહીં ફુગાવો પણ વધવાની સ્થિતિમાં છે ત્યારે વ્યાજ દરના ગણિતો પણ બદલવાનું દબાણ આવી શકે છે, એમ વિશ્લેષકો મત ધરાવી રહ્યા છે. ફોરેકસ રિઝર્વના નીચા સ્તર સાથેના દેશો માટે સ્થિતિ કઠીન બનશે.અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ વધુ ઘેરુ બનતા અને મધ્ય પૂર્વમાં અનેક ઓઈલ રિફાઈનરીઓમાં ઉત્પાદન ખોરવાઈ જતા ક્રુડ તેલના ભાવ સોમવારે ઊંચામાં પ્રતિ બેરલ ૧૨૦ ડોલરની નજીક જોવા મળ્યા હતા.પશ્ચિમ એશિયા વિસ્તાર ઊર્જા સલામતિ સામે આંચકાનું કેન્દ્રબિન્દુ છે અને પૂરવઠા ખલેલ ચાલુ રહેશે તો ફુગાવા સાથે બેરોજગારી તથા માગમાં મંદીનો સામનો કરવાનો વારો આવી શકે છે, એમ નોમુરાના એક રિપોર્ટમાં જણાવાયું હતું. એક અઁદાજ પ્રમાણે ક્રુડ તેલના ભાવમાં પ્રતિ બેરલ એક ડોલરના વધારાથી ભારતના આયાત બિલમાં વાર્ષિક ૧.૮૦ અબજ ડોલરનો વધારાનો બોજ આવી પડે છે. એશિયા વિસ્તાર માટે આગામી મહિનો એકદમ જ મહત્વનો બની રહેશે. સ્થિતિને સંભાળવા એશિયાએ પહેલા તો પોતાની નાણાં નીતિને સમતુલિત બનાવવી પડશે એમ અન્ય એક અર્થશાસ્ત્રીએ મત વ્યકત કર્યો હતો. એશિયાના મોટાભાગના દેશોમાં ક્રુડની આયાત હોર્મુઝ ખાડી મારફત થાય છે, જેને કારણે આ દેશોમાં ઈંધણની અછતની સાથોસાથ ભાવમાં ઉછાળાના પડકાર રહેલા છે. જાહેર દેવાનો બોજ આમપણ વધી રહ્યો છે માટે સરકારો પાસે રાજકોષિય રાહતો પૂરી પાડવાના અવકાશ પણ મર્યાદિત રહેશે. ફુગાવાને કારણે ઉપભોગતાઓની ખર્ચ શક્તિ મર્યાદિત બની જશે. કોઈપણ દેશના આર્થિક વિકાસ માટે ઉપભોગ ખર્ચ ઊંચો રહે તે જરૂરી હોય છે. એશિયા વિસ્તારની મોટાભાગની કેન્દ્રીય બેન્કોએ તેમની નાણાં નીતિમાં બદલાવ લાવવાનું અચાનક જ દબાણ આવી ગયું છે. વ્યાજ દરમાં ઘટાડો કરવા સહિત હળવી નાણાં નીતિને વિવિધ દેશોએ હાલમાં સ્થગિત કરી દેવાની રહેશે એમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું. ફુગાવાની ચિંતા વચ્ચે એશિયાના દેશોના ચલણના દર ડોલર સામે તૂટી રહ્યા છે.

વૈશ્વિક બ્રોકરેજ ફર્મ એ ઓઈલ માર્કેટિંગ કંપનીઓના રેટિંગમાં ઘટાડો કર્યો

# ક્રૂડ ઓઈલ 100 ડોલર ને કૂદાવી જતાં ઓઈલ કંપનીઓના માર્જિન પર દબાણ

(એજન્સી) અમદાવાદ | તા.10

પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ-ઈરાન સંઘર્ષ દરમિયાન ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઉપર ગયા બાદ વૈશ્વિક બ્રોકરેજ ફર્મ યુબીએસએ ભારતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓના રેટિંગમાં ઘટાડો કર્યો છે. યુબીએસએ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને ભારત પેટ્રોલિયમને 'તટસ્થ' રેટિંગ આપ્યું છે, જ્યારે હિન્દુસ્તાન પેટ્રોલિયમને વેચાણ રેટિંગ આપ્યું છે.યુબીએસએ ના મતે, ક્રૂડ ઓઈલના ભાવ અને રિફાઈનિંગ માર્જિનમાં તાજેતરમાં વધારો ૨૦૨૨ ના તેલ બજાર સંકટની યાદ અપાવે છે. બ્રોકરેજ માને છે કે ક્રૂડ ઓઈલના વધતા ભાવ ભારતીય સરકારી માલિકીની તેલ કંપનીઓ પર નકારાત્મક અસર કરી શકે છે, કારણ કે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવમાં તાત્કાલિક ફેરફાર માટે મર્યાદિત અવકાશ છે. વધુમાં, નબળો રૂપિયો પણ



દબાણમાં વધારો કરી રહ્યો છે. રૂપિયો હાલમાં ડોલર સામે ૯૨ ની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે, જે ૨૦૨૨ માં લગભગ ૭૯ પર હતો.

યુબીએસ એ નાણાકીય વર્ષ ૨૦૨૭ અને ૨૦૨૮ માટે ભારતીય તેલ કંપનીઓ માટે તેના માર્કેટિંગ માર્જિન અંદાજને ૪૩-૪૫% અને ૨૨-૨૬% સુધી ઘટાડ્યો છે. જો કે, તે જ સમયગાળા માટે તેના ગ્રોસ રિફાઈનિંગ માર્જિન અંદાજને વધારીને ૩૦-૪૮% અને ૨૧-૩૯% કરવામાં આવ્યા છે.બ્રોકરેજ અનુસાર, જો કંપનીઓનો નફો માર્કેટિંગથી રિફાઈનિંગ તરફ જાય છે, તો તેમના માટે લાભ ન્યૂનતમ રહેશે, કારણ કે તેમની આવકનો નોંધપાત્ર ભાગ ઈંધણ માર્કેટિંગમાંથી આવે છે. પરિણામે, યુબીએસ એ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ માટે તેના FY2027 ચોખ્ખા નફાના અંદાજમાં અનુક્રમે ૧૯%, ૧૫% અને ૪૬% ઘટાડો કર્યો છે. દરમિયાન, આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ૪૦ મહિનામાં પહેલીવાર ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઉપર ગયો હતો. એપ્રિલ ૨૦૨૬ ના ફ્યુચર્સ કોન્ટ્રેક્ટનો ભાવ ૧૧૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો, જે સોમવારના ટ્રેડિંગમાં ૨૫% થી વધુનો વધારો દર્શાવે છે. ફક્ત છેલ્લા મહિનામાં, બ્રેન્ટ ક્રૂડના ભાવ લગભગ ૬૮ ડોલર થી વધીને ૧૧૬ ડોલર પ્રતિ બેરલ થયા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ વદ-08

### ભાજપ માટે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ ગળાનું હાડકુ બન્યા

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદએ કાશીથી ધર્મયુદ્ધની શરૂઆત કરી છે. ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માગણી સાથે એમણે યાત્રા શરૂ કરી છે જે ૧૧મી માર્ચે લખનૌ પહોંચશે. આક્રમક અવિમુક્તેશ્વરાનંદના ભક્તોએ વહેચેલી પત્રિકાઓમાં લખ્યું હતું કે, 'જિંદા હિન્દુ લખનૌ ચલે' અવિમુક્તેશ્વરાનંદજી લોકો વચ્ચે જઈને એવી રજુઆત કરી રહ્યા છે કે, હિન્દુ મતો દ્વારા ચૂંટાયેલી સરકાર સામે ગાયને બચાવવા માટે આંદોલન કરવું પડે છે. એમ લાગે છે કે અવિમુક્તેશ્વરાનંદ ભાજપ માટે ગળાનું હાડકુ બન્યા છે. ભાજપના જ કેટલાક નેતાઓ અવિમુક્તેશ્વરાનંદને પડખે ઉભા છે. ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી કેશવપ્રસાદ મૌર્ય ખુલ્લેઆમ અવિમુક્તેશ્વરાનંદના ટેકામાં છે. અવિમુક્તેશ્વરાનંદ હિન્દુ ધર્મગુરુ હોવાથી ભાજપ ખુલીને એમનો વિરોધ પણ કરી શકે એમ નથી.છેલ્લા કેટલાક દિવસોથી કોંગ્રેસ નરેન્દ્ર મોદી પર ધારદાર પ્રવાહો કરે છે. ખાસ કરીને મોદી ટ્રમ્પથી દબાયેલા હોવાની ટીકા થઈ રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગેએ કહ્યું હતું કે ટ્રમ્પ સરમુખત્યાર છે અને મોદી એમના ગુલામ છે. ખડગેનો આરોપ છે કે ભારતની વિદેશનીતિ અને વેપારનીતિ હવે અમેરિકાના દબાણમાં ચાલી રહી છે. જેને કારણે દેશ અને ખેડૂતોને નુકસાન થઈ રહ્યું છે. કોઈપણ દેશના નેતાની હત્યાથી દુનિયામાં શાંતી રહી શકે નહીં. અલી ખામેનેઇ જેવા નેતાઓને નિશાન બનાવવામાં આવે છે એને કારણે આંતરરાષ્ટ્રીય કાયદા અને વૈશ્વિક સ્થિરતા માટે જોખમ ઉભુ થાય છે. અમેરિકાની વર્તણુક અભિમાની છે. પહેલા ભારત રશિયા, ઈરાન અને વેનેઝુએલા જેવા દેશો પાસે સસ્તા ભાવે ઓઈલ ખરીદતું હતું હવે અમેરિકાના દબાણ હેઠળ નિર્ણયો લેવામાં આવે છે.છેલ્લા કેટલાક સમયથી બિહારના રાજકારણમાં ચર્ચા ચાલી રહી હતી કે નિતિશકુમારના પુત્ર નિશાંતકુમાર ગમે ત્યારે રાજકારણમાં દાખલ થઈ શકે છે. જોકે જે પરિસ્થિતિમાં એમનો રાજકારણમાં પ્રવેશ થયો છે એની કલ્પના કોઈએ કરી નહોતી. નિતિશકુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયને બીજે જ દિવસે નિશાંતકુમારના રાજકીય પ્રવેશનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નિશાંતકુમાર પક્ષના સિનિયર નેતા સંજય ઝાની હાજરીમાં જેડીયુમાં જોડાયા. નિતિશકુમારે રાજ્યસભાનું નામાંકન ભર્યું ત્યારથી પક્ષના કાર્યકરો નારાજ છે. નિતિશકુમારની ગેરહાજરીમાં પક્ષ ધણીધોરી વગરનો થઈ ગયો છે. નિતિશકુમારની નજીક રહેલા મૂળ સમાજવાદીઓનું પણ માનવું છે કે નિતિશકુમાર દિલ્હી જશે તો બિહારમાં પક્ષનું અસ્તિતત્વ જોખમમાં છે. હવે નિશાંતકુમારને માથે પક્ષને ટકાવવાની જવાબદારી આવી પડી છે. આ ઉપરાંત નિશાંતકુમાર પર વારસાગત રાજકારણનો આક્ષેપ પણ થઈ શકે છે. લાલુ પુત્ર કે મુલાયમ સિંહ યાદવના પુત્રની જેમ નિશાંતકુમારને તૈયાર ભાણે જમવાનું મળવાનું નથી.છેલ્લા ઘણા વર્ષોથી બીએસપીના પ્રમુખ માયાવતી ભાગ્યે જ મોદી સરકારની ટીકા કરે છે. કયારેક ફરજ પડે ત્યારે તેઓ લવીંગ કેરી લાકડીએ મોદી સરકારને ટપકારી લે છે. હમણા જ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ પશ્ચિમ બંગાળના પ્રવાસે હતા ત્યારે મમતા બેનર્જીની સરકારે એમની સાથે અપમાનજનક અને અઘટીત વર્તન કર્યું હોવાની ફરિયાદ નરેન્દ્ર મોદીએ કરી હતી. મોટા ભાગના વિરોધપક્ષના નેતાઓ આ બાબતે મમતા બેનર્જીની પડખે ઉભા રહ્યા હતા. જોકે માયાવતીએ મોદીનો પક્ષ લઈને સમગ્ર ઘટનાને કમનસીબ ગણાવી હતી. માયાવતીએ મમતા બેનર્જીને શીખામણ આપતા કહ્યું હતું કે રાષ્ટ્રપતિ એક મહિલા હોવા ઉપરાંત આદિવાસી સમાજના છે. બંધારણીય હોદ્દા પર બેઠેલા તમામ લોકોને માન આપવું જોઈએ. પ્રોટોકોલનું માન જાળવવું પણ જરૂરી છે. આ બાબતે રાજકારણ કરવું જોઈએ નહીં.પશ્ચિમ બંગાળમાં એસઆઇઆરના અભિયાનનો મુદ્દો હજી સળગી રહ્યો છે. સુપ્રિમ કોર્ટમાં ફરીથી પશ્ચિમ બંગાળ એસઆઇઆરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. એટલું જ નહીં સુનાવણી વખતે સીએએ અરજદારોની અરજીનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. આ જોઈને જ સીજેઆઇ સુર્યકાંત ભડકી ગયા હતા. એમણે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે શું સુપ્રિમ કોર્ટ પાસે પશ્ચિમ બંગાળ સિવાય બીજું કોઈ કામ નથી? જોકે એમણે અરજી ફગાવી દીધી નહોતી. સુપ્રિમ કોર્ટમાં સીજેઆઇની બેન્ચ સમક્ષ સિનિયર એડવોકેટ નેનકા ગોસ્વામીએ એસઆઇઆરમાં મતદારોના નામ હટાવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. એમણે કહ્યું હતું કે, જે મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢવામાં આવ્યા છે એમણે અગાઉ મતદાન કર્યું છે.

# કેવડિયા SOU ખાતે CISFના 57મા સ્થાપના દિવસની ઉજવણી





રાજપીપલા | કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ(CISF)ના 57 માં સ્થાપના દિવસની સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાની ઉપસ્થિતિમાં એકતા નગર ખાતે ઉજવણી કરવામાં આવી હતી . પ્રાપ્ત માહિતી મુજબ SOU ખાતે આજે યોજાયેલ પરેડમાં CISF ના જવાનોએ સલામી આપી હતી.આ પ્રસંગે. ખાસ સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષામાં તૈનાત શ્વાનદળના કરતબોનું નિદર્શન પણ કરવામાં આવ્યુ હતું,ઉપસ્થિત સર્વેએ આ કરતબોને વધાવ્યા હતા.આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાએ જણાવ્યું હતું કે, વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓની સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને લેતા કેન્દ્ર સરકાર દ્વારા ૨૫ ઓગસ્ટ ૨૦૨૦થી સમગ્ર પરીસરની સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ(CISF)ને સોંપવામાં આવી છે,CISF દ્વારા પૂરી શાલિનતાથી સુરક્ષાની જવાબદારીનું વહન કર્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વૈશ્વિક પ્રવાસન સ્થળ હોય હજારો પ્રવાસીઓ પ્રતિદિન મુલાકાત લેતા હોય છે ત્યારે તમામની સુરક્ષા સાથે સુવિધાઓ માટે ખુબ સરસ કાર્ય હાથ ધરાઈ રહ્યું છે.આ પ્રસંગે SRPF ના સેનાપતિ જ્યોતિબેન પટેલ,નાયબ વન સંરક્ષક પ્રસાદ રવિ રાધાકૃષ્ણ, નાયબ કલેક્ટર અભિષેક સિંહા,ડેપ્યુટી કમાન્ડન્ટ અભિષેક સાહુ સહિતના અધિકારીઓ તેમજ CISF પરિવારના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

## ડીસા તાલુકાના ભાચરવા ગામે પશુપાલકો માટે 'સારવાર કરતા માવજત સારી' વિષયક જાગૃતિ પરિસંવાદ યોજાયો

### સરદાર કૃષિનગર વેટરનરી કોલેજ દ્વારા ડીસાના ભાચરવા ગામે એન્ટીબાયોટિક રેઝિસ્ટન્સ અંગે પશુપાલકોને માર્ગદર્શન અપાયું

પાલનપુર | સરદાર કૃષિનગર સ્થિત પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી દ્વારા ડીસા તાલુકાના ભાચરવા ગામે પશુપાલકો માટે 'સારવાર કરતા માવજત સારી' વિષય પર એક વિશેષ જાગૃતિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વેટરનરી ફાર્માકોલોજી અને ટોક્સિકોલોજી વિભાગ તેમજ વેટરનરી માઈક્રોબાયોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના આશરે ૧૦૦ જેટલા પશુપાલકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય પશુપાલકોમાં એન્ટીબાયોટિક દવાઓના અતિરેક અને અયોગ્ય ઉપયોગથી ઉભી થતી 'એન્ટીબાયોટિક રેઝિસ્ટન્સ'ની ગંભીર સમસ્યા અંગે જાગૃતિ લાવવાનો હતો. યુનિવર્સિટીના નિષ્ણાતોએ પશુપાલકોને સમજાવ્યું હતું કે, પશુઓમાં એન્ટીબાયોટિકનો બિનજરૂરી અને વધુ પડતો ઉપયોગ કરવાથી તેની અસરકારકતા ઘટે છે, જેના કારણે ભવિષ્યમાં ચેપજન્ય રોગોની સારવાર કરવી અત્યંત મુશ્કેલ બની શકે છે. આથી, પશુપાલકોને સ્વમર્જીથી દવાઓનો ઉપયોગ ન કરવા અને હંમેશા પશુચિકિત્સકની સલાહ મુજબ જ સારવાર કરાવવા અપીલ કરવામાં આવી હતી.પરિસંવાદ દરમિયાન પશુઓમાં રોગ નિવારણ માટે યોગ્ય વ્યવસ્થાપન પદ્ધતિઓ પર ભાર મૂકતા પશુઓના રહેઠાણમાં સ્વચ્છતા, સંતુલિત આહાર, સમયસર રસીકરણ અને પશુઓના આરોગ્ય પર નિયમિત દેખરેખ રાખવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને ડેરી પશુઓમાં આર્થિક નુકસાન પહોંચાડતા 'મસ્ટાઈટિસ' રોગના લક્ષણો, તેનું પ્રારંભિક નિદાન અને નિવારણ માટેના પગલાંઓ વિશે નિષ્ણાતોએ ઊંડાણપૂર્વક માહિતી આપી હતી.કાર્યક્રમના અંતિમ ચરણમાં દૂધ દોહન દરમિયાન રાખવાની સાવચેતીઓ અંગે જીવંત પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં દોહન બાદ બાવલાની યોગ્ય સફાઈ અને 'ટીટ ડીપિંગ' જેવી આધુનિક પદ્ધતિઓ અપનાવીને ગળિયા રોગથી પશુઓને કેવી રીતે બચાવી શકાય તે શીખવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. જે. એચ. પટેલ અને ડૉ. સી. એમ. મોદીએ પશુપાલકોને વૈજ્ઞાનિક અને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગ્રામજનોએ કામધેનુ યુનિવર્સિટીના આ પ્રશંસનીય પ્રયાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## કોંગ્રેસના ધારાસભ્ય શ્રી કાન્તીભાઈ ખરાડીના આરોપો તદ્દન પાયા વિહોણા- ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

પાલનપુર | મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના છેવાડાના ગામ અને ઘર સુધી ૨૪ +૭ વિજળી મળી રહે તે માટે સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ વ્યવસ્થાના ભાગરૂપે રાજયના ઊર્જા વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના કપાસિયા,ખારી, ઝાંબા તેમજ હડાદ તાલુકાના રાણપુર-બંગલા અને મહુડા ગામોમાં વર્ષોથી સતત પુરતા વોલ્ટેજ સાથે વિજળીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

દાંતા વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય શ્રી કાન્તીભાઈ ખરાડીએ તા. ૨૮ ફેબ્રુઆરીએ વિધાનસભા ગૃહમાં આ ગામોને વિજળી મળતી નથી તેવા કરેલા આરોપો તદ્દન પાયા વિહોણા છે તેમ, સ્થળ તપાસ બાદ વિગતો આપતાં આજે ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ગૃહમાં જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમારા ઊર્જા વિભાગ દ્વારા રાજ્યના ખેડૂતોને સતત અને પુરતા વૉલ્ટેજ સાથે વિજળી મળી રહે તે માટે ખેતર સુધી ટ્રાન્સફોર્મર ઉભા કરાયા છે.

આ સિવાય પણ જ્યારે કોઈ ટેક્નિકલ ખામી આવે અથવા કોઈ ફરિયાદ આવે ત્યારે તેનો તાત્કાલિક ઉકેલ લાવીને વિજળી પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવે છે.

## પાલનપુર ખાતે ૧૭ માર્ચના રોજ જિલ્લા કક્ષાનો મેગા રોજગાર ભરતી મેળો યોજાશે: ૫૦૬ જગ્યાઓ માટે ભરતી કરાશે

### બનાસકાંઠાના યુવાનો માટે સુવર્ણ તક: પાલનપુરમાં ૧૫ જેટલી નામાંકિત કંપનીઓ દ્વારા સીધી ભરતી કરાશે

### નગરપાલિકા ટાઉન હોલ પાલનપુર ખાતે જિલ્લા કક્ષાનો રોજગાર મેળો: ૧૮ થી 30 વર્ષના ઉમેદવારો ભાગ લઈ શકશે

પાલનપુર | જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર (જિ. બનાસકાંઠા) દ્વારા આગામી તા. ૧૭/૦૩/૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે નગરપાલિકા ટાઉન હોલ, જહાઆરા બાગ, ફાયર સ્ટેશનની બાજુમાં, પાલનપુર ખાતે જિલ્લા કક્ષાના રોજગાર ભરતી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તકો મળી રહે તે હેતુથી આ મેળામાં વિવિધ નામાંકિત કંપનીઓની કુલ ૫૦૬ ખાલી જગ્યાઓ માટે સીધી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ભરતીમેળામાં વોલ્ટાસ બેકો પ્રા.લી., મિત્સુબિશી ઈલેક્ટ્રિક ઓટોમોટીવ, ટાટા ઓટોકોમ્પ, જે. બી.એમ. પ્રા.લી., અરવિંદ મિલ્સ લિમિટેડ, વેલસ્પન લીવિંગ, યુનો મિંડા લાઈટિંગ અને જે. એન.એસ. જેવી વિઠલાપુર, સાણંદ અને અંજારની કંપનીઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સ્થાનિકસ્તરે મહેશ બજાજ, કિયા મોટર્સ, સારથી ટોયોટા, સારથી હીરો, લીક-પ્રૂફ એન્જિનિયરિંગ (છાપી), વસંત ફેબ્રિકેટર્સ (છાપી) અને એચ.ડી.એફ.સી. લાઈફ ઈન્સ્યોરન્સ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ જોડાશે.

## બનાસકાંઠા કલેક્ટર શ્રી મિહિર પટેલના હસ્તે 'ટેક હોમ રાશન' અને 'શ્રી અન્ન' આધારિત ડિજિટલ વાનગી બુકલેટનું લોન્ચિંગ કરાયું

### આંગણવાડીની બહેનો દ્વારા તૈયાર કરાયેલી પૌષ્ટિક વાનગીઓ હવે ડિજિટલ સ્વરૂપે: બનાસકાંઠા જિલ્લામાં પોષણ જાગૃતિનો નવતર પ્રયાસ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા કલેકટર શ્રી મિહિર પટેલના હસ્તે પાલનપુર કલેકટર કચેરી ખાતેથી પોષણ શક્તિ - 'ટેક હોમ રાશન' અને શ્રી અન્ન (મિલેટ્સ) આધારિત પૌષ્ટિક વાનગીઓ" નામની ડિજિટલ બુકલેટનું લોન્ચિંગ કરાયું હતું. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી ઉષાબેન ગજ્જરના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ શાખા દ્વારા પોષણ અંગે જાગૃતિ વધારવાના હેતુસર આ બુકલેટ તૈયાર કરાઈ છે. આ ડિજિટલ બુકલેટમાં આંગણવાડીમાંથી કિશોરીઓ, સગર્ભા-ધાત્રી માતાઓ અને બાળકોને મળતા 'ટેક હોમ રાશન' તથા શ્રી અન્ન (મિલેટ્સ) નો ઉપયોગ કરીને સ્થાનિક સ્તરે સરળતાથી તૈયાર કરી શકાય તેવી વિવિધ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને કિશોરીઓ, બાળકો, સગર્ભા તથા ધાત્રી માતાઓના પોષણમાં સુધારો લાવવા તેમજ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ ખાદ્ય પદાર્થોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે આ બૂકલેટ તૈયાર કરવામાં આવી છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, પોષણ અભિયાનને વધુ મજબૂત બનાવવા માટે આવી પહેલ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. શ્રી અન્ન (મિલેટ્સ) તથા ટેક હોમ રાશનનો યોગ્ય ઉપયોગ કરીને પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરવાથી કિશોરીઓ, બાળકો તથા માતાઓના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો શક્ય બનશે. આ બૂકલેટ તૈયાર કરવાની પ્રક્રિયામાં જિલ્લાના આંગણવાડી કાર્યકરો દ્વારા સ્થાનિક સ્તરે બનાવાતી વિવિધ પૌષ્ટિક વાનગીઓનું સંકલન કરવામાં આવ્યું છે. આ ડિજિટલ બૂકલેટ આંગણવાડી કાર્યકરો તેમજ લાભાર્થીઓ માટે માર્ગદર્શિકા સ્વરૂપે ઉપયોગી બનશે. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી ઉષાબેન ગજ્જર દ્વારા તમામ આંગણવાડી કાર્યકરો, કર્મચારીઓ, લાભાર્થીઓ તથા નાગરિકોને આ ડિજિટલ બૂકલેટ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા વિનંતી કરવામાં આવી છે.

## સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી વિકાસની તકો - વિષય નિષ્ણાંત દિનેશ કાનેત દ્વારા માર્ગદર્શન



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૯: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગ દ્વારા “લક્ષ્ય” શ્રેણી અંતર્ગત કારકિર્દી વિકાસ કેન્દ્રના સહયોગથી “Career Paths in Sociology” વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન આમંત્રિત નિષ્ણાત દિનેશભાઈ કાનેતનું વિભાગના અધ્યાપક દ્વારા સુતરની આંટીથી સન્માન કરવામાં આવ્યું હતું. સંશોધક વિદ્યાર્થીઓ તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દિનેશભાઈ કાનેતએ પોતાના વ્યાખ્યાનમાં સમાજશાસ્ત્ર વિષયમાં કારકિર્દીના વિવિધ વિકલ્પો, સંશોધન ક્ષેત્રે ઉપલબ્ધ તકો અને સમાજ વિકાસમાં સમાજશાસ્ત્રના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યે સંવેદનશીલ રહી કાર્ય કરવાની પ્રેરણા આપી હતી. વિષય નિષ્ણાત દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વિકાસ, કારકિર્દી માર્ગદર્શન અને આધુનિક સમયમાં જરૂરી કૌશલ્યો વિશે મહત્વપૂર્ણ માહિતી આપી વિદ્યાર્થીઓને તેમની ક્ષમતાઓ ઓળખી આગળ વધવા માટે પ્રેરણા આપી જીવનમાં શિસ્ત, મહેનત અને સકારાત્મક વિચારધારા અપનાવવાનો સંદેશ આપ્યો હતો.

## લખપત તાલુકાની વીરાંગના નારી શક્તિનું સન્માન: સોરવી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ મહિલા દિવસની ભવ્ય ઉજવણી




જગદીશ દવે : દેશલપર (ગુંતલી)

સોરવી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે લખપત તાલુકાની કર્મનિષ્ઠ મહિલાઓ અને ઉભરતી પ્રતિભાઓને બિરદાવવા માટે એક વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય મામલતદાર શ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકાની વિવિધ ક્ષેત્રની 'વીરાંગના' નારી શક્તિને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી.

ઉપસ્થિત મહાનુભાવો:

આ પ્રસંગે લખપત તાલુકા મામલતદાર શ્રી નવીનચંદ્ર મારું, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી હર્ષદભાઈ પંચાલ, બી.આર. સી. શ્રી જીગરભાઈ સુથાર, પૂર્વ BRC શ્રી J.D. મહેશ્વરી હાજર રહી કાર્યક્રનું સંચાલન કર્યું હતું, અને લખપત તાલુકા શિક્ષક ધિરાણ મંડળીના ઉપપ્રમુખ શ્રી બિપીનભાઈ મોદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સોરવી ચેરિટેબલ ટ્રસ્ટ વતી કચ્છ જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા.

૩૦ મહિલાઓનું બહુમાન:

લખપત તાલુકામાં શિક્ષણ, આરોગ્ય, પોલીસ વહીવટ અને સ્વચ્છતા અભિયાનમાં શ્રેષ્ઠ કામગીરી કરનારી:


* શિક્ષિકા બહેનો
* આંગણવાડી વર્કર
* પોલીસ સ્ટાફ
* આરોગ્ય વિભાગના કર્મચારીઓ
* સફાઈ કર્મચારીઓ

એમ કુલ મળીને ૩૦ જેટલી મહિલાઓનું તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

નાની ઉંમરે મોટું સંશોધન: જત મુમલ અને જત સુખિયાણીનું વિશેષ સન્માન

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળામાં ધોરણ 7 માં અભ્યાસ કરતી બે બાળાઓ જત મુમલ કાસમભાઈ અને જત સુખિયાણી જાકબ રહ્યા હતા. આ દીકરીઓએ પ્લાસ્ટિક માંથી પેટ્રોલિયમ બનાવવાનું સફળ સંશોધન કરી તેની પેટન્ટ મેળવી છે.

## ગઢશીશા કન્યાશાળામાં જીવ વાત્સલ્ય અભિયાન અંતર્ગત પક્ષીઘર અને પાણીના કુંડા લગાવાયા



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

તા. 10/03/2026ના રોજ જીવ વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શ્રી પ્રાથમિક કન્યાશાળા ગઢશીશા ખાતે જીવ વાત્સલ્ય ટીમ ગઢશીશા તા - માંડવી કચ્છ દ્વારા પક્ષીઓ માટે સેવા કાર્ય કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના પરિસરમાં પક્ષીઓ માટે પક્ષીઘર (માળા), પાણીના કુંડા અને દાણા માટે ટ્રે લગાવવામાં આવ્યા હતા. ઉનાળાની ઋતુ દરમિયાન પક્ષીઓને પાણી અને નિવાસની સુવિધા મળી રહે તે હેતુથી આ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ અભિયાન દ્વારા વિદ્યાર્થીઓમાં જીવદયા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. શાળા પરિવાર તેમજ ગ્રામજનોએ જીવ વાત્સલ્ય ટીમના આ સેવાભાવી પ્રયાસને સરાહ્યો હતો

## ગરમીના પ્રકોપથી બચવા આરોગ્ય વિભાગ, મહાનગરપાલિકા, જૂનાગઢની જનસમુદાય ને અપીલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦. હવે રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધવા પામ્યું છે. વધુ પડતી ગરમી માણસોના આરોગ્ય ને માટે હાનીકારક છે. ચાલુ વર્ષે શરૂઆતમાં જ દિવસના તાપમાન માં વધારો જોવા મળી રહ્યો છે. ગરમીના વધારા ને કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક )ની શક્યતાઓ વધી જાય છે. જેમાં શરીર અને હાથ-પગ માં અસહ્ય દુખાવો થવો, ખુબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હ્રદય ના ધબકારા વધી જવા જેવા લક્ષણો જોવા મળે છે. લુ લાગવા (સન સ્ટ્રોક )થી બચવા માટે આરોગ્ય વિભાગ નીચે મુજબ ની સલાહ આપે છે.

બને ત્યાં સુધી બપોર ના સમયે બહાર જવાનું ટાળવું. ઉનાળા ની ઋતુ દરમિયાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા.

નાના બાળકો, સગર્ભા બહેનો, વૃધ્ધો, તથા અશક્ત વ્યક્તિ ઓ એ તડકામાં ફરવું નહિ.

દિવસ દરમિયાન દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું. શક્ય હોય તો લીંબુનું શરબત બનાવીને પીવું જોઈએ. ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂર જણા યે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સમાજશાસ્ત્ર ભવન દ્વારા “લક્ષ્ય શ્રેણી ” અંતર્ગત નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું- સ્પર્ધાત્મક પરીક્ષામાં ગણિતનું મહત્વ વિદ્યાર્થીઓને માર્ગદર્શન



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જૂનાગઢનાં સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગ દ્વારા “લક્ષ્ય” શ્રેણી અંતર્ગત કારકિર્દી વિકાસ કેન્દ્રના સહયોગથી “Career Paths in Sociology” વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પધારેલ નિષ્ણાત વક્તા શ્રી સમિર આર. જાવિયાએ કાર્યક્રમ દરમિયાન “Innovative Mathematical Smart Tricks” વિષય પર નિષ્ણાત દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે રસ વધારવો તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી બની શકે તેવી સરળ અને નવીન ગણિતીય ટ્રિક્સ અંગે માહિતી આપવાનો હતો.વ્યાખ્યાન દરમિયાન નિષ્ણાતે વિવિધ ગણિતીય સમસ્યાઓને ઝડપી અને સરળ રીતે ઉકેલવા માટેની સ્માર્ટ પદ્ધતિઓ સમજાવી હતી. તેમણે ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ગણિતીય તર્કશક્તિ અને દૈનિક જીવનમાં ગણિતના ઉપયોગ વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી સત્રમાં અનેક પ્રશ્નો પૂછ્યા હતા. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગનાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા સમીર જાવીયાએ સ્પર્ધાત્મક પરીક્ષામાં ગણિતનું મહત્વ સમજાવ્યુ હતુ.

# “પરમાણુ ઉર્જા અને કૃત્રિમ શક્તિ ભારતને $30 ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવી શકે છે”: કુશાગ્ર બજાજ

**જય હિંદ કોલેજ ખાતે ફેમિલી મેનેજ્ડ બિઝનેસ હબ દ્વારા આયોજિત “મેગા નેટવર્કિંગ મીટ 2026” માં બજાજ ગ્રુપના ચેરમેન અને તેમની પુત્રીએ યુવા ઉદ્યોગસાહસિકો સાથે સફળતાના મંત્ર શેર કર્યા.**






મુંબઈ | 10 માર્ચ. અગ્રણી ઔદ્યોગિક સમૂહ, બજાજ ગ્રુપના ચેરમેન કુશાગ્ર બજાજે જણાવ્યું હતું કે પરમાણુ ઉર્જા અને કૃત્રિમ બુદ્ધિ ભારતના લાંબા ગાળાના આર્થિક વિકાસ માટે બે સૌથી મહત્વપૂર્ણ ઉદ્યોગો તરીકે ઉભરી શકે છે, જે આગામી દાયકાઓમાં દેશના $5 ટ્રિલિયન અર્થતંત્રથી $30 ટ્રિલિયન અર્થતંત્રમાં પરિવર્તનમાં નોંધપાત્ર યોગદાન આપશે.

શ્રી બજાજે જય હિંદ કોલેજ ખાતે ફેમિલી મેનેજ્ડ બિઝનેસ હબ દ્વારા આયોજિત ‘મેગા નેટવર્કિંગ મીટ 2026‘ માં બોલતા આ નિવેદન આપ્યું હતું, જ્યાં તેમણે તેમની પુત્રી અને બજાજ ગ્રુપની પ્રથમ મહિલા સિનિયર એક્ઝિક્યુટિવ, સુશ્રી આનંદમયી બજાજ સાથે વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉદ્યોગસાહસિકો સાથે વાતચીત કરી હતી અને કારકિર્દી સફળતા માટે ટિપ્સ શેર કરી હતી. શ્રી બજાજે જણાવ્યું હતું કે પરમાણુ ઉર્જા અને કૃત્રિમ બુદ્ધિ ભારતના આર્થિક ભવિષ્યને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું, ‘અમે પરમાણુ ઉર્જા વ્યવસાયમાં પ્રવેશ કરી રહ્યા છીએ, અને મારું માનવું છે કે AI યુવાનો માટે એક વિશાળ તક રજૂ કરે છે કારણ કે તેમાં ઉત્પાદકતા, નવીનતા અને ઉર્જા સુરક્ષામાં નોંધપાત્ર વધારો કરવાની ક્ષમતા છે, કારણ કે ભારત $30 ટ્રિલિયન અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.‘ તેમણે પેઢીઓ સુધી કૌટુંબિક સાહસોને ટકાવી રાખવા માટે મૂલ્યો અને શિસ્તના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે કૌટુંબિક વ્યવસાયને જવાબદારીપૂર્વક જાળવવા અને વિકસાવવા માટે સુસંગતતા, સખત મહેનત, વાંચન અને ઊંડાણપૂર્વક વિચારવાની ક્ષમતા જરૂરી છે. તેમણે ભાર મૂક્યો હતો કે વ્યવસાયિક પરિવારોએ આગામી પેઢીને મજબૂત શિસ્ત અને જવાબદારીની ભાવના સાથે ઉછેરવી જોઈએ, જેથી તેઓ સમજી શકે કે કોઈ સાહસ બનાવવા અને ટકાવી રાખવા માટે શું જરૂરી છે. નેતૃત્વ અને શિક્ષણ અંગેના પોતાના દ્રષ્ટિકોણને શેર કરતા, બજાજ ગ્રુપના પાંચમી પેઢીના યુવા નેતા શ્રીમતી આનંદમયી બજાજે, વ્યૂહાત્મક વિચારસરણીને આકાર આપવામાં વૈશ્વિક સંપર્ક અને સતત શિક્ષણના મૂલ્ય વિશે વાત કરી. તેમણે કહ્યું કે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવાથી વિશ્વ પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાય છે.

# કચ્છ માટે કેન્દ્ર સરકારની મોટી જાહેરાત : ‘હાઈવે ટુ હેવન’ માટે રૂ. 650 કરોડથી વધુની મંજૂરી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



કચ્છના સરહદી અને પ્રવાસન વિસ્તારોના વિકાસ માટે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે નેશનલ હાઈવે 754Kના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 650.42 કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ યોજના અંતર્ગત ઘડુલીથી સાંતલપુર સુધીનો નેશનલ હાઈવે ટુ-લેન સાથે પેવ્ડ શોલ્ડર સાથે વિકસાવવામાં આવશે.

આ માર્ગ લખપત, ઘડુલી, ઝારા, હાજીપીર, ખાવડા, કાંઢવાંઢથી ધોળાવીરા સુધી કુલ 165.58 કિલોમીટર સુધી અપગ્રેડ કરવામાં આવશે. વિશ્વપ્રસિદ્ધ “રોડ ટુ હેવન” તરીકે ઓળખાતો આ માર્ગ વધુ પહોળો અને સુરક્ષિત બનવાથી પ્રવાસનને મોટી ગતિ મળશે.

રણોત્સવ સહિત વર્ષ દરમિયાન કચ્છમાં પ્રવાસીઓની સંખ્યા વધતી હોવાથી ટ્રાફિકનો ભાર અને અકસ્માતના જોખમમાં ઘટાડો થવાની અપેક્ષા છે. ઉપરાંત કચ્છમાં ખનિજ અને મીઠા ઉદ્યોગ માટે પરિવહન વ્યવસ્થા વધુ સરળ બનશે.

ભારે વાહનોની અવરજવર સરળ બનતા વેપાર, લોજિસ્ટિક્સ અને સ્થાનિક અર્થતંત્રને પણ નવી ગતિ મળશે. લખપતથી ધોળાવીરા સુધીની કનેક્ટિવિટી વધુ મજબૂત બનવાથી સરહદી વિસ્તારોના વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના અખૂટ પ્રયત્નોથી આ મહત્વપૂર્ણ માર્ગને આખરે મંજુરી મળી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરી સાહેબે દિલ્હીથી વિશેષ ટીમ મોકલી હતી, જેણે ત્રણ દિવસ સુધી આ માર્ગ ઉપર વાહન વ્યવહારની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. રોડ ઓથોરિટીના નાયબ કાર્યપાલક એન્જિનિયર પ્રજાપતિ સાહેબ અને તેમની ટીમે પોતાની અહેવાલ દિલ્હી પહોંચાડતા આખરે આ પ્રોજેક્ટને મંજુરીનો મોર લાગી ગયો.

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સાહેબનો પણ દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## હિટવેવનો કહેર: વઘઈમાં પારો 42 ડિગ્રીને પાર, અસહ્ય ગરમીથી જનજીવન પ્રભાવિત..

ડાંગ | ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સૂર્યનારાયણ આકરા મિજાજમાં જોવા મળી રહ્યા છે, જેના કારણે સમગ્ર પંથકમાં હિટવેવ જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે કુદરતી સૌંદર્ય અને વર્ષાઋતુમાં ઠંડક માટે જાણીતો આ ડુંગરાળ પ્રદેશ અત્યારે અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યો હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. અસહ્ય ગરમી અને બફારાના કારણે ગ્રામ્ય વિસ્તારોના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગરમીનો પારો એટલી હદે ઉંચકાયો છે કે બપોરના સમયે રસ્તાઓ અને બજારોમાં જાણે સ્વયંભૂ સંચારબંધી હોય તેમ સન્નાટો છવાઈ જાય છે. લોકો ખૂબ જ અનિવાર્ય કામ હોય તો જ ઘરની બહાર નીકળવાનું સાહસ કરી રહ્યા છે, અન્યથા બપોરના સમયે ઘરોમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે.તાપમાનના આંકડાઓ પર નજર કરીએ તો, ડાંગ જિલ્લાના વઘઈ વિસ્તારમાં ગરમીનો પ્રકોપ સૌથી વધુ જોવા મળ્યો છે, જ્યાં પારો અંદાજે 42 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે.

## કોટક અલ્ટ્સે સૌપ્રથમ કેટાલિસ્ટ એવોર્ડ્સના વિજેતાની જાહેરાત કરી

# સુશ્રી હિમાની ચૌધરી કેટાલિસ્ટ ઓફ ધ યર – ભારતની બેસ્ટ ફાઇનાન્શિયલ કન્ટેન્ટ ક્રિએટર બની અને રૂ. 25 લાખનું ઇનામ જીત્યું



મુંબઈ | ફાઈનાન્શિયલ કન્ટેન્ટ ક્રિએશનમાં શ્રેષ્ઠતા અને જવાબદારીને માન્યતા આપવા માટે તૈયાર કરાયેલી રાષ્ટ્રીય પહેલ, કોટક કેટાલિસ્ટ એવોર્ડ્સે (Kotak Katalyst Awards) તેની પ્રથમ કેટાલિસ્ટ એડિશનના વિજેતાની જાહેરાત કરી છે. કોટક અલ્ટરનેટ એસેટ મેનેજર્સ લિમિટેડે (“Kotak Alts”) આજે હિમાની ચૌધરીને વિજેતા તરીકે જાહેર કરી હતી. વિજેતાને રૂ. 25 લાખનું ઇનામ આપવામાં આવ્યું હતું, જે કેટાલિસ્ટને ભારતમાં ફાઈનાન્શિયલ કન્ટેન્ટ ક્રિએટર્સ માટે સૌથી અર્થપૂર્ણ માન્યતાઓમાં સ્થાન આપે છે.

કોટક ઓલ્ટ્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રીનિ શ્રીનિવાસને જણાવ્યું હતું કે, “ભારતમાં નાણાંકીય સાક્ષરતામાં અર્થપૂર્ણ યોગદાન આપનારા કન્ટેન્ટ ક્રિએટર્સને માન્યતા આપવા માટે કોટક અલ્ટ્સ કેટાલિસ્ટ એવોર્ડ્સની સ્થાપના કરવામાં આવી હતી. જેમ જેમ રોકાણકારોની ભાગીદારી વધતી જાય છે, તેમ તેમ લોકો સ્પષ્ટતા, સંદર્ભ અને વિશ્વસનીયતા શોધી રહ્યા છે. ક્રિએટર્સનો પ્રતિસાદ જબરદસ્ત હતો અને તે નાણાંકીય ક્ષેત્રે શિક્ષણ અને સમજ પૂરી પાડતી નવી પેઢી તરફ નિર્દેશ કરે છે. પ્રારંભિક વિજેતા તરીકે, સુશ્રી હિમાની ચૌધરીએ ફાઈનાન્શિયલ કમ્યૂનિકેશનના એવા માપદંડોનું ઉદાહરણ આપ્યું છે જેને કેટાલિસ્ટ પ્રોત્સાહન આપવા માંગે છે.”

કોટક અલ્ટ્સ કેટાલિસ્ટ એવોર્ડ્સની પ્રથમ એડિશનમાં 19 રાજ્યો અને 8 ભાષાઓમાંથી 600થી વધુ એન્ટ્રીઓ મળી હતી, જે નાણાંકીય જાગૃતિને આકાર આપવામાં ડિજિટલ ક્રિએટર્સની વધતી જતી ભૂમિકા દર્શાવે છે. ફાઈનાન્શિયલ ઈકોસિસ્ટમમાં વધતી જતી અવ્યવસ્થા અને ખોટી માહિતીના પ્રતિભાવ તરીકે તૈયાર કરવામાં આવેલા કેટાલિસ્ટ એવા ક્રિએટર્સને માન્યતા આપવા માટે બનાવવામાં આવ્યા છે.

## નવી દિલ્હીમાં ‘ઈન્ડિયા ઈન્ડસ્ટ્રી વોટર કોન્ક્લેવ’માં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની હાજરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નવી દિલ્હીમાં આયોજિત 11મી ઈન્ડિયા ઈન્ડસ્ટ્રી વોટર કોન્ક્લેવ તથા 13મા એફઆઈસીસીઆઈ વોટર એવોર્ડ્સ કાર્યક્રમમાં કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉદ્યોગજગત, નીતિ નિષ્ણાતો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે સ્થાયી જળ વ્યવસ્થાપન, જળ સંચય અને ‘વોટર સર્ક્યુલેરિટી’ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના નેતૃત્વ હેઠળ દેશમાં જળ સુરક્ષાને રાષ્ટ્રીય વિકાસના કેન્દ્રસ્થાને રાખવામાં આવી છે. ઉદ્યોગોની સક્રિય ભાગીદારી દ્વારા જળ સંરક્ષણ, પાણીના કાર્યક્ષમ ઉપયોગ અને ટ્રીટેડ પાણીના પુનઃઉપયોગને વધુ વેગ મળી શકે છે.

## ઉત્તરપૂર્વના દરેક ખૂણાને જોડવાની પ્રતિબદ્ધતા

# પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં આસામને નવી રેલ્વે તાકાત મળી રહી છે



માલીગાંવ | દશકોથી, આસામ અને ઉત્તરપૂર્વની રેલ્વે વાર્તા મર્યાદિત કનેક્ટિવિટી અને ધીમી પ્રગતિ દ્વારા ચિહ્નિત થયેલ છે. મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓ, મર્યાદિત રોકાણ અને અપૂર્ણ પ્રોજેક્ટ્સ પ્રદેશના વિકાસમાં મુખ્ય અવરોધો રહ્યા. જો કે, આ પરિસ્થિતિ હવે ઝડપથી બદલાઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, આસામ અને સમગ્ર ઉત્તરપૂર્વ ભારતના રેલ્વે પરિવર્તનના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યા છે, જે આધુનિક કનેક્ટિવિટી, સલામતી અને આર્થિક તકોના નવા રસ્તાઓ ખોલી રહ્યા છે.આ પરિવર્તનનો સૌથી દૃશ્યમાન સંકેત રેલ્વે બજેટ ફાળવણીમાં જોઈ શકાય છે. 2009-14 દરમિયાન, આસામ અને ઉત્તરપૂર્વ માટે સરેરાશ વાર્ષિક રેલ્વે બજેટ ફાળવણી લગભગ રૂ. 2,122 કરોડ હતી. 2026-27માં તે વધીને રૂ. 11,486 કરોડ થઈ ગઈ છે, જે લગભગ પાંચ ગણો વધારો છે. આ વૃદ્ધિ માત્ર ઉચ્ચ રોકાણ જ નહીં પરંતુ પ્રદેશના વિકાસ પ્રત્યે કેન્દ્ર સરકારની મજબૂત પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે.આ નોંધપાત્ર રોકાણ આસામ અને ઉત્તરપૂર્વમાં મોટા પાયે રેલ્વે પરિવર્તનને વેગ આપી રહ્યું છે. હાલમાં, પ્રદેશમાં વિવિધ તબક્કામાં રૂ. 72,468 કરોડથી વધુના રેલ્વે પ્રોજેક્ટ્સ પ્રગતિ કરી રહ્યા છે. આમાં નવી રેલ્વે લાઈનનું નિર્માણ, સ્ટેશન આધુનિકીકરણ અને સલામતી સંબંધિત અનેક મહત્વપૂર્ણ પહેલનો સમાવેશ થાય છે.મુસાફર અનુભવ વધારવા માટે, આસામ અને ઉત્તરપૂર્વમાં 60 રેલ્વે સ્ટેશનોનો પુનઃવિકાસ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કરવામાં આવી રહ્યો છે. આશરે રૂ. 2,101 કરોડના અંદાજિત રોકાણ સાથે, આ સ્ટેશનોને આધુનિક મુસાફરોની સુવિધાઓ, સુધારેલી સુલભતા, સમકાલીન ડિઝાઈન અને ડિજિટલ સુવિધાઓ સાથે અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે.

## હારીજ તાલુકા ભાજપ મહિલા મોરચાના નવનિયુક્ત પ્રમુખ મમતા બેન દેસાઇએ...




હારીજ તાલુકા ભાજપ મહિલા મોરચાના નવનિયુક્ત પ્રમુખ મમતા બેન દેસાઈએ નગરપાલિકા દ્વારા યોજાયેલ હારીજ ખાતે યોજાઇ રહેલ સ્વદેશી મેળા ની મુલાકાત લઈ આપણા જ કારીગરો દ્વારા તૈયાર કરેલ ચીજવસ્તુઓની ખરીદી કરી લોકલ ફોર વોકલ સરકારના અભિગમને સાર્થક કર્યો હતો આપણા કારીગરો (કસબી )દ્વારા બનાવેલ ચીજવસ્તુઓની ખરીદી કરી પ્રોત્સાહીત કરીએ તો આપણો કારીગર આર્થિક રીતે મજબૂત બને છે જેના આપણો દેશ આપણું રાજ્ય મજબૂત બને છે જેથી આપણે સૌ સ્વદેશી મેળાની મુલાકાત લઈ ચીજવસ્તુ ખરીદી સૌ કારીગરોને પ્રોત્સાહીત કરવા. પ્રેરક સંદેશ નવનિયુક્ત મહિલા ભાજપ પ્રમુખ મમતા દેસાઈએ આપ્યો હતો. નિતીન ઠાકર ચાણસ્મા

## નવી દિલ્હીમાં રાષ્ટ્રીય બંધ સુરક્ષા પ્રાધિકરણના નવા આધુનિક કાર્યાલયનું ઉદ્ઘાટન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલએ નવી દિલ્હીના આર.કે. પુરમ સ્થિત વેસ્ટ બ્લોક-II ખાતે રાષ્ટ્રીય બંધ સુરક્ષા પ્રાધિકરણ ના નવા અત્યાધુનિક કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું. દેશના જળ સંસાધનોના સુચારૂ સંચાલન અને બંધોની સુરક્ષા મજબૂત બનાવવા માટે આ કાર્યાલયની શરૂઆત કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું. તેમજ સમગ્ર પરિસરની મુલાકાત લઈને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે બંધ સુરક્ષા વ્યવસ્થાને વધુ પારદર્શક અને ટેક્નોલોજી આધારિત બનાવવા માટે કેટલીક મહત્વપૂર્ણ ડિજિટલ પહેલો પણ શરૂ કરવામાં આવી.

# ઉદ્યોગસાહસિકતા શિક્ષણ ભારતના ઉદ્યોગસાહસિક પરિતંત્રના ઘડતરમાં અગ્રણી ભૂમિકા ભજવે છે

અમદાવાદ | ઉદ્યોગસાહસિકતાએ ભારતીય અર્થવ્યવસ્થા અને સમાજમાં અત્યંત મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. મજબૂત જાહેર નીતિઓ અને સુદ્રઢ શાસન પ્રણાલીઓ વિકાસને પોષણ આપે છે અને તેને અવ્યવસ્થિતતા વિના, રચનાત્મક અને સકારાત્મક દિશામાં માર્ગદર્શન આપે છે. આ શાખાએ વિકાસની વ્યૂહરચના તરીકે પોતાની અસરકારક શક્તિ સાબિત કરી છે, જે સંસાધનોના કાર્યક્ષમ સંકલન, માનવ સંસાધનો, મૂડી, કુશળતા અને અન્ય મહત્વપૂર્ણ સાધનોની શક્તિના સમન્વય દ્વારા ઉદ્યોગ સ્થાપિત કરે છે; જે પરિણામે ગરીબી નિવારણ, રોજગાર સર્જન અને દેશના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં વૃદ્ધિમાં યોગદાન આપે છે. કાર્યક્ષમ ઉદ્યોગસાહસિક કુશળતા, બજાર વિશે સચોટ સમજ, ટકાઉ નાણાકીય વ્યવસ્થાપન અને સ્પષ્ટ વ્યાપાર મોડલ કોઈપણ વ્યવસાયને સરળતાથી વિસ્તૃત કરવામાં સહાયરૂપ બને છે. રચનાત્મક વર્ગખંડ તાલીમ, પ્રાયોગિક માર્ગદર્શન અને વાસ્તવિક બજાર અનુભવો સાથે જોડાઈને, સ્ટાર્ટઅપની સફળતાની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો કરે છે. એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા - ઈડીઆઈઆઈ, અમદાવાદ ભારતના ઉદ્યોગસાહસિક પરિતંત્રને આકાર આપવા અને તેને મજબૂત બનાવવા માટે અગ્રણી અને કેન્દ્રિય ભૂમિકા ભજવી રહી છે. ઈડીઆઈઆઈ પાસે ઉદ્યોગસાહસિકતા શિક્ષણ, તાલીમ, કુશળતા વિકાસ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ)ના વિકાસ, સ્ટાર્ટઅપ, નવીનતા અને સંસ્થાગત નિર્માણ ક્ષેત્રોમાં 40 વર્ષથી વધુનો સમૃદ્ધ અનુભવ છે. ભારત સરકારના કુશળતા વિકાસ અને ઉદ્યોગસાહસ મંત્રાલય દ્વારા તેને કુશળતા પરિતંત્રમાં ‘સેન્ટર ઑફ એક્સેલન્સ’ તરીકે માન્યતા આપવામાં આવી છે. ઈડીઆઈઆઈ ખાતે અનુસ્નાતક શિક્ષણ માત્ર વ્યવસ્થાપકો તૈયાર કરવા માટે રચાયેલું નથી; તે માલિક-વ્યવસ્થાપકો, કુટુંબ વ્યવસાયના ઉત્તરાધિકારીઓ, ઈન્ટ્રાપ્રેન્યોર્સ અને સમુદાયમાં પરિવર્તન લાવનાર આગેવાનો તૈયાર કરવા માટે રચાયેલું છે.

# મેડિકલ સગવડતા પાછળ “મેડિકલેમ” નો મોટો ફાળો



મેડિકલેમ ની મોહજાળ..

\- રુપાલી દવે

આધુનિક સમયની મોટા માં મોટી સમસ્યા વધતી જતી મેડિકલ સગવડતા પાછળ “મેડિકલેમ” નો મોટો ફાળો. મલ્ટી સ્પેશિયલિસ્ટ હોસ્પિટલોની સંખ્યા વધવા સાથે સંખ્યાબંધ દેશી વિદેશી દવાઓ બનાવવાની ફેક્ટરી નું વધતું જતું પ્રમાણ. ફાર્મા સેક્ટર એ સૌથી વધુ આવક કરતું સેક્ટર બની રહ્યું છે. ભારત નો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ એ વિશ્વ માં ૧૩મુ સ્થાન ધરાવે છે વોલ્યુમ ની દૃષ્ટિ એ ત્રીજું સ્થાન ધરાવે છે. આ કારણોસર ભારત માં હોસ્પિટલો ની જેમ સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજ ની સંખ્યા પણ અધધધ વધી છે.આજ થી વીસ થી ત્રીસ વર્ષ પહેલા મેડિકલ કોલેજમાં એડમિશન મળવું મતલબ લોઢા ના ચણા ચાવવા બરાબર હતું.એમાં પણ એમ.બી.બી એસ પાસ કર્યા બાદ સર્જન થવું તો ખુબજ ડિફિકલ્ટ હતું. વર્તમાન સમય માં કિડની ના ફેમસ ડોક્ટર ત્રિવેદી સર જેવા નિષ્ણાંત મળવા મુશ્કેલ છે,કેમ? મેડિકલ ક્ષેત્ર હોબી હોવી અને સ્ટેટ્સ માટે ગોખણ પટ્ટી ના કે ધન ના જોરે અપનાવવું પડે બન્ને વચ્ચે જમીન આસમાન નો ફર્ક છે.વર્તમાન સમયમાં ડે સ્કૂલો એ “ડોક્ટર” કેરિયર ની ફેક્ટરી બનતી જાય છે.ઘણી વખત પેરેન્ટ્સ એના બાળકો ના કેલિબર વિશે વખાણ કરતા હોય છે ત્યારે એને કહેવાનું મન થાય છે કે અગવડતામાં કોલેરશિપ માં ભણી ને ડોક્ટર આઈ કે વીજળીવાળા બની શકે એને સાચું કેલિબર કહી શકાય છે.

આજે સમસ્યા એ છે કે ફાર્મા કંપની ની માંગ અનુસાર મેડિકલ ક્ષેત્રે જેટલી સગવડતા વધી છે.અત્યાર ના માણસ ને માંદગી કરતા હોસ્પિટલ ની સગવડતા વધારે મારી નાખતી હોય છે. તમે જ વિચારો હાર્ટ એટેક આવ્યા બાદ મલ્ટીસ્પેશિયલસ્ટ હોસ્પિટલો માં દાખલ થયા બાદ કેટલા લોકો સામન્ય ટ્રીટમેન્ટ બાદ ઘરે આવ્યા છે.હોસ્પિટલ માં હાર્ટ નો પેશન્ટ સારવાર માટે પ્રવેશ્યો ભેગા રિસેપ્શન માં “મેડિકલેમ” કેટલાનો? પૂછે છે.જો દસ લાખ કે એનાથી ઉપર નો મેડિકલેમ હોય તો દર્દી ની હાર્ટ સર્જરી સો ટકા થશે. નાનકડા ઓપરેશન કે દવાઓ થી હલ થઈ શકે એવી ટ્રીટમેન્ટ હોવા છતાંય હાર્ટ બ્લોકેજ કારણ દર્શાવી ને દર્દીની હાલત માં સુધારો કરવાના બદલે વધારો કરશે. આઈ.ઓ.સી. એલ ના નિવૃત કર્મચારી સબંધી ને અચાનક રાતે ચેસ્ટ પેઈન થતા નજીકની મલ્ટી સ્પેશિયલિસ્ટ હોસ્પિટલ માં દાખલ કરતા જ ડોક્ટર ના નિર્દેશન થી સ્ટેન્ડ મુકાવ્યું હતું. આ સબંધીની તબિયત સ્ટેન્ડ મુકાવ્યા પહેલા ઘોડા જેવી હતી એ બધુજ જમી કરી શકતા હતા.સ્ટેન્ડ મુકાવ્યા બાદ એને બેત્રણ વાર શરીર લકવા જેવું સુન્ન થઈ જવાની સમસ્યા,થોડું ચાલે કે કામ કરે ત્યાં થાકી જવાની તકલીફ,જમવા પ્રત્યે એની રુચિ ઓછી વગેરે સમસ્યા ને લીધે એનું જીવન ખુશ મિજાજ બદલાઈ ને દર્દીનું બની ચૂક્યું છે.

આ બધી સમસ્યા થવા પાછળ નું મુખ્ય કારણ લોકોનો “સગવડતા નો મોહ” છે.ટ્રસ્ટ ની હોસ્પિટલો કે સરકારી હોસ્પિટલો લોકો ઓછી પસંદ કરે છે,કેમ?ત્યાં સારવાર તો સરસ થાય છે પણ સ્વછતા ની સમસ્યા વધારે હોય છે. આ ઉપરાંત ડોક્ટરની ડ્યુટી નો સમય નિશ્ચિત હોય છે એટલે સહેજ સમસ્યા થતા ને ડોક્ટર હાજર થઈ જતા નથી. પ્રાથમિક સારવાર માટે નિયમો ગરીબ થી લઈને ધનવાન બધા માટે એકસરખા હોય છે. સરકારી હોસ્પિટલો માં પણ મેડિકેલેમ નો લાભ મળે છે પરંતુ ત્યાં સેવા આપતા ડોકટરો કાયમી નથી હોતા એટલે એ દર્દીઓ ને એની હોસ્પિટલ નું એડ્રેસ આપી દેતા હોય છે. સરકારી કોલેજ માંથી પાસ આઉટ એમ.બી.બી.એસ ડોક્ટરો દિવસભર ડ્યુટી કરતા હોય છે.સરકારી કોલેજો માં રૂપિયા ના જોરે એડમિશન મળતું નથી નીટ પરીક્ષા ના હાઈ સ્કોર થી મળે છે.આ કારણોસર સરકારી મેડિકલ કોલેજો માં ભણેલ ડોક્ટરો ને નિદાન ની બાબતે વધારે જાણકારી હોય છે.ઉદા: બ્રેસ્ટ કેન્સર ના નિદાન બાદ જીવવાની આશા ગુમાવી ચૂકેલ સ્ત્રી પાસે મેડિકલેમ ની સગવડતા નહતી અને રૂપિયા ની કમી હતી.ભાવનગર ની સરકારી હોસ્પિટલમાં બ્રેસ્ટ કેન્સર નું નિદાન કરાવી ને આ સ્ત્રી આજે એનું જીવન ખુશખુશાલ જીવી રહી છે. પ્રાઈવેટ હોસ્પિટલ માં હાર્ટ ને સબંધિત બધા ટેસ્ટ કરાવ્યા બાદ એક સ્ત્રીના રિપોર્ટ માં “લોટસ ઓફ વેઈન બ્લોકેજીસ” આવતા પરિવાર વાળા મુંઝાયા હતા પણ આ સ્ત્રી એ હાર માન્યા વગર ફરી બધા હાર્ટ ને સબંધિત ટેસ્ટ સરકારી હોસ્પિટલ માં કરાવતા રિપોર્ટ નોર્મલ એટલે તાત્કાલિક ઓપરેશન ટાળ્યું ને દવા ના પ્રિસ્ક્રિપ્શન થી નિદાન થયું.“મેડિકલેમ” એ સગવડતા છે પણ આ સગવડતા નો લાભ દર્દી કરતા મલ્ટી સ્પેશિયલિસ્ટ પ્રાઈવેટ હોસ્પિટલો વધારે ઉઠાવવા લાગી છે. માન્યું કે ભારત ની ફાર્મા કંપની વિશ્વ માં ડંકો બજાવી રહી છે પરંતુ એનો મતલબ એતો નથી કે એનો ભોગ આમ જનતા બને.મેડિકલ ક્ષેત્રે “મેડિકલેમ” નામના બિઝનેસ ની અસર નીચે લાખો કરોડો લોકો ફસાઈ ને પરેશાન છે. દર વર્ષે મેડિકલેમ નું ૫૦૦૦૦ થી વધારે પેટ કાપી પ્રીમિયમ ભરવા છતાંય અંતે એ પ્રીમિયમ જ મોત નું કારણ બની જતું હોય છે. તાજેતર ના ઉદાહરણ: એક વ્યક્તિ એ ૭૫લાખ નો મેડિકલેમ ઉતરાવ્યો હતો ને એના હિસાબે નિયમિત પ્રીમિયમ પણ ભર્યા કરતો હતો. અચાનક એ માણસ ની કિડની ખરાબ થઈ જતા ડોક્ટરે કિડની ફેલ રિપોર્ટ આપી ને બદલવાનું સૂચન કર્યું. ડોક્ટર ની સલાહ અનુસાર એ માણસ એ ઓપરેશન કરાવી ને નવી કિડની તો બદલાવી નાખી પણ પંદર દિવસ બાદ અચાનક નવી કિડની ફેલ થઈ જતા એ કોમા માં સરી પડ્યો.શું દર્દી ના શરીર માં નવી કિડની નાખતા પહેલા સ્પેશિયલિસ્ટ એ ટેસ્ટ વગેરે કર્યા નહી હોય? વર્તમાન માં આ ભાઈ છેલ્લા છ સાત મહિના થી આઈ,સી.યુ માં જીવન અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. નિર્ભર સરકારી તંત્રની રહેમ રાહ હેઠળ “મેડિકલેમ” ના માધ્યમ થી પ્રાઈવેટ મલ્ટી સ્પેશિયલિસ્ટ હોસ્પિટલો ની અધધ કમાણી નો વેપલો વધ્યો છે.આ પ્રકાર ની હોસ્પિટલો એ જીવતા માણસ પર પ્રયોગ કરીને એક પ્રકારે પ્રયોગશાળા બની ચૂકી છે.માણસ બચી જાય એ લાલસા માં પરિવાર લોકોની પેપર માં સહમતિ સહી બાદ ડોક્ટરો ના પ્રયોગો માં બે વસ્તુ થાય છે એક લોકો જીવ ગુમાવે અને બીજું લાઈફ ટાઈમ કોમા માં પસાર કરે છે. માન્યું કે ભારતમાં વસ્તી વધારે છે પણ એનો મતલબ એતો નથી કે પ્રયોગ શાળા સમાન હોસ્પિટલો આટલી હદે નિર્દય બની જાય.એક ખુશખુશાલ પરિવાર માટે તો એનું સદસ્ય લાઈફ લાઈનર હોય છે. અમેરિકા,કેનેડા વગેરે જેવા ભારત ને બાદ કરતા દેશો માં મેડિકલેમ પોલિસી અને ફૂડ&ડ્રગ વિભાગ પર સરકાર ના નિયમો ખૂબ કડક છે એટલે તો આ બધા દેશોમાં લોકોના આરોગ્ય કે સારવાર સાથે ચેડા કરી શકાતા નથી. ત્યાંની સરકાર સચેત છે એટલે તો ત્યાં બેત્રણ દિવસે ડોક્ટર ની એપોઈમેન્ટ મળ્યા બાદ પણ દર્દી હાર્ટ એટેક માં મૃત્યુ પામતો નથી કે કોમા માં જતો નથી. મેડિકલેમ પોલિસી લેવા પાછળ નો ઉદ્દેશ્ય ભવિષ્ય માં મોટી બીમારી આવે તો નાણાંકીય સમસ્યા ન થાય.આ ચિંતા ને લીધે લાખો લોકો મેડિકલેમ પોલિસી લેતા હોય છે ને દર વર્ષે ઊંચું પ્રીમિયમ ભવિષ્ય માટે ભરતા હોય છે.વાત સાચી પણ વાર્ષિક પ્રીમિયમની આવક કંપની ને તો થાય છે તો એની સામે વીમા કંપનીઓ એના ગ્રાહકો ને શું લાભ આપે છે? વિચારો એક ગ્રાહક દર વર્ષે ૫૦૦૦૦ પ્રીમિયમ ભરે છે ને એ લાગલગાટ વીસ વર્ષ થી પ્રીમિયમ ભૂલ્યા વગર ભર્યા કરે છે. જો આ ગ્રાહક નું મૃત્યુ નેચરલ થયું તો મેડિકલમ પોલિસી એના રોકેલ રૂપિયા વ્યાજ વગર એના પરિવાર ને કુલ એક કરોડ ચૂકવશે.. મેડિકલેમ એ કોરોના કાળ બાદ મધ્યમ વર્ગીય લોકોની મુખ્ય જરૂરિયાત બન્યો છે એટલે મેડિકલેમ અને મલ્ટી સ્પેશિયલિસ્ટ પ્રાઈવેટ હોસ્પિટલની જુગલ બંધી ને તોડી પાડવા સરકારે એની બંધ આંખો ખોલવાનો સમય આવી ગયો છે.




# સેલ્ફી ક્રેઝમાં હિના ખાનનું સંતુલન ખોરવાયું

ટીવી એક્ટ્રેસ હિના ખાન તાજેતરમાં મુંબઈમાં આયોજિત એક ઇફ્તાર પાર્ટીમાં હાજરી આપવા પહોંચી હતી, જ્યાં તે એક ભયાનક અકસ્માતનો શિકાર થતા બચી ગઈ હતી. સ્ટેજ પર ઉભી રહીને ચાહકો સાથે સેલ્ફી લેતી વખતે હિનાનું સંતુલન બગડ્યું હતું અને તે સ્ટેજની ધાર પરથી નીચે પડવાની જ હતી, પરંતુ ત્યાં હાજર એક વ્યક્તિએ સમયસૂચકતા વાપરી તેનો હાથ પકડી લીધો હતો. 17 વર્ષની લાંબી કારકિર્દી ધરાવતી અને 'અક્ષરા' તરીકે જાણીતી હિના ખાનનો આ વીડિયો સોશિયલ મીડિયા પર તેજીથી વાયરલ થઈ રહ્યો છે. આ ઘટનામાં હિના સુરક્ષિત છે, પરંતુ સેલ્ફી લેતી વખતે રાખવાની સાવચેતી અંગે ફરી એકવાર ચર્ચા જાગી છે.

(એજન્સી) મુંબઈ તા.10

હિના ખાન ટીવી જગતમાં એક મોટું નામ છે. તેણીએ તેના શક્તિશાળી અભિનય દ્વારા ખૂબ જ ખ્યાતિ મેળવી છે અને લોકોના હૃદયમાં એક ખાસ સ્થાન બનાવ્યું છે. તે જ્યાં પણ જાય છે, તે ચાહકોની ભીડને આકર્ષે છે. રમઝાનના પવિત્ર મહિના દરમિયાન, તેણીએ તાજેતરમાં મુંબઈમાં એક ઇફ્તાર પાર્ટીમાં હાજરી આપી હતી. જોકે, કંઈક એવું બન્યું જે તેનાથી બચી ગઈ, જે જીવલેણ બની શકે. જ્યારે હિના પાર્ટીમાં પહોંચી ત્યારે મોટી સંખ્યામાં તેના ચાહકો હાજર હતા. હિના ઉપર સ્ટેજ પર હતી, જ્યારે નીચે મોટી સંખ્યામાં લોકો ઉભા હતા. હિના સ્ટેજ ઉપરથી સેલ્ફી લઈ રહી હતી. તે સ્ટેજની ધાર પર ઢળી ગઈ અને તેનું સંતુલન ગુમાવી દીધું. તેણી પોતાને સંભાળવામાં સફળ રહી. સ્ટેજ પર કોઈએ તેનો હાથ પકડી લીધો, તેને પડતી અટકાવી. નહિંતર, તે સ્ટેજ પરથી પડી શકી હોત, જેના કારણે મોટો અકસ્માત થઈ શકે છે. હિના ખાનનો કારમાંથી ઉતરીને સ્ટેજ પર ચાલવાનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તેના ચાહકો તેને જોઈને ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા હતા. દરેક વ્યક્તિ તેના ફોન પર તેના ફોટા ક્લિક કરી રહ્યા હતા. હિના પણ તેના ચાહકો તરફથી મળેલા પ્રેમથી ખૂબ જ ખુશ દેખાઈ રહી હતી. હિનાએ તેની 17 વર્ષની કારકિર્દીમાં ખૂબ જ લોકપ્રિયતા મેળવી છે. તેણીએ 2009 માં ટીવી શો 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' થી તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ સિરિયલમાં, તેણીએ અક્ષરાની ભૂમિકા ભજવી હતી, જેનાથી તેણી ઘર-ઘરમાં જાણીતી બની હતી. ત્યારબાદ, તેણીએ ટેલિવિઝન અને ફિલ્મો બંનેમાં કામ કરીને ક્યારેય પાછળ વળીને જોયું નથી. તેણી 'બિગ બોસ' અને 'ખતરોં કે ખિલાડી' જેવા ટીવી શોમાં પણ દેખાઈ છે. હિના ખાનના સોશિયલ મીડિયા પર પણ મજબૂત ફેન ફોલોઇંગ છે, જેના ઈન્સ્ટાગ્રામ પર લગભગ 20 મિલિયન ફોલોઅર્સ છે. હિના તેની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેના ચાહકો સાથે જોડાયેલી રહે છે.

## હર્ષવર્ધન રાણે, તાન્યાની ફોર્સ થ્રીનું શૂટિંગ ગુજરાતમાં શરૂ



મુંબઈ : જોન અબ્રાહમની 'ફોર્સ થ્રી'નું શૂટિંગ હાલ શરુ થયું છે. અત્યારે હર્ષવર્ધન રાણે તથા તાન્યા માનિકતલાએ ગુજરાતનાં લોકેશન્સ પર શૂટિંગ શરુ કરી દીધું છે. જોન પોતે ટૂંક સમયમાં આ શૂટિંગમાં સામેલ થશે. ફિલ્મનું શૂટિંગ ગયાં વર્ષથી જ શરુ થઈ જવાનું હતું પરંતુ તે કોઈને કોઈ કારણોસર ઠેલાતું રહ્યું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન ભાવ ધુલિયા કરી રહ્યો છે. ભાવ ધુલિયાએ આ પહેલા વેબ સીરીઝ 'ખાકી : ધ બિહાર ચેપ્ટર'નું દિગ્દર્શન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, જોન અબ્રાહમની 'ફોર્સ'ર્ ફિલ્મ ૨૦૧૧ અને 'ફોર્સ ટુ' ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. હવે ૧૦ વર્ષ પછી ફિલ્મનો ત્રીજો ભાગ આવી રહ્યો છે.

## સની અને પ્રીતિની ફિલ્મનું ટાઈટલ બદલીને બટવારા 1947 કરાયું



### આમિરને લાહોર 1947 ટાઈટલથી વિવાદનો ડર લાગ્યો

મુંબઈ : આમિર ખાનની પ્રોડક્શન કંપનીએ રાજ કુમાર સંતોષીનાં દિગ્દર્શન હેઠળ બનાવેલી ફિલ્મ 'લાહોર ૧૯૪૭'નું ટાઈટલ બદલવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ ફિલ્મ અસગર વજાહતનાં પ્રસિદ્ધ નાટક 'જિસ લાહોર નહિ દેખ્યા વો જન્મ્યા હિ નહિ' પર આધારિત છે. જોકે, આમિર ખાનને ડર લાગ્યો હતો કે હાલના રાજકીય માહોલમાં પોતે પાકિસ્તાનનાં શહેરનું નામ ટાઈટલમાં હોય તેવી ફિલ્મ રજૂ કરશે તો નેગેટિવ પબ્લિસિટી થઈ શકે છે. આથી તેણે ફિલ્મનું ટાઈટલ બદલીને 'બટવારા ૧૯૪૭ કરી નાખ્યું છે. આ ફિલ્મ લાંબા સમયથી તૈયાર હોવાનું કહેવાય છે. જોકે, આમિર ખાને તેની કુટેવ મુજબ ફિલ્મનાં સર્જનમાં વારંવાર દખલ કરતાં તેના અને રાજકુમાર સંતોષી વચ્ચે તથા તેના અને સની દેઓલ વચ્ચે મતભેદો પણ સર્જાયા હોવાનું કહેવાય છે. તેના કારણે ફિલ્મનાં કેટલાંક દ્રશ્યોનું રિશૂટ પણ કરવું પડયું હોવાનું કહેવાય છે. આ ફિલ્મ દ્વારા વર્ષો પછી પ્રીતિ ઝિન્ટા મોટા પડદે પાછી ફરી રહી છે. આ ઉપરાંત વર્ષો બાદ સની દેઓલ ફરી રાજકુમાર સંતોષીનાં દિગ્દર્શન હેઠળ કામ કરી રહ્યો છે.

## "વેલકમ ટુ ધ જંગલ" ના ભાગ 4 ની તૈયારીઓ રિલીઝ થાય તે પહેલાં જ શરૂ થઈ ગઈ છે, નિર્માતાએ રહસ્ય જાહેર કર્યું છે

(એજન્સી) મુંબઈ તા.10

વેલકમ 4: અક્ષય કુમારની 'વેલકમ ટુ ધ જંગલ' હજુ સુધી રિલીઝ પણ થઈ નથી, અને નિર્માતાઓ પહેલાથી જ તેના ચોથા ભાગ માટે તૈયારી કરી રહ્યા છે. નિર્માતાએ 'વેલકમ 4' ની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે ફિલ્મની સ્ક્રિપ્ટિંગ અદ્યતન તબક્કામાં છે. 'વેલકમ 4' ચાહકો માટે ખૂબ જ ખાસ રહેશે, કારણ કે પહેલા ભાગના ત્રણ પ્રતિષ્ઠિત પાત્રો, મજનુ ભાઈ, ઉદય શેટ્ટી અને ડોક્ટર ઘુંઘરુ ફરી એક સાથે જોવા મળશે. 'વેલકમ 4' પર ફિરોઝ નડિયાદવાલાએ: અક્ષય કુમાર પાસે આ વર્ષે ઘણી ફિલ્મો છે, જેમાં 'ભાગમ ભાગ 2', 'ફિર હેરા ફેરી 3', 'હૈવાન', 'ભૂત બાંગ્લા' અને 'વેલકમ ટુ ધ જંગલ'નો સમાવેશ થાય છે. અક્ષય કુમારની મલ્ટી-સ્ટારર ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ',





'વેલકમ ટુ ધ જંગલ' નો ત્રીજો ભાગ આ વર્ષે જૂનમાં રિલીઝ થશે. અહેવાલો સૂચવે છે કે શૂટિંગ લગભગ પૂર્ણ થઈ ગયું છે, ફક્ત એક ગીત બાકી છે. ચાહકો 'વેલકમ ટુ ધ જંગલ' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, ત્યારે નિર્માતાઓએ ફ્રેન્ચાઈઝના ચોથા ભાગની પુષ્ટિ કરી છે. આ સમાચારે વેલકમ ફ્રેન્ચાઈઝના ચાહકોમાં ઉત્સાહને વધુ વેગ આપ્યો છે. નિર્માતા ફિરોઝ નડિયાદવાલાએ પોતે 'વેલકમ 4' ની પુષ્ટિ કરી છે અને ચોથા ભાગ પર કામ શરૂ થઈ ગયું છે. 2007 માં રિલીઝ થયેલી 'વેલકમ' નું દિગ્દર્શન અનીસ બઝમી દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં અક્ષય કુમાર, પરેશ રાવલ, અનિલ કપૂર અને નાના પાટેકર અભિનય કર્યો હતો. બઝમીએ તેની સિક્વલ 'વેલકમ બેક' નું પણ દિગ્દર્શન કર્યું હતું, જેમાં પરેશ રાવલ, અનિલ કપૂર અને નાના પાટેકરે ફરીથી તેમની ભૂમિકાઓ ભજવી હતી. જોકે, અક્ષય કુમાર બીજા ભાગમાંથી ગેરહાજર રહ્યા હતા. અહેમદ ખાન દ્વારા દિગ્દર્શિત ત્રીજા ભાગ 'વેલકમ ટુ ધ જંગલ' માં, અક્ષય કુમાર વાપસી કરનારા કલાકારો સાથે ફ્રેન્ચાઈઝમાં પાછા ફરે છે.નિર્માતા ફિરોઝ નડિયાદવાલાએ લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝના ચોથા ભાગ, વેલકમનું શૂટિંગ શરૂ કરી દીધું છે. મીડિયા સાથે વાત કરતા, નિર્માતાએ કહ્યું, 'અમે સ્ક્રિપ્ટિંગના અદ્યતન તબક્કામાં છીએ અને અમે તમને શક્ય તેટલી વહેલી તકે જણાવીશું. જોકે, હું કહી શકું છું કે અમે જે સંગીત અને એક્શનનું આયોજન કરી રહ્યા છીએ તે વિશાળ હશે. અમે એક બહુ-સાંસ્કૃતિક સંગીતની કલ્પના કરી છે, જેમાં મધ્ય પૂર્વ, આફ્રિકા, યુએસએ અને ચીન જેવા ખંડોના લોકોને એકસાથે લાવવામાં આવશે.

## રણવીર સિંહની ફિલ્મે રિલીઝ પહેલા કરોડોની કમાણી કરી 'પુષ્પા-2'નો તોડયો રેકોર્ડ



(એજન્સી) મુંબઈ તા.10

રણવીર સિંહની 'ધુરંધર 2' ફિલ્મ શરૂઆતના દિવસે જ બોક્સઓફિસ પર ટંકશાળ પાડશે તેવું અત્યારે લાગે છે. 'ધુરંધર 2: ધ રિવેન્જ' ફિલ્મ 19 માર્ચના રોજ સિનેમાઘરમાં રિલીઝ થશે. રણવીરની આ ફિલ્મે રિલીઝ પહેલા જ જોરદાર તબાહી મચાવી છે. ફક્ત ભારતમાં જ નહીં વૈશ્વકિ સ્તરે પણ 'ધુરંધર 2'નું બમ્પર એડવાન્સ બુકિંગ થઈ રહ્યું છે. આ ફિલ્મે દક્ષિણ ભારતીય અભિનેતા અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા-2'નો રેકોર્ડ તોડયો. અત્યાર સુધી, ફક્ત 'ધુરંધર 2' ફિલ્મનું ટીઝર અને ટ્રેલર રિલીઝ થયું છે, ફિલ્મનું એડવાન્સ બુકિંગ શરૂ થયું નથી પરંતુ ચર્ચા એવી છે કે ફિલ્મે રિલીઝ પહેલા કરોડોની કમાણી કરી લીધી. રણવીર સિંહ અને ડાયરેક્ટર આદિત્ય ધરની જોડીએ બોક્સ ઓફિસ પર ભૂકંપ લાવી દીધો છે. નિર્માતાઓએ 18 માર્ચે પેઈડ પ્રીવ્યુ માટે બુકિંગ શરૂ થવાની જાહેરાત કરતા જ, 'ધુરંધર 2' જોવા માટે લોકોની લાંબી કતાર લાગી ગઈ. ફિલ્મ 19 માર્ચ 2026 ના રોજ રિલીઝ થવાની છે, પરંતુ તેના એક દિવસ પહેલા એટલે કે 18 માર્ચના રોજ રાખવામાં આવેલા પેઈડ પ્રીવ્યુ માટે જે રીતે બુકિંગ થઈ રહ્યું છે, તે જોઈને ટ્રેડ એનાલિસ્ટ્સ પણ આશ્ચર્યચકિત છે. મીડિયા અહેવાલ અનુસાર ધુરંધર 2 એ પેઈડ પ્રીવ્યૂ એડવાન્સ બુકિંગથી 15.63 કરોડ (આશરે $1.56 બિલિયન) ની કમાણી કરી છે. 8,005 થી વધુ શો બુક થયા છે, જેમાં 280,563 ટિકિટ વેચાઈ છે. પેઈડ પ્રીવ્યૂ માટે એડવાન્સ બુકિંગ બધી ભાષાઓમાં ચાલુ છે, જે 18 માર્ચે સાંજે 5 વાગ્યાથી શરૂ થાય છે. જોકે, ફિલ્મને હિન્દીમાં સૌથી વધુ પ્રતિસાદ મળી રહ્યો હોય તેવું લાગે છે. જોકે, કર્ણાટકમાં આવક 3 કરોડ (આશરે $4 કરોડ) અને મહારાષ્ટ્રમાં લગભગ 4 કરોડ (આશરે $1.5 મિલિયન) ને વટાવી ગઈ છે. તેલંગાણા અને દિલ્હીમાં પણ ફિલ્મને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મના પ્રીમિયર શો માટે ભારતમાં 2,37,323 થી વધુ ટિકિટો વેચાઈ ગઈ છે. આ સાથે, એડવાન્સ બુકિંગની કુલ સ્થાનિક કમાણી રૂ. 13.75 કરોડ થઈ છે. દરમિયાન, બ્લોક કરેલી બેઠકોનો સમાવેશ થાય ત્યારે આ સંખ્યા વધીને રૂ. 19.46 કરોડ થઈ જાય છે. આ જાસૂસી થ્રિલર ફિલ્મ પવન કલ્યાણની 'OG' દ્વારા કુલ 25 કરોડ રૂપિયાની કમાણી સાથે સૌથી વધુ કમાણી કરનાર પેઈડ પ્રીવ્યૂનો બોક્સ ઓફિસ રેકોર્ડ તોડવાની ક્ષમતા ધરાવે છે.

## Manyavar અને Moheyની નવી કેમ્પેઇનમાં વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદન્ના સાથે

એથનિક વેર બ્રાન્ડ Manyavar અને Mohey એ અભિનેતા વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદન્ના સાથે નવી કેમ્પેઇન શરૂ કરી છે. Prachar Communications દ્વારા ડિઝાઇન કરાયેલી આ પહેલ મોમેન્ટ માર્કેટિંગનો લાભ લઈને લગ્નની સીઝન સાથે જોડાય છે.

(એજન્સી) મુંબઈ તા.10

એથનિક વેર બ્રાન્ડ Manyavar અને Moheyએ અભિનેતા વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદન્નાને લઈને નવી કેમ્પેઈન રજૂ કરી છે. આ કેમ્પેઈન Prachar Communications દ્વારા ડિઝાઈન અને અમલમાં મુકાઈ છે. મોમેન્ટ માર્કેટિંગ પર આધારિત આ પહેલ બંને અભિનેતાઓની લોકપ્રિય જોડી પ્રત્યે દર્શકોમાં રહેલી ઉત્સુકતાનો લાભ લે છે અને ભારતના લગ્નના પીક સીઝન સાથે તેને જોડે છે. આ કેમ્પેઈન ખૂબ જ ઓછા સમયમાં તૈયાર કરવામાં આવી હતી. Prachar Communications અને Manyavar વચ્ચેના લાંબા સમયના સહયોગને કારણે માત્ર થોડા દિવસોમાં જ આ પ્રોજેક્ટને આકાર આપવામાં આવ્યો. કેમ્પેઈન હાલમાં ડિજિટલ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લોન્ચ કરવામાં આવી છે અને તેને આગળ વધારવા માટે સિનેમા, પ્રિન્ટ અને આઉટડોર મીડિયા દ્વારા પણ પ્રચાર કરવાની યોજના છે. આ અભિયાનમાં સેલિબ્રિટી હાજરી સાથે આધુનિક લગ્નના ઉત્સવને કેન્દ્રમાં રાખીને સ્ટોરીટેલિંગ રજૂ કરવામાં આવ્યું છે. Prachar Communications અનુસાર, આખી કેમ્પેઈન માત્ર ત્રણ દિવસમાં કન્સેપ્ચ્યુઅલાઇઝ અને અમલમાં મૂકાઈ હતી. Manyavar સાથેના દાયકાથી વધુ સમયના સહકારને કારણે નિર્ણય પ્રક્રિયા અને સમન્વય ઝડપી બન્યો, જેના કારણે આ ઝડપી અમલ શક્ય બન્યો.

### 300 મિલિયનથી વધુ વ્યૂઝ પાર

કેમ્પેઈન લોન્ચ થયા પછીના થોડા જ દિવસોમાં તેને ઑનલાઈન ભારે પ્રતિસાદ મળ્યો છે. વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદન્નાની સહયોગી પોસ્ટે Instagram પર માત્ર 72 કલાકમાં જ 100 મિલિયનથી વધુ વ્યૂઝ મેળવી લીધા અને 8 મિલિયનથી વધુ ઓર્ગેનિક લાઈક્સ પ્રાપ્ત કર્યા. તમામ પ્લેટફોર્મ પર મળીને આ કેમ્પેઈન અત્યાર સુધી 300 મિલિયનથી વધુ વ્યૂઝ પાર કરી ચૂકી છે અને 250 મિલિયનથી વધુ યુઝર્સ સુધી પહોંચી છે. એન્ગેજમેન્ટ મેટ્રિક્સ મુજબ, કેમ્પેઈને 4 લાખથી વધુ શેર, લગભગ 65,000 રીપોસ્ટ અને 29,500થી વધુ કોમેન્ટ્સ પ્રાપ્ત કરી છે. વિવિધ પ્લેટફોર્મ પર એન્ગેજમેન્ટ રેટ અંદાજે 7થી 8 ટકા વચ્ચે નોંધાયો છે.

### વિજય અને રશ્મિકાની હાજરીએ આ અભિયાનને વધુ ઉત્સાહ જનક બનાવ્યું

Prachar Communicationsના ડિરેક્ટર રક્ષિત જૈનએ જણાવ્યું હતું કે માત્ર ત્રણ દિવસમાં આવી મોટી કેમ્પેઈન સફળતાપૂર્વક પૂર્ણ કરવી એક પડકારજનક કામગીરી હતી. તેમણે કહ્યું કે Manyavar સાથેના લાંબા સમયના વિશ્વાસ અને સ્પષ્ટતા કારણે ટીમ ઝડપથી કામ કરી શકી અને વિજય દેવરાકોંડા તથા રશ્મિકા મંદન્નાની હાજરીએ આ અભિયાનને વધુ ઉત્સાહજનક બનાવ્યું.

## Hera Pheri 3 અને Bhagam Bhag 2, અક્ષય કુમારની આ મોટી સિક્વલ ફિલ્મો મુશ્કેલીમાં મુકાઈ?

**વર્ષ 2025માં અક્ષય કુમારની 4 ફિલ્મો હિટ ગઈ. 'ખિલાડી' ગયા વર્ષની જેમ આ વર્ષે પણ બેક-ટુ-બેક ફિલ્મો માટે તૈયાર છે, પરંતુ કેટલીક ગૂંચવણને કારણે અક્ષયની ફિલ્મોની રિલીઝ અટકી પડી છે.**



(એજન્સી) મુંબઈ તા.10

બોલીવુડમાં ખિલાડી તરીકે લોકપ્રિય થયેલા અભિનેતા અક્ષય કુમાર આ વર્ષે પણ નવી ફિલ્મોને લઈને તૈયાર છે. વર્ષ 2025માં અક્ષય કુમારની 4 ફિલ્મો હિટ ગઈ. 'ખિલાડી' ગયા વર્ષની જેમ આ વર્ષે પણ બેક-ટુ-બેક ફિલ્મો માટે તૈયાર છે, પરંતુ તેની ચર્ચિત સિક્વલ ફિલ્મો કાયદાકીય ગૂંચવણોમાં ફસાઈ ગઈ છે. અક્ષયના ફેન્સ માટે આ માઠા સમાચાર કહી શકાય. ખાસ કરીને 'ભાગમ ભાગ 2' અને 'હેરા ફેરી 3'ને લઈને લોકોમાં ઉત્સુકતા છે ત્યારે અક્ષયની આ ફિલ્મો રિલીઝને લઈને મુશ્કેલીમાં મુકાઈ છે.

### અક્ષયની 2 મોટી ફિલ્મો રિલીઝ પહેલા મુશ્કેલીમાં

અક્ષય કુમારની સૌથી વધુ ચર્ચામાં રહેલી 'ભાગમ ભાગ 2' હાલ કાયદાકીય વિવાદોના વમળમાં ફસાઈ છે. અહેવાલો અનુસાર, નિર્માતા એકતા કપૂર અને દિગ્દર્શક રાજ શાંડિલ્ય વચ્ચે ચાલી રહેલી કાનૂની લડાઈને કારણે ફિલ્મનું કામ અટકી પડ્યું છે. તેના ચાહકો 'ભૂત બાંગ્લા' દ્વારા પ્રિયદર્શન અને અક્ષયની જોડીને ફરી સાથે જોવા આતુર છે. આ ઉપરાંત તેની 'હેરા ફેરી 3' પહેલાથી જ અટકી ગઈ છે. 'ભાગમ ભાગ 2' ફિલ્મનું શૂટિંગ જે મૂળ માર્ચ મહિનામાં શરૂ થવાનું હતું, તે હવે ઓગસ્ટ 2026 સુધી પાછળ ધકેલાઈ ગયું છે. અક્ષય કુમારે માર્ચ-એપ્રિલ માટે તેની તારીખો ફાળવી હતી, પરંતુ હવે પ્રોડક્શન લોજિસ્ટિક્સ અને વિવાદોને કારણે ટીમે આખું શિડ્યુલ વર્ષના બીજા ભાગમાં રી-શિડ્યુલ કરવું પડશે.

### આ વર્ષે ખિલાડી શું 4 ફિલ્મો આપશે

અક્ષયની આ બ્લોકબસ્ટર ફ્રેન્ચાઈઝીની સિક્વલને જાણો ગ્રહણ લાગ્યું તેવી સ્થિતિ સર્જાઈ છે. આ વિવાદો વચ્ચે અક્ષય કુમાર પાસે 'હૈવાન' અને 'વેલકમ ટુ ધ જંગલ' જેવા બીજા મોટા પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે. ઈન્ડસ્ટ્રીના સૌથી વ્યસ્ત અભિનેતા અક્ષય કુમાર માટે ગત વર્ષ સરેરાશ રહ્યું હતું. તેની ચાર ફિલ્મો રિલીઝ થઈ, જે ભલે બ્લોકબસ્ટર ન રહી, પણ ફ્લોપની યાદીમાં પણ નહોતી.

## આનંદ પંડિત અને વૈશલ શાહ ની નવી ગુજરાતી ફિલ્મનું શુટીંગ શરૂ

આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જન્નોક ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત નવી ગુજરાતી ફિલ્મનું મુહૂર્ત સંપન્ન. રોનક અને મિત્ર સ્ટારર આ ફિલ્મ માણસ અને શ્વાન વચ્ચેના અતૂટ સંબંધની વાર્તા છે.

(એજન્સી) મુંબઈ તા.10

આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જન્નોક ફિલ્મ્સ દ્વારા રજૂ થતી નવી ગુજરાતી ફિલ્મ નું મુહૂર્ત કાર્યક્રમ ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ ભવ્ય રીતે યોજાયો. આ પ્રસંગે મનોરંજન જગતના બહુમુખી ગ્લેમરસ કલાકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ ફિલ્મમાં ખ્યાતનામ કલાકાર રોનક કામદાર, મિત્ર ગઢવી, તત્સત મુન્શી, ચેતન દૈયા જોવા મળશે. ફિલ્મનું રિલીઝિંગ રક્ષાબંધનના શુભ અવસર પર નિર્ધારિત છે. આ ફિલ્મ માનવ અને શ્વાન વચ્ચેના અવિનાશી સંબંધને આધુનિક પરીકથા સ્વરૂપે રજૂ કરે છે. શ્વાન માત્ર પાળતુ પ્રાણી નથી, પરંતુ રક્ષક, સાથી અને નિસ્વાર્થ પ્રેમનું પ્રતિક છે. ફિલ્મ આ જ બોન્ડને મજેદાર, ભાવનાત્મક અને ક્વર્કી પરીકથા સ્વરૂપે રજૂ કરે છે. નવી ફિલ્મના મુહૂર્ત પ્રસંગે આનંદભાઈ એ જણાવ્યું કે "આ મુહૂર્ત સાથે અમારો પ્રયાસ એક એવી પારિવારિક ફિલ્મ બનાવવાનો છે જે પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ અને પરિવારમાં તેમના મહત્વને સુંદર રીતે રજૂ કરે. એક નિર્માતા તરીકે મને આનંદ છે કે આપણી પ્રાદેશિક સંસ્કૃતિ હવે વૈશ્વિક સ્તરે પોતાની નવી ઓળખ ઊભી કરી રહી છે."ફિલ્મના નિર્માતા વૈશલભાઈ વધુમાં જણાવ્યું કે "જન્નોક ફિલ્મ્સ હંમેશા એવી વાર્તાઓ કહેવામાં માને છે જે સીધી યુવા પેઢી તથા પરિવારના સભ્યોના દિલ સાથે જોડાય. આ ફિલ્મમાં અમે એક સાવ અલગ અને અત્યાર સુધી વણખેડાયેલા વિષયને ગુજરાતી પડદા પર લાવવાનો પ્રયાસ કર્યો છે. આ ફિલ્મ માત્ર મનોરંજન નથી, પરંતુ આપણા જીવનમાં જે મૂંગા જીવો સાચો અને નિસ્વાર્થ પ્રેમ લાવે છે, તેની ઉજવણી છે. એક પ્રોડ્યુસર તરીકે મને ગર્વ છે કે અમે નિર્દેશક પાર્થ ત્રિવેદી અને રોનક-મિત્ર જેવા ટેલેન્ટેડ કલાકારો સાથે મળીને કંઈક એવું સર્જન કરી રહ્યા છીએ જે રક્ષાબંધનના તહેવાર પર પરિવારોને સિનેમા સુધી ખેંચી લાવશે.



# BCCI એ વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયા માટે મોટી જાહેરાત કરી




(એજન્સી) નવી દિલ્હી । તા. 10

T20 વર્લ્ડ કપ 2026 માં ભારતની સતત બીજી ટાઇટલ જીત બાદ, BCCI એ ટીમને એક મહત્વપૂર્ણ સન્માન આપ્યું છે. બોર્ડે ટીમ ઈન્ડિયા માટે રોકડ ઈનામની જાહેરાત કરી છે. ટીમે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઈનલમાં ન્યુઝીલેન્ડને 96 રનથી હરાવ્યું. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન, ટીમે વિસ્ફોટક બેટિંગ, મજબૂત બોલિંગ અને ઉત્તમ ફિલ્ડિંગનું પ્રદર્શન કર્યું, જેમાં સંજુ સેમસન, જસપ્રીત બુમરાહ અને અન્ય ખેલાડીઓએ મુખ્ય ભૂમિકા ભજવી. પરિણામે, ટીમને રેકોર્ડબ્રેક ઈનામી રકમ મળવાની તૈયારી છે. BCCI એ ટીમ ઈન્ડિયા માટે 131 કરોડની ઈનામી રકમની જાહેરાત કરી છે. આ રકમ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ, સપોર્ટ સ્ટાફ અને અન્ય સભ્યોમાં વહેંચવામાં આવશે, જે અત્યાર સુધીની સૌથી મોટી ઈનામી રકમ હશે. BCCI એ છેલ્લે 2024 ની આવૃત્તિ માટે 125 કરોડની ઈનામી રકમની જાહેરાત કરી હતી, પરંતુ આ વખતે ઈનામી રકમમાં 6 કરોડનો વધારો કરવામાં આવ્યો છે. ટીમ ઈન્ડિયાએ આ બે ટુર્નામેન્ટ વચ્ચે 2025 માં ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી હતી. તે પછી પણ, BCCI એ 58 કરોડ આપ્યા હતા. આ ઈનામી રકમ ICC તરફથી મળેલી ઈનામી રકમથી અલગ છે. ICC એ કુલ ઈનામી રકમમાંથી ચેમ્પિયન ટીમને $3 મિલિયન (આશરે 27.5 કરોડ) આપ્યા હતા. રનર-અપ ન્યુઝીલેન્ડને $1.6 મિલિયન મળ્યા હતા. જોકે, BCCI દ્વારા ખેલાડીઓને આપવામાં આવેલું આ બોનસ ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સૌથી મોટા ટીમ બોનસમાંનું એક છે. આ ઈનામી રકમ ખેલાડીઓને ભવિષ્યમાં મોટી ટુર્નામેન્ટ જીતવા માટે પ્રેરિત કરશે. ટીમ ઈન્ડિયાએ T20 વર્લ્ડ કપ 2026 માં પ્રભુત્વ મેળવ્યું. ભારતીય ટીમને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ફક્ત એક જ હારનો સામનો કરવો પડ્યો. ટીમ ઈન્ડિયાએ ગ્રુપ સ્ટેજમાં સતત ચાર મેચ જીતીને સુપર 8 માં સ્થાન મેળવ્યું. જોકે, તેઓ દક્ષિણ આફ્રિકા સામે સુપર 8 માં તેમની પહેલી મેચ હારી ગયા. આ હાર બાદ, ભારતીય ટીમ વિજયી માર્ગે પાછી ફરી, ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝને હરાવીને સેમિફાઈનલમાં પહોંચી. ત્યારબાદ તેઓએ ઈંગ્લેન્ડને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો.

## IPL 2026 માં પાકિસ્તાનના ભૂતપૂર્વ કોચનો પ્રવેશ, ગુજરાત ટાઇટન્સે માસ્ટરસ્ટ્રોક રમ્યો



(એજન્સી) નવી દિલ્હી । તા. 10

IPL 2026 માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. લીગની 19મી આવૃત્તિ 28 માર્ચથી શરૂ થવાની છે. આ પહેલા, ગુજરાત ટાઇટન્સે તેમના કોચિંગ સ્ટાફમાં મોટો ફેરફાર કર્યો છે. ગુજરાત ટીમે એક નવો બેટિંગ કોચ મેળવ્યો છે. આ જવાબદારી એક ઓસ્ટ્રેલિયન અનુભવી ખેલાડીને સોંપવામાં આવી છે જેણે પાકિસ્તાની ટીમ સાથે કામ કર્યું છે અને IPLમાં પણ રમી ચૂક્યા છે. ગુજરાત ટાઇટન્સે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન બેટ્સમેન મેથ્યુ હેડનને ટીમના બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. હેડનનું કારકિર્દી શાનદાર રહ્યું છે. તેમણે ઓસ્ટ્રેલિયા માટે 273 આંતરરાષ્ટ્રીય મેચ રમી, 15,000 થી વધુ રન બનાવ્યા. તેઓ ઘણી ICC ટુર્નામેન્ટ જીતનારી ટીમોનો પણ ભાગ હતા. તેમણે IPLમાં 32 મેચ પણ રમી. હવે, તેઓ કોચ તરીકે IPLમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. ગુજરાત ટાઇટન્સના ક્રિકેટ ડિરેક્ટર વિક્રમ સોલંકીએ મેથ્યુ હેડનની બેટિંગ કોચ તરીકે નિમણૂક કરવાના નિર્ણય પર ટિપ્પણી કરતા કહ્યું, 'મેથ્યુ હેડનની નિમણૂક અમારી સફરના નિર્ણાયક તબક્કે આવી છે. ફ્રેન્ચાઇઝ તરીકે, અમે સતત અમારા ક્રિકેટ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. ઉચ્ચતમ સ્તર પર તેમનો અનુભવ અને ઉભરતી પ્રતિભાને માર્ગદર્શન આપવાની તેમની ક્ષમતા, આગામી સિઝનમાં અમારા બેટ્સમેનોને ખૂબ ફાયદાકારક રહેશે.' મેથ્યુ હેડન પાસે કોચિંગનો વધુ અનુભવ નથી. જોકે, તેમણે પાકિસ્તાન ટીમ માટે કોચ તરીકે કામ કર્યું છે. T20 વર્લ્ડ કપ 2021 પહેલા, પાકિસ્તાને તેમને બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા હતા. તે દરમિયાન પાકિસ્તાને ભારતને પણ હરાવ્યું હતું.

## T20 વર્લ્ડ કપ જીત્યા બાદ ચાઈનામેન લગ્નના બંધનમાં બંધાશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 10

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર સ્પિનર કુલદીપ યાદવ ટૂંક સમયમાં નવી ઈનિંગ્સ શરૂ કરશે. તે 14 માર્ચ, 2026 ના રોજ વંશિકા સાથે લગ્ન કરશે. રિપોર્ટ મુજબ લગ્ન સમારોહ ઉત્તરાખંડના મસૂરીના સુંદર હિલ સ્ટેશનમાં એક લક્ઝરી રિસોર્ટમાં યોજાશે. એક બાજુ ભારતીય ક્રિકેટ ટીમ ટી20 વર્લ્ડકપની જીત બાદ જશ્નમાં ડુબી છે. આ વચ્ચે એક ગુડ ન્યુઝ સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાનો એક ખેલાડી લગ્નના બંધનમાં બંધાશે. આ ખેલાડીના લગ્નની તારીખ પણ સામે આવી ગઈ છે. ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવ લગ્ન કરવા જઈ રહ્યો છે. કુલદીપ યાદવ બાળપણની મિત્ર વંશિકા સાથે સાત ફેરા લેશે. કુલદીપ યાદવના લગ્નમાં ફક્ત નજીકના સંબંધીઓ અને બંને પરિવારોના લોકો હાજર રહેશે. રિપોર્ટ મુજબ લગ્ન ઉત્તરાખંડના મસૂરીના સુંદર હિલ સ્ટેશનમાં યોજાયા છે. ત્યારબાદ ક્રિકેટર 17 માર્ચના રોજ લખનૌમાં એક રિસ્પેશનનું આયોજન કર્યું છ. આ રિસ્પેશનમાં ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ સહિત બોલિવુડ સ્ટાર અને કેટલાક નેતાઓ પણ આવી શકે છે. તમને જણાવી દઈએ કે, કુલદીપ યાદવની ફિયાન્સી વંશિકા કાનપુરની શ્યામ નગરની રહેવાસી છે. તે એલઆઈસીમાં નોકરી કરે છે. કુલદીપ યાદવ અને વંશિકા બાળપણથી એકબીજાને ઓળખે છે. ધીમે ધીમે તેની મિત્રતા પ્રેમમાં પરિવર્તિત થઈ .4 જૂન 2025ના રોજ લખનૌમાં બંન્નેએ સગાઈ કરી હતી. ટી20 વર્લ્ડકપ 2026માં કુલદીપ યાદવને વધારે રમવાની તક મળી ન હતી. તેમણે માત્ર 1 મેચ માટે પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો હતો. આ મેચમાં તેમણે 14 રન આપી 1 વિકેટ લીધી હતી અને ટીમની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું હતુ.

## નેશનલ સિલેક્શન ટ્રાયલ્સ ખાતે મનુ ભાકરનું શાનદાર પ્રદર્શન, 10 મીટર એર પિસ્તોલ ફાઈનલ જીતી



(એજન્સી) નવી દિલ્હી । તા. 10

